بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

رَبِّ زِدْنِیْ عِلْمًا وَارْزُقْنِیْ فَهْمًا

રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.

**અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.**


**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૨ ❖ અંક : ૯ ❖ ૧૦, મે—૨૦૧૩
૨૯, જમા.આખર, હિ.સન—૧૪૩૪ ❖ સળંગ અંક : ૩૮૧

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩
વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી એચ. મતિયા
મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ઊઘડતે પાને | ૦૧ |
| કુરઆન શિક્ષણ | ૦૬ |
| અહાદીસ | ૦૮ |
| ગડમથલ | ૧૦ |
| સુપરમેન ઈન ઈસ્લામ : હઝરત ઈમામ જાફર સાદિક (અ.) | ૧૧ |
| નહજુલ અસરાર | ૧૪ |
| અહલે ઝિક્ર-2 | ૧૫ |
| ચમત્કારિક નિશાનીઓ | ૨૫ |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૨૭ |
| નબવી અદાલત | ૨૯ |
| કુરઆન શરીફના ફઝાએલ | ૩૧ |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૪ |
| જો મૈંને પૂછા અલીકા રૂત્બા | ૩૫ |
| મજલિસ : પારિવારિક જીવન વિષે | ૩૭ |
| મશાયખવાણી | ૪૧ |
| શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૩ |
| મીર અનીસના મરસિયા | ૪૫ |
| બ્લોગ | ૫૩ |
| અલ ઈર્શાદ | ૫૫ |
| જ્ઞાનગોષ્ઠિ | ૫૭ |
| આપણા ઘરની વાતો | ૬૩ |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૫ |
| જાફરી પંચાંગ | ૭૨ |


## ઊઘડતે પાને...

આપણા બીજા ઈમામ.

ઈમામ હસન મુજતબા (અ.).

કોઈ પણ ઈમામ જન્મથી જ ઈમામ હોય છે. તેમના માટે ઉંમરનું કોઈ બંધન હોતું નથી. આ બાબતને જાણવા માટે આપણે બીજા ઈમામ, હઝરત ઈમામ હસન મુજતબા (અ.)ના

બાળપણનો એક પ્રસંગ જોઈએ.

અબૂ યાકૂબ યૂસુફ બિન જરાહે પોતાની સનદોની સાથે હુઝૈફા બિન યમાનીથી રિવાયત કરી છે કે એક વખત રસૂલલ્લાહ (સ.) એક પહાડ ઉપર હતા અને મારો ખયાલ છે કે તે કોહે હિરા, વગેરે હતો. આપ (અ.)ની સાથે અબૂબક્ર, ઉમર, ઉસ્માન અને અલી (અ.) તેમજ મુહાજિરીન અને અન્સારની એક જમાઅત હતી અને અનસ પણ મોજૂદ હતા. હુઝૈફા (રઝી.) આપની સાથે વાતો કરી રહ્યા હતા એવામાં હસન બિન અલી (અ.) ધીમે ધીમે ગૌરવવંતી ચાલે આવતા નજરે પડ્યા.

જ્યારે આં હઝરત (સ.)એ તેમને જોયા તો ફરમાવ્યું,

"જિબ્રઈલ (અ.) તેમને આહિસ્તા આહિસ્તા ચલાવી રહ્યા છે અને મીકાઈલ તેમને સાચવીને લાવી રહ્યા છે."

ત્યાર પછી ફરમાવ્યું,

"આ મારો ફરઝંદ છે, તાહિર છે, મારા નફસથી છે, મારી પાંસળીઓમાંથી એક પાંસળી છે, મારો નવાસો છે, મારી આંખોની ઠંડક છે, મારા વાલિદ તેના ઉપર કુરબાન !"

ત્યાર પછી આં હઝરત (સ.) ઊભા થયા અને અમે બધા પણ આપ (સ.)ની સાથે ઊભા થયા. આપ (સ.) હસન (અ.)ને ફરમાવ્યે જતા હતા,

'તું મારા દિલનો મેવો છે, તું મારો પ્યાર છે, મારી જાન છે."

ત્યાર પછી આપ (સ.)એ તેમનો હાથ પકડ્યો અને તેમને સાથે લઈને ચાલ્યા. આપ (સ.)ની સાથે અમે પણ ચાલ્યા અને આવીને એક જગ્યાએ તશરીફ ફરમાવી. અમે બધા પણ આપ (સ.)ની આજુબાજુ બેસી ગયા. અમારી નજરો તો રસૂલલ્લાહ (સ.) ઉપર સ્થિર હતી પરંતુ આપ (સ.) તો સતત હસન (અ.)ની તરફ જોતા રહેતા હતા.

આપ (સ.)એ ફરમાવ્યું,

"આ બાળક મારા પછી હાદી અને મહદી હશે. આ રબ્બુલ આલમીન તરફથી મારા પયગામને જાહેર કરશે અને મારી નિશાનીઓથી લોકોને માહિતગાર કરશે, આ મારી સુન્નતોને જીવતી કરશે અને પોતાના આમાલ અને કાર્યોમાં મારાં કાર્યોનો જિમ્મેદાર હશે. તેના ઉપર અલ્લાહ તઆલાની નજર છે. અલ્લાહ તેના ઉપર રહમ ફરમાવે છે, જેમને તેની માઅરેફત પ્રાપ્ત થયેલી છે, જે તેના મામલામાં મારી સાથે નેકી કરશે, જે તેના બારામાં મારો લિહાઝ અને નિકટતા કરે, અલ્લાહ તઆલા તેના ઉપર રહમ ફરમાવે."

હજુ તો રસૂલ (સ.) પોતાનું કહેવાનું પૂરું પણ કરી રહ્યા નહોતા એવામાં એક એઅરાબી પોતાની લાકડીને ઘસડતો ઘસડતો આવી ગયો.

જ્યારે આં હઝરત (સ.)એ તેને જોયો તો ફરમાવ્યું,

"હવે તમારા લોકોની પાસે એક એવો માણસ આવી રહ્યો છે કે જેની કઠોર વાતચીતથી તમે કંપી જશો. એ તમને બધાને સવાલો કરશે પરંતુ તેની વાણી ખૂબ જ કડવી હશે."

એટલામાં તો પેલો અઅ્રાબી નજીક આવી પહોંચ્યો અને સલામ કર્યા વગર જ બોલવા લાગ્યો,

"તમારા લોકોમાં મોહંમદ કોણ છે?"

અમે કહ્યું,

"તારો શું ઈરાદો છે ?"

આં હઝરત (સ.)એ ફરમાવ્યું,

"તમે તેનાથી દરગુઝર કરો (એટલે કે તેને વાત કરવા દો)."

તેણે કહ્યું,

"અય મોહંમદ ! આના પહેલાં મેં તેમને જોયા નહોતા. અને હું વગર જોયે જ તમારો દુશ્મન હતો પરંતુ હવે તો દુશ્મની વધી ગઈ."

આ સાંભળીને આં હઝરત (સ.) મુશ્કુરાયા પરંતુ અમને લોકોને તો તેના ઉપર સખત ગુસ્સો ચડ્યો હતો અને એવો ઈરાદો થયો કે તેની સાથે કંઇક કરીએ.

પરંતુ આં હઝરત (સ.)એ ઈશારાથી મનાઇ ફરમાવી કે તમે લોકો ખામોશ રહો.

અઅ્રાબીએ કહ્યું,

"અય મોહંમદ ! તમારો ખયાલ એવો છે કે તમે નબી છો અને ભૂતકાળના નબીઓ ઉપર બોહતાન ધરાવો છો, જો કે તમારી પાસે તમારી નબુવ્વતની કોઈ દલીલ નથી."

આપ (સ.)એ ફરમાવ્યું,

"અય અઅ્રાબી ! તને શી ખબર (કે મારી પાસે કોઈ દલીલ છે કે નહીં)?"

તેણે કહ્યું,

"સારું, તમારી દલીલ પેશ કરો."

આપ (સ.)એ ફરમાવ્યું,

"જો તું પસંદ કરતો હોય તો મારા શરીરના ટુકડાઓમાંથી એક ટુકડો દલીલ રજૂ કરે અને તે બાબત જ સૌથી મજબૂત દલીલ હશે."

અઅ્રાબીએ કહ્યું,

"શું શરીરનો ટુકડો પણ વાતચીત કરી શકે છે ?"

આપ (સ.)એ ફરમાવ્યું,

"હા."

પછી ફરમાવ્યું,

"અય હસન ! ઊભા થાઓ."

અઅ્રાબીએ દિલમાં કહ્યું,

"પોતે તો મુકાબલા માટે આવતા નથી અને એક બાળકને મારી સાથે વાત કરવા માટે ઊભો કરી દીધો."

આં હઝરત (સ.)એ ફરમાવ્યું,

"(ગભરાતા નહીં) જે કંઈ તમે પૂછશો, આ બાળક બતાવી દેશે."

એટલામાં હસન (અ.) આગળ વધ્યા અને બોલ્યા,

"અય અઅ્રાબી ! થંભી જા."

(આટલું કહીને આપે કેટલાક શેઅર કહ્યા કે જેનો ભાવાર્થ આ મુજબ છે :)

* *તું કોઈ મંદબુધ્ધિ પુત્ર સાથે સવાલ નહીં કરે પરંતુ જેને તું સવાલ કરીશ તે ફકીહ (ધર્મજ્ઞાતા) અને નખશીખ સાંભળનારો છે અને તું સખત જાહિલ છે.*
* *અને અગર તું જાહિલ હોય તો મારી પાસે જહલના રોગનો ઈલાજ મોજૂદ છે. તું ઈચ્છે તેવો સવાલ કર.*
* *આ એક સમંદર છે કે જે ખતમ થઈ શકતો નથી, આ એ મીરાસ (વારસો) છે કે જે તેને રસૂલ (સ.) પાસેથી મળેલો છે.*
* *તેં ખૂબ વધારે જીભ લાંબી કરી છે અને હિંમત દર્શાવી છે અને હદ ઓળંગી દીધી છે. તેં તારા નફસને ધોખામાં રાખ્યો છે પરંતુ ઈન્શાઅલ્લાહ તઆલા તું અહીંથી ઈમાન લાવ્યા વગર પાછો નહીં જાય.*

આ સાંભળીને એઅ્રાબીએ સ્મિત કર્યું અને કહ્યું,

"સારું, આગળ વધો."

ઈમામ હસન (અ.)એ ફરમાવ્યું,

"સાંભળ, તમે લોકો તમારા ભેગા થવાની જગ્યાએ ભેગા થયા અને વાકેફ ન હોવાની અને જ્ઞાન ન હોવાની બિના પર જે વાતો તમારા લોકોમાં ફેલાયેલી હતી તેની વાતચીત થઈ તો તમે લોકોએ વિચાર કર્યો કે મોહંમદ ફળ વગરના ઝાડની ડાળ છે. તેમની કોઈ આલ ઓલાદ નથી અને સમગ્ર અરબ તેમનું દુશ્મન છે. તેમના ખૂનનો બદલો લેનાર કોઈ ન હશે તેથી તેમને કતલ કરશો તો તમારી કોમ તમને ઈકરામ આપશે. આવું વિચારીને તમે કતલ કરવાનો પાકો ઈરાદો કર્યો અને તમારો નેજો ઉઠાવીને ચાલ્યા તો તમારી આંખોની રોશની ચાલી ગઈ. રસ્તા પર ચાલવાનું મુશ્કેલ થઈ ગયું. એવા ડરથી કે ક્યાંક એ બાબત જાહેર ન થઈ જાય, ગમે તે રીતે અમારી પાસે આવી પહોંચ્યા પરંતુ તમારું આવવું તમારા માટે બહેતર જ (સાબિત) થયું."

ઈમામ હસન (અ.)એ આગળ ફરમાવ્યું,

"હવે હું તમારી સફરની વિગતવાર માહિતી આપું છું, સાંભળો. તમે તમારા ઘેરથી રાતના સમયે નીકળ્યા તો હેતુ બિલકુલ સાફ હતો. એટલામાં જોરદાર હવા ચાલવા લાગી જેના લીધે અંધારું છવાઈ ગયું. વાદળો ઘેરાયાં, વરસાદ વરસવા લાગ્યો. હવે તમે (લકીત બિન ઝરારાના) એ રાતા ઘોડાના જેવા થઈ ગયા (કે જેના વિષે તેણે કહ્યું છે કે) અગર આ આગળ વધે તો નહર (કુરબાની) થઈ જાય અને પાછો ફરીને ભાગે તો તેના પગ કાપી નાખવામાં આવે. તે વખતે ન તો તમને પગે ચાલનારા કોઈ માણસનો પગરવ સંભળાઈ રહ્યો હતો કે ન તો કોઈ આગ રોશન કરનારની ફૂંકોનો અવાજ આવી રહ્યો હતો. ઘનઘોર ઘટાઓ છવાઈ ગઈ. આસમાનના બધા સિતારા છૂપાઈ ગયા. એક સિતારો પણ ન હતો કે જેના આધારે તમે રસ્તાનો અંદાજ લગાવો અને ન તો કોઈ એવી નિશાની હતી કે જેનાથી રસ્તાનો પત્તો મળે.

તમે જાહેર રસ્તાથી હટી ગયા અને એક ખૂબ જ ઊંડી ખીણમાં ઉતરી ગયા. તેમાંથી ઉપર ચઢ્યા તો રસ્તાથી વધારે દૂર થતા ગયા. હવા તમને ઉડાડીને લઇ જઇ રહી હતી, કાંટા વાગી રહ્યા હતા. આંધી ચાલી રહી હતી. વીજળી ચમકી રહી હતી. ટેકરીઓ અને પહાડીઓથી તમને બીક લાગી રહી હતી. ઝાડીઓ (દિલને) કાપી રહી હતી. એકાએક તમે જોયું તો તમે અમારા લોકોની પાસે હતા. હવે તમારી આંખોમાં ખુશી દોડી ગઈ તમારો સઘળો રંજો ગમ દૂર થઈ ગયો."

અઅ્રાબીએ કહ્યું,

"અય સાહબઝાદા ! આપે આ બધું કેવી રીતે બતાવી દીધું ? વળી આ બધું બતાવી દઈને આપે તો મારા દિલના દરવાજાને ખોલી નાખ્યો. એવું લાગે છે કે જાણે આપ એ બધી જ પરિસ્થિતિઓને જોઈ રહ્યા હતા અને મારી કોઈ પણ બાબત આપનાથી છૂપી નથી. જાણે કે આપની પાસે ગેબનું ઈલ્મ છે. સારું, હવે એ બતાવો કે ઈસ્લામ શું છે ?"

ઈમામ હસન (અ.)એ ફરમાવ્યું,

"અલ્લાહુ અકબર, અશહદોઅલ્લા ઈલાહા ઈલ્લલ્લાહ વહદહુ લાશરીક લહુ વ અન્ન મોહંમદન અબ્દોહુ વ રસૂલોહ."

પેલો અઅ્રાબી તરત જ ઈસ્લામ લાવ્યો અને સારો મુસલમાન બની ગયો. આં હઝરત (સ.)એ તેને કુરઆને મજીદની થોડીક તાલીમ આપી.

ત્યાર પછી તેણે અરજ કરી,

"યા રસૂલલ્લાહ (સ.) ! શું હું મારી કોમમાં જઈને તેમને આ બધી વાતો બતાવી દઉં ?"

આં હઝરત (સ.)એ તેને રજા આપી. તે પાછો ગયો. ત્યાર પછી પાછો આં હઝરત (સ.) ની ખિદમતમાં હાજર થયો તો તેની સાથે તેની કોમની એક જમાઅત પણ આવી અને બધા જ લોકો ઈસ્લામના દાયરામાં દાખલ થઈ ગયા.

તેથી જ તો આના પછી જયારે પણ લોકો ઈમામ હસન (અ.)ને જોતા હતા તો કહેતા હતા કે આપ (અ.)ને જે ચીજ અતા કરવામાં આવી છે તે બીજા કોઈને અતા કરવામાં આવી નથી.

(સદર્ભ : બિહારુલ અન્વાર (ઉર્દૂ) જિલ્દ–૯–૧૦, પેજ નં.૧૮૨)



# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

لَعَلَّكَ بَاخِعٌ نَّفْسَكَ اَلَّا يَكُوْنُوْا مُؤْمِنِيْنَ ﴿٣﴾

❂ તેઓ મોમિનો કેમ નથી થતા તે વાત (ની ચિંતા)માં કદાચને તું તારા પ્રાણનો ઘાત કરી બેસશે.

(પારો–૧૯, સૂરએ શોઅરા, આયત–૩)

---

وَ اَنْذِرْ عَشِيْرَتَكَ الْاَقْرَبِيْنَ ﴿٢١٤﴾

❂ અને (પ્રથમ) તારા નિકટના સગા–વહાલાઓને ડરાવ;

(પારો–૧૯, સૂરએ શોઅરા, આયત–૨૧૪)

---

وَ اخْفِضْ جَنَاحَكَ لِمَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿٢١٥﴾

❂ અને મોમિનોમાંથી જેઓ તારા અનુયાયી છે, તેમની સાથે નમ્રતાપૂર્વક વર્તન કર.

(પારો–૧૯, સૂરએ શોઅરા, આયત–૨૧૫)

---

وَ وَرِثَ سُلَيْمٰنُ دَاوٗدَ وَ قَالَ يٰۤاَيُّهَا النَّاسُ عُلِّمْنَا مَنْطِقَ الطَّيْرِ وَ اُوْتِيْنَا مِنْ كُلِّ شَيْءٍ ؕ اِنَّ هٰذَا لَهُوَ الْفَضْلُ الْمُبِيْنُ ﴿١٦﴾

❂ અને સુલયમાન દાવૂદનો વારસ થયો અને કહ્યું કે હે લોકો ! અમને (પશુ) પક્ષીઓની ભાષા શિખવવામાં આવી છે અને અમને દરેક વસ્તુ (નેઅમત) આપવામાં આવી છે; નિ:સંશય એ જ તો ખુલ્લી કૃપા છે.

(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૧૬)

---

وَ حُشِرَ لِسُلَيْمٰنَ جُنُوْدُهٗ مِنَ الْجِنِّ وَ الْاِنْسِ وَ الطَّيْرِ فَهُمْ يُوْزَعُوْنَ ﴿١٧﴾

❂ અને સુલયમાન માટે તેનું લશ્કર જિન્નાતો, ઈન્સાનો તથા પક્ષીઓમાંથી ભેગું કરવામાં આવ્યું હતું કે જે સર્વે જુદા જુદા વર્ગવાર

(તેની સામે) ઊભા રાખવામાં આવતાં હતાં.

(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૧૭)

---

وَ تَفَقَّدَ الطَّيْرَ فَقَالَ مَا لِيَ لَآ اَرَى الْهُدْهُدَ ۖ اَمْ كَانَ مِنَ الْغَآئِبِيْنَ ﴿٢٠﴾

❂ અને (પછી) પક્ષીઓના (ના લશ્કરની) હાજરી લીધી ત્યારે ફરમાવ્યું કે હું હુદહુદને કેમ જોતો નથી ? શું તે ગેરહાજર માંહેનો છે ?

(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૨૦)

---

لَاُعَذِّبَنَّهٗ عَذَابًا شَدِيْدًا اَوْ لَاَاذْبَحَنَّهٗٓ اَوْ لَيَاْتِيَنِّيْ بِسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿٢١﴾

❂ અગર તે મારી પાસે (પોતાની ગેરહાજરીનો) કોઈ સ્પષ્ટ પુરાવો નહીં લાવે તો હું ખચીત જ તેને સખત સજા કરીશ, અથવા તો તેને મારી નાખીશ.

(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૨૧)

---

فَمَكَثَ غَيْرَ بَعِيْدٍ فَقَالَ اَحَطْتُّ بِمَا لَمْ تُحِطْ بِهٖ وَ جِئْتُكَ مِنْ سَبَاٍۢ بِنَبَاٍ يَّقِيْنٍ ﴿٢٢﴾

❂ પછી કાંઈ ઝાઝો વખત થયો ન હતો કે તે (હુદહુદ આવી પહોંચ્યો અને) કહેવા લાગ્યો કે મને એ વાતની જાણ થવા પામી છે કે જેની જાણ (હજી સુધી) તને થવા પામી નથી, અને હું સબા (નામના) દેશમાંથી એક ખાત્રીપૂર્વકની ખબર તારા માટે લઈ આવ્યો છું.

(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૨૨)

---

اِنِّيْ وَجَدْتُّ امْرَاَةً تَمْلِكُهُمْ وَ اُوْتِيَتْ مِنْ كُلِّ شَيْءٍ وَّ لَهَا عَرْشٌ عَظِيْمٌ ﴿٢٣﴾

❂ નિ:સંશય (ત્યાં) મેં એક (એવી) સ્ત્રી દીઠી કે જે ત્યાંના લોકોની પાદશાહ છે, અને તેણીને (દુનિયાની) દરેકે દરેક વસ્તુ પ્રાપ્ત થયેલી છે, અને તેણીનું સિંહાસન પણ અત્યંત મોટું છે.

(પારો–૧૯, સૂરએ નમ્લ, આયત–૨૩)

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ. આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭

## ૨૨ રાતોની ઈબાદતો વિષે

أَمَّنْ هُوَ قَانِتٌ آنَاءَ اللَّيْلِ سَاجِدًا وَّقَآئِمًا يَّحْذَرُ الْآخِرَةَ وَيَرْجُوا رَحْمَةَ رَبِّهٖ ۗ قُلْ هَلْ يَسْتَوِي الَّذِيْنَ يَعْلَمُوْنَ وَالَّذِيْنَ لَا يَعْلَمُوْنَ ۗ ... ﴿٩﴾

*(જે બંદો રાતે એકાંતમાં અલ્લાહની બંદગીમાં વ્યસ્ત છે, ક્યારેક સજ્દો કરે છે અને ક્યારેક હાથ બાંધીને ઊભો રહે છે અને આખેરતનો ડર રાખે છે અને અલ્લાહની મહેરબાનીનો ઉમેદવાર છે. કદી એવો બંદો અને નાફરમાન બંદો એકસરખા હોઈ શકે ?...)*

(સૂરએ ઝોમર, આયત–૯)

(૩૧૮) મારી ઉમ્મતના સન્માનીય લોકો તે છે કે જે કુરઆનના જાણકાર છે અને રાતે જાગતા રહીને ઈબાદતો કરે છે.

(રૌઝતુલ વાએઝીન, સફા–૬)

(૩૧૯) બંદાની સંસ્કારિતા રાતે ઊભા રહીને ઈબાદતો કરવામાં છે અને તેની આબરૂ સ્વનિર્ભરતામાં છે. (અમાલી અલ સદૂક, મજલિસ–૪૧, હદીસ–૫)

(૩૨૦) સુલયમાન (અ.)ને તેમની વાલિદાએ નસીહત કરી કે રાતે વધારે સૂઈ રહેવાથી દૂર રહો કારણ કે રાતે વધારે સૂઈ રહેવાથી કયામતના દિવસે વ્યકિત મોહતાજ અને ફકીર થઈ જાય છે.

(તરાએફુલ હિકમ, જિલ્દ–૨, સફા–૧૧૧)

(૩૨૧) જ્યારે રાતનો આખરી સમય આવે છે તો અલ્લાહ ફરમાવે છે :

“દુઆ માગનાર કોઈ બંદો છે કે જેની હું દુઆ કબૂલ કરું ? કોઈ માગનાર છે કે જેને હું આપું ? કોઈ મગ્ફેરત માગનાર છે કે જેની મગ્ફેરત કરું ? કોઈ તોબા કરનાર છે કે જેની તોબા કબૂલ કરું ?

(અમાલી અલ સદૂક, મજલિસ–૪૭, હદીસ–૯)

(૩૨૨) જો કોઈ બંદો રાતના અમુક સમય પછી ઊઠીને બે રકાત નમાઝ પઢે અને સજ્દાઓમાં ચાલીસ મોમિન ભાઈઓનાં નામ અને તેમના બાપનાં નામ લઈ દુઆ કરે અને અલ્લાહથી કશુંક માગે તો અલ્લાહ તેને આપશે.

(ખિસાલ સદૂક, બાબુલ વાહિદ, હદીસ–૯૪)

(૩૨૩) જ્યારે કોઈ બંદો રાતના અંધારામાં

અલ્લાહની સાથે એકાંતમાં ગુફતગૂ કરે છે તો અલ્લાહ તેના દિલમાં નૂર પેદા કરે છે અને જ્યારે તે બંદો "હે મારા અલ્લાહ ! હે મારા અલ્લાહ !" એમ કહે છે તો અલ્લાહ તેને પોકારીને કહે છે, "હે મારા બંદા ! હું હાજર છું. મારાથી માગ. હું તને આપીશ. મારા પર ભરોસો કર કે જેથી હું તને એનાયત કરૂં." ત્યાર બાદ અલ્લાહ ફરિશ્તાઓથી કહે છે, "હે મારા ફરિશ્તાઓ ! મારા બંદાને તો જુઓ કે જે રાતના અંધારામાં એકાંતમાં મારી સાથે વાતચીતમાં વ્યસ્ત છે જ્યારે બાતિલપરસ્તો અજુગતા કામોમાં વ્યસ્ત છે અને બેદરકાર લોકો ગફલતની ઊંઘમાં છે" તમે બધા સાક્ષી રહેજો કે મેં તેની મગ્ફેરત કરી છે.

(જવાહિરુલ સનિયા, સફા–૧૨૨)

(૩૨૪) જ્યારે અલ્લાહ કયામતના દિવસે શરૂઆતના અને આખરના લોકોને એક જગ્યાએ ભેગા કરશે ત્યારે એક અવાજ આવશે, તે લોકો સામે આવે કે જે રાતે ઊંઘમાંથી જાગીને અલ્લાહના ડરમાં અને તેની રહેમતના ઉમેદવાર બનીને દુઆઓ માગતા હતા. તેવા લોકો ઊભા થશે પણ તેમની સંખ્યા ઓછી હશે. તેમના ગયા પછી લોકોનો હિસાબ થશે.

(ઈર્શાદુલ કુલૂબ, દયલમી, સફા–૧૭૨)

(૩૨૫) ત્રણ પ્રકારના સંજોગોમાં રાતના ઉજાગરા વાજિબી છે (૧) કુરઆનની તિલાવતમાં (૨) ઈલ્મ હાંસિલ કરવા માટે (૩) સુહાગ રાતે.

(ખિસાલ સદૂક, બાબુસ્સલાસા, હદીસ–૭૭)

(૩૨૬) કોઈ વ્યકિતના નુકસાન માટે એ કાફી છે કે તેની એક રાત એવી પસાર થાય કે જેમાં તેણે બે રકાત નમાઝ ન પઢી હોય અને અલ્લાહનો ઝિકર ન કર્યો હોય ત્યાં સુધી કે સવાર પડી જાય.

(ઈર્શાદુલ કુલૂબ, દયલમી, સફા–૧૪૧)


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**


**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ.

# ગ ડ મ થ લ ૨૪૯

::::: સંપાદક :::::
મો.મહદીઅલી રોશનભાઈ
(રસુલપુર–ખે.) (મકતબા જાફરીયા)



### ::::: આડી ચાવીઓ :::::

(૧) ઈમામ હુસૈન (અ.)નો રોઝો એ દેશમાં આવેલો છે. (૩)
(૩) ધર્મવિશ્વાસ, ધાર્મિક માન્યતા (૩)
(૫) કાર્યની બજવણી, કરેલું કાર્ય (૩)
(૬) દુ:ખી થયેલો, વ્યથિત (૩)
(૭) ઘર, સ્થળ (૩)
(૧૦) દસમા ઈમામનાં બહેનનું નામ, ........ ખાતૂન (૩)
(૧૧) ઘોડાનું પેગડું (૩)
(૧૨) પત્ર, લીટી (૨)
(૧૪) જીવ, શ્વાસ (૨)
(૧૬) દુ:ખ, ધ્વજ, ઝંડો (૩)
(૧૮) બુધ્ધિ, સાન (૩)
(૧૯) પીડા, દુ:ખ (૩)
(૨૦) મનનું વલણ, વૃત્તિ (૩)
(૨૧) રસૂલલ્લાહ (સ.)નાં એક બીબી (૩)

### ::::: ઊભી ચાવીઓ :::::

(૧) એક પ્રખ્યાત પયગમ્બર (૨)
(૨) ઈમામ હુસૈન (અ.)નું શહાદત સ્થળ (૫)
(૩) અલ્લાહનો સિંહ, મૌલા અલી (અ.)નું ઉપનામ (૫)
(૪) આમંત્રણ પત્રિકા (૫)
(૫) અલમ ધારણ કરનાર (૫)
(૮) ખાડો, નીચાણવાળી જગ્યા (૩)
(૯) મીણબત્તી, ચિરાગ (૨)
(૧૩) તરફેણ કરનાર, ટેકેદાર (૫)
(૧૫) મૌલા અલી (અ.)એ લડેલ છેલ્લા જંગનું નામ (૫)
(૧૬) તરસનો પોકાર (૫)
(૧૭) મોહર્રમ માસમાં પઢાતી પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત કિતાબ (૫)

### ગડમથલ નં.૨૪૮નો ઉકેલ

આડી ચાવીઓ : (૧) ઈરાક (૩) અકીદા (૫) અમલ (૬) દુખિત (૭) મકાન (૧૦) હકીમા (૧૧) રકાબ (૧૨) ખત (૧૪) જાન (૧૬) અલમ (૧૮) અક્કલ (૧૯) દરદ (૨૦) દાનત (૨૧) સલમા ઊભી ચાવીઓ : (૧) ઈસા (૨) કરબોબલા (૩) અસદુલ્લાહ (૪) દાવતનામા (૫) અલમદાર (૮) નશેબ (૯) શમા (૧૩) તરફદાર (૧૫) નહરવાન (૧૬) અલઅતસ (૧૭) મક્તૂલનામા

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### યુનાની ફિલોસોફર

(ગતાંકનું ચાલુ)

એક મોમિન મુસલમાન કે જે આખુંય જીવન ગુના કરતો નથી, હું કહી શકું છું કે તે મોત પછીના આમંત્રણને તરત જ સ્વીકારી લે છે અને તેની રૂહ સહેલાઈથી તેના શરીરમાંથી નીકળી જાય છે. અય જાબિર ! દીને ઈસ્લામમાં હિસાબ કિતાબનો પાયો મોત પર નથી પરંતુ મોત પછીના હિસાબ કિતાબના ડર ઉપર છે. જે મુસલમાન મોતથી ડરવાવાળો હોય છે તો તે મોતથી નહીં, પરંતુ મોત પછીના હિસાબ કિતાબથી ડરે છે. જાબિરે કહ્યું, ગમે તેમ પણ મોતનો ડર તો રહેલો જ છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, લોકોની અંદર મોતનો ડર એ ડર નથી કે જે મોતના પ્રહારના કારણે પેદા થાય છે. દા.ત. જે કોઈ કતલ કરે તો શરીઅત પ્રમાણે તેણે પણ કતલ થઈ જવું જોઈએ અને જો ન્યાયાધિશે તેના કતલનો હુકમ આપી દીધો હોય અને તેને ખબર પડી જાય કે કાલે તેને ફાંસી થઈ જશે તો તે માણસ મોતથી ઘણો ડરશે કારણ કે તે જાણે છે કે તેનું મોત મોતના પ્રહાર વડે થશે અને એક નિશ્ચિત સમયે આવવાનું છે પરંતુ સામાન્ય લોકોમાં મોત, મોતના પ્રહારને કારણે આવતું નથી.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે દરેકના મોતનો સમય નિશ્ચિત છે અને તેનાથી એક ક્ષણ પણ આગળ પાછળ નહીં થાય. પરંતુ તે નિશ્ચિત સમયને અલ્લાહ તઆલા જ નક્કી કરે છે, મરનાર માણસ નથી કરતો. સઘળી માનવજાત મોતનો અકીદો રાખવામાં એવા કરજદાર જેવી છે કે જે જાણે છે કે કયા સમયે તેણે પોતાનું કર્જ પાછું આપવાનું છે અને એવો અનુભવ કરે છે કે કર્જ પાછું આપવાનો સમય ઘણો દૂર છે એટલા જ માટે સામાન્ય જીવનમાં કોઈ મોતથી ડરતું નથી.

આ પણ અલ્લાહ તઆલાની હિકમત છે કે તેણે મોતને દરેક સજીવ માટે નિશ્ચિત કરી લીધું છે. પરંતુ તેનો સમય દરેકથી છૂપો રાખ્યો છે. આ જ કારણે સામાન્ય જીવનમાં મોતથી કોઈ ડરતું નથી. મોત પ્રત્યેની આ બેદરકારી કેટલાક લોકોમાં એટલી સશક્ત હોય છે કે તેઓ માની લે છે કે તેઓ અમર છે અને આ જ કારણે તેઓ દોલત એકઠી કરવામાં ખૂબ જ મહેનત કરી નાખે છે અને તેમની અંદર લાલચ એટલી બધી હોય છે કે જાણે તેઓ હજારો વર્ષ જીવવાના હોય.

જો માણસના જીવનમાં અલ્લાહ તરફથી જે મોતના સમયને છૂપો રાખવામાં આવે છે તેની હિકમત ન હોત તો દરેક માણસ એવા ગુલામની જેમ જીવન વિતાવત કે જે જાણતો હોય કે બીજા દિવસે અથવા બીજા કલાકે જીવનને અલવિદા કહેવાનું છે અને જો લોકો આવું વિચારતા થઈ જાત તો લોકો એટલા બધા બેબાકળા થઈ જાત કે ન તો રોજી કમાવા તરફ પ્રેરિત થાત કે ન તો તેમનું સામાજિક જીવન અસ્તિત્વમાં આવત અને આવી

રીતે સઘળી માનવજાત હતાશાની પરિસ્થિતિમાં આ દુનિયાથી વિદાય લેત.

જાબિરે કહ્યું, અલ્લાહ તઆલા કે જે માણસનું સર્જન કરે છે અને તેને જીવ આપે છે તેને કેમ મારી નાખે છે અને નષ્ટ કરી નાખે છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, અય જાબિર ! મેં કહ્યું છે કે જેવી રીતે સામાન્ય લોકો મોતની કલ્પના કરે છે તેવું મોત નથી પરંતુ તે પરિસ્થિતિનું પરિવર્તન છે અને હું ફરી એક વાર એ વાત કહી દઉં કે એક મોમિન મુસલમાન જો આલિમ હોય તો આ પરિસ્થિતિના પરિવર્તનથી ડરતો નથી કારણ કે તે જાણે છે કે તે મોત પછી પાછો જીવતો થશે. પરંતુ હું ધારી લઉં છું કે હમણાં હું એવા માણસથી વાત કરી રહ્યો છું કે જે મુસલમાન નથી અને મારાથી સવાલ કરી રહ્યો છે કે અલ્લાહ તઆલા કે જેણે માણસનું સર્જન કર્યું છે અને તેને જીવ આપ્યો છે તે તેને શા માટે મારી નાખે છે ? તો હું તેના જવાબમાં કહીશ કે મોત એક એવી બારી છે કે જેનાથી માણસ બીજા જીવનમાં દાખલ થાય છે અને તે બીજા જીવનમાં ફરીથી સજીવ થશે.

અય જાબિર ! શું તમે તમારા માના પેટમાં સજીવ હતા કે નહોતા ? જાબિરે કહ્યું કે હા, હું સજીવ હતો. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, શું તમે માના પેટમાં ખોરાક લેતા હતા કે નહીં ? જાબિરે હા માં જવાબ આપ્યો. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, શું તમે માના પેટમાં એક સંપૂર્ણ પરંતુ નાના માણસ તરીકે હતા કે નહીં ? જાબિરે કહ્યું કે હું આ વાતને સમર્થન આપું છું કે હું એક સંપૂર્ણ માણસ હતો. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, તમે માના પેટમાં મોત વિશે ચિંતા કરતા હતા એ શું તમને યાદ છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ આગળ ફરમાવ્યું, મોતના વિષયને જવા દો. ચાલો આટલું કહો કે માના પેટની અંદર તમારો ખોરાક શું હતો ? જાબિરે કહ્યું, માના પેટમાંની મારા જીવનની પરિસ્થિતિ મને યાદ નથી. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, તમને માના પેટમાંના તમારા જીવન વિશે કંઈ જ યાદ નથી તો પણ તમે તમારા આ જીવનને વધારે સારું માનો છો કે તમારી માના પેટની અંદરના તમારા જીવનને વધારે સારું માનો છો ?

જાબિરે કહ્યું, માના પેટમાં મારું જીવન ઘણા ઓછા સમય માટે હતું એટલે કે લગભગ નવ મહિના. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, એ નવ મહિના જે તમે તમારી માના પેટમાં વિતાવ્યા છે તે કદાચ નવ મહિનાની મુદ્દત નથી. આ દુનિયાના ૮૦ અથવા ૯૦ વર્ષના આયુષ્ય કરતાં વધારે હશે કારણ કે દરેક પરિસ્થિતિમાં બધા લોકો માટે સમય એક સમાન નથી અને દરેક માણસ થોડું મનનમંથન કર્યા પછી પોતાના જીવનની આ હકીકતને જાણી શકે છે. મને યકીન છે કે ક્યારેક તો થોડાક કલાક તમે એવા વિતાવ્યા હશે કે તમને એવું લાગ્યું હશે કે ફક્ત એક જ કલાક થયો અને ક્યારેક તમારા માટે એક કલાક એટલો લાંબો થઈ ગયો હશે કે તમને એવું લાગ્યું હશે કે તમે વધારે કલાકો વિતાવ્યા. એટલા જ માટે હું કહું છું કે જે નવ મહિનાની મુદ્દત તમે માના પેટમાં વિતાવી કદાચ તે મુદ્દત તમને આ દુનિયાના આયુષ્ય કરતાં પણ વધારે લાંબી લાગી હશે.

અય જાબિર ! તમે માના પેટમાં એક સંપૂર્ણ અને સજીવ માણસ તરીકે રહ્યા વળી તમે બુધ્ધિમાન પણ હતા. બુધ્ધિમાન હોવાની સાથે સાથે તમારી કેટલીક અભિલાષાઓ પણ હશે અને હવે જ્યારે તમે આ દુનિયાનું જીવન વિતાવી રહ્યા છો તો તમને માના પેટના સમયની નાનામાં નાની વાત પણ યાદ રહી નથી. તમે તો એક વિદ્વાન

માણસ છો. તમે શું એમ નથી સમજતા કે તમારું માના પેટમાંથી બહાર આવવું અને આ દુનિયામાં જન્મ લેવો કદાચ એક પ્રકારનું મોત હતું ? શું તમે એ વિચાર નથી કરતા કે જ્યારે તમે માના પેટમાં હતા ત્યારે તમે એવું ઈચ્છતા હતા કે તમે ત્યાં જ રહો અને ત્યાંથી કદીય બહાર ન નીકળો ?

તમારો વિચાર એવો હશે કે માના પેટ કરતાં વધારે આરામદાયક દુનિયાનું અસ્તિત્વ જ નથી અને જ્યારે તમે માના પેટમાંથી બહાર આવ્યા કે જેના વિશે મેં કહ્યું છે કે તે મોતનો જ એક પ્રકાર છે અને આ દુનિયામાં જન્મ લીધો તો તમે રડવાનું શરૂ કરી દીધું. પરંતુ શું તમે આજે એ વાતને સમર્થન આપો છો ખરા કે આ દુનિયામાં કે જેમાં તમે જીવન વિતાવી રહ્યા છો તે માના પેટની દુનિયા કરતાં વધારે સારી છે ?

જાબિરે કહ્યું, માના પેટમાંના મારા જીવન વિશે મને કોઈ જાણકારી ન હોવા છતાંય હું એ વાતને સમર્થન આપી શકું છું કે મારું આજનું જીવન માના પેટના જીવન કરતાં વધારે સારું છે. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, શું આ સરખામણી દ્વારા એ સાબિત નથી થતું કે મોત પછીનું આપણું જીવન આ દુનિયાના જીવન કરતાં વધારે સારું હશે? જાબિરે કહ્યું કે જો આ દુનિયા કરતાં વધારે ખરાબ હોય તો... ?

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, જે લોકો આ દુનિયામાં અલ્લાહ તઆલાના હુકમ ઉપર અમલ કરે છે તેમનું બીજી દુનિયાનું જીવન આ દુનિયાના જીવન કરતાં વધારે સારું હશે. આ વાતમાં કોઈ શંકા નથી કારણ કે અલ્લાહે આ વિશે પોતાના બંદાઓને વાયદો પણ કર્યો છે અને બુધ્ધિ પણ એ જ વાત સ્વીકારે છે.

અલ્લાહ તઆલા હિકમતવાળો, કુદરતવાળો અને આદિલ છે. તે ઈર્ષાળુ નથી કે પોતાના બંદાઓને સારી દુનિયામાંથી ખરાબ દુનિયામાં લઈ આવે. જો આપણે એ વાત માનતા હોઈએ કે માણસના સર્જનનો આશય તેને સંપૂર્ણતા સુધી પહોંચાડવાનો છે તો આપણે એ વાત સ્વીકારવી પડશે કે માણસના જીવનની દરેક ક્ષણ તેની સંપૂર્ણતામાં વધારો કરે છે એટલે સુધી કે અલ્લાહે સ્પષ્ટ રીતે અને કોઈ પણ મુશ્કેલી વગર પોતાના બંદાઓને મોત પછી સારા કાર્યોનો બદલો આપવાનો વાયદો ન કર્યો હોત અને એમ પણ ન કહ્યું હોત કે તેમને અબદી, ખુશનસીબી મળવાની છે તો પણ આપણી બુધ્ધિ આટલું સમજી જાત કે માણસના સર્જનનો આશય તેને સંપૂર્ણતા સુધી પહોંચાડવાનો છે માટે એ દુનિયામાં માણસની પરિસ્થિતિ આ દુનિયાના જીવનની પરિસ્થિતિ કરતાં વધારે સારી હશે. (ક્રમશઃ)


Mo. 96 879 12192
(હૈદરપુરાવાળા)

divine aashish

ડીવાઇન આશિષ
ઇલેક્ટ્રીક સ્ટોર

દુ.નં.૪, હિંમત વિલા એસ્ટેટ, સંતોકબા હોલની સામે, રાજમહેલ રોડ, પાટણ.

# નહજુલ અસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજજતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::::: સંપાદક ::::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::::: અનુવાદ ::::::
મો.કાસમભાઈ વિજાપુરા

**જનાબે સૈયદા (અ.)ની સાથે શાદી થઇ તે વખતે મૌલા અલી (અ.)એ પઢેલો ખુત્બો :**

જનાબે સૈયદા (અ.)ની શાદીના સમયે રિસાલત મઆબ (સ.)એ એક ખુત્બો ઈરશાદ ફરમાવ્યો. ત્યાર પછી હઝરત અલી (અ.)ને પણ ફરમાવ્યું કે અય અલી ! તમે પણ એક ખુત્બો કહો તેથી હઝરત અલી (અ.)એ ફરમાવ્યું :

خطبہ بوقت تزویج جناب سیّدہ علیہا السّلام

اَلْحَمْدُلِلّٰهِ شُکْراً لِاَنْعِمِهٖ وَ اَیَادِیْهِ

وَلَااِلٰهَ اِلَّا اللّٰهُ شَهَادَةً تَبْلُغُهٗ وَتَرْضِیْهِ

وَصَلَّی اللّٰهُ عَلٰی مُحَمَّدٍ صَلٰوةً تُزْلِفُهٗ

وَتُحْظِیْهِ وَالنِّکَاحُ مِمَّا اَمَرَاللّٰهُ عَزَّوَجَلَّ

بِهٖ وَرَضِیَهٗ وَمَجْلِسُنَا هٰذَا تَضَاءَاللّٰهِ

وَاَذِنَ فِیْهِ وَقَدْزَوَّجَنِیْ رَسُوْلُ اللّٰهِ

اِبْنَتَهٗ فَاطِمَةَ وَجَعَلَ صِدَاقَتَهَا

دِرْعِیْ هٰذَا وَقَدْ رَضِیْتُ بِذَالِكَ

نَاسْئَلُوْهُ وَاشْهَدُوْا

**ખુત્બાનો અનુવાદ**

ખુદાનો શુક્ર છે તેની નેઅમતો અને ફરી ફરીને આવનારી કૃપાઓ માટે, અને કોઈ અલ્લાહ નથી સિવાય એ અલ્લાહના, હું એવી શહાદત આપું છું કે જે તારા સુધી પહોંચી શકે. અને તું એનાથી રાજી થઈ જાય અને મોહંમદ (સ.)ને નજદીકી અને વસ્લ (મિલન) ફરમાવે અને તેમને ઘેરી લે. આ નિકાહ એ છે કે જેના માટે ખુદાવંદે ઈઝ્ઝોજલ્લે હુકમ આપ્યો છે અને તેનાથી રાજી થયો છે અને અમારી આ મજલિસનું (શાદીનું) બંધન ખુદાના હુકમથી છે કે જેની તેણે અમને ઈજાઝત આપી છે અને રસૂલલ્લાહ (સ.)એ પોતાની સાહબઝાદી ફાતેમા (અ.)ને મારી ઝૌજિયતમાં આપી છે અને તેમની મહેર મારી તે ઝિરહ (બખ્તર)ને ગણી દીધી છે કે જેના પર હું રજામંદ છું. તેથી જે ઈચ્છતા હો તે સવાલ કરી લો અને ગવાહ રહો. (બહરૂલ મઆરિફ)

# અહલે ઝિક્ર - 2

**લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)**

*બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ*

*એક્સપ્રેઝવેઝ ઉપર મુસાફરી કરતી વખતે **આપણે સફેદ જાડી લીટીઓ અથવા તો પાટા દોરેલા જોઇએ છીએ** કે જે **રસ્તાને જુદી જુદી સાંકડી લેનમાં વહેંચી દે છે.** આ સફેદ લીટીઓ ગતિ મર્યાદા ઉપર આધારિત લેનને **અલગ પાડતી નિશાનીઓ છે.** આવી લેન ઝડપી ગતિવાળાં, મધ્યમ ગતિવાળાં અને ધીમી ગતિવાળાં ભારે વાહનો માટે હોય છે. પોતાની ખાસ લેનમાં રહેવાના હેતુથી **આ લીટીઓનું ચીવટપૂર્વક અનુસરણ કરવું પડે છે.** જો કોઈ ડ્રાઈવર આ **લીટીઓ પ્રમાણે અનુસરે** તો તેને ખાત્રી હોય છે કે તેની એક્સપ્રેસવે ઉપરની મુસાફરી **વધારે સલામત અને સરળ રહેશે** પરંતુ જો કદાચ **તે પોતાની લેનમાં રહેવા નિષ્ફળ જાય** અને ભૂલથી તેમાંથી બહાર નીકળી જાય તો **બીજા વાહન સાથે અકસ્માત થવાની તકો વધી જાય છે** અને પછી મુસાફરી કદાચ સલામત ન પણ રહે. તેથી જ તો **એક સારા ડ્રાઈવર માટે આવી લીટીઓની અવગણના ન કરવી અને સંપૂર્ણપણે તેમનું અનુસરણ કરવું ફરજિયાત છે.***

*હવે આપણે આ ઉદાહરણને આપણા જીવન સાથે જોડીએ. આપણી જિંદગી પણ એક મુસાફરી જ છે અને આપણે બધા પોતપોતાની લેનમાં પોતપોતાની ગતિએ છેલ્લી મંઝિલ તરફ જઈ રહેલા મુસાફરો છીએ. આવી પરિસ્થિતિમાં **આપણને કેવી રીતે ખબર પડે કે આપણે સાચી લેનમાં જ છીએ ?** આપણે કદાચ વિચારીએ કે શું **અલ્લાહ (સુ.વ.ત.)એ એવી કોઈ નિશાનીઓ પણ પેદા કરી છે કે જેમનું ચીવટપૂર્વક અનુસરણ સાચી લેનમાં રહેવા માટે અને શેતાન સાથેની અથડામણને ટાળવા માટે કરવાની જરૂર છે.***

→ *આ લેખમાં ચાલો આપણે આ બાબતને કુરાને પાકની રોશનીમાં સમજવાનો પ્રયત્ન કરીએ અને **અલ્લાહની એ નિશાનીઓને ઓળખવાનો પ્રયત્ન કરીએ** કે જેમને **સિરાતે મુસ્તકીમ ઉપર રહેવા માટે** આપણા આખા જીવન દરમિયાન અનુસરવાની છે.*

આપણે સૂરએ બકરાની નીચેની આયત સાથે આપણા રિસર્ચની શરૂઆત કરીએ :

● "અને **શયતાનના પગલે પગલે ન ચાલો** એ તો તમારો જગજાહેર (ખુલ્લો) દુશ્મન છે."

(સૂરએ બકરા, આયત–૧૬૮)

ઉપરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.) એ **આપણને શયતાનનાં પદચિહ્નો પર ન ચાલવાની** આજ્ઞા ફરમાવી છે પરંતુ **શયતાન**

તો આપણને **નજરોનજર દેખાતો નથી** કે ન તો આપણે **તેનાં પદચિહ્નોને જોઇ શકીએ છીએ.** અને આ રીતે તો આપણે અજાણતામાં **તેનું અનુસરણ કરવાનું જોખમ ખેડી રહ્યા છીએ** અને આપણને ખોટા માર્ગે દોરવાનો તેને લાભ આપી રહ્યા છીએ. તો પછી શયતાન આપણને ગુમરાહ ન કરે તે માટે આપણે આપણી જાતને કેવી રીતે બચાવવી ? ચાલો આ જ સંદર્ભમાં એક બીજી આયત જોઇએ :

● **"બેશક આ સરાસર નસીહત છે, તો જે માણસ ઈચ્છે, પોતાના પરવરદિગારનો માર્ગ લઈ લે."** (સૂરએ ઈન્સાન, આયત–૨૯)

અગાઉની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.) આપણને શયતાનના પગલે ન ચાલવાની આજ્ઞા કરે છે અને આ ઉપરથી આયતમાં **તે આપણને યાદ અપાવે છે કે આપણે એવો માર્ગ અપનાવવાની ઈચ્છા રાખવી જોઈએ કે જે તેને (અલ્લાહને) જઈને મળે છે.** પરંતુ ફરીથી પાછી સમસ્યા તો બાકી જ છે કેમકે અલ્લાહ (સુ.વ.ત.) જો કે બધી જગ્યાએ હાજર છે તેમ છતાં તે જોઇ ન શકાય તેવો છે. કોઇ પણ તેને જોઇ શકવા માટે પૂરતો સક્ષમ નથી અને તેથી જ તો કોઇને કેવી રીતે ખાત્રી થાય કે જે માર્ગ અપનાવવામાં આવ્યો છે તે સિરાતે મુસ્તકીમ છે કે જે તેને જઇને મળે છે ? શયતાનથી સલામતી મળી છે એવી કોઇને ખાત્રી કેવી રીતે થાય ? ચાલો આપણે સૂરએ ઈન્સાનમાંથી એક વધુ આયત પર વિચાર કરીએ :

● "અને જ્યાં સુધી **ખુદાને મંજૂર ન હોય**, તમે લોકો **કંઈ પણ ઈચ્છા કરી શકતા નથી.** બેશક ખુદા મહાન જાણવાવાળો બુધ્ધિશાળી છે."

(સૂરએ ઈન્સાન, આયત–૩૦)

અગાઉની આયત સાથે આ આયતને જોડી દઈને આપણે જોઇ શકીએ છીએ કે સૂરએ ઈન્સાન (આયત નં.૨૯)ની આયત આપણને **<u>તે (અલ્લાહ)ની દિશામાં માર્ગ પકડવાની ઈચ્છા રાખવાની યાદ અપાવે છે.</u>** જ્યારે ઉપરની આયત જણાવે છે કે **<u>જ્યાં સુધી તે (અલ્લાહ)ની મરજી ન હોય ત્યાં સુધી કોઇ ઈચ્છા પણ કરી શકતું નથી.</u>** આનો અર્થ એ થાય છે કે **<u>સિરાતે મુસ્તકીમનો રસ્તા પકડવાની ઈચ્છા રાખવામાં પણ માણસે પહેલાં તો અલ્લાહની મરજીને મેળવવી પડે.</u>**

→ આથી ઉપરની જુદી જુદી આયતો પર ચિંતનમનન કરવાની બુનિયાદ પર આપણે એવું અનુમાન કરી શકીએ છીએ કે અલ્લાહ (સુ.વ.ત.) એવું ઇચ્છતો નથી કે આપણે **શયતાનના પગલે પગલે ચાલીએ** અને સાથે સાથે તેની દિશામાં જતા **સિરાતે મુસ્તકીમના રસ્તાને પકડવાની મરજી અને ઈચ્છા રાખવાનું** પણ કહે છે. પરંતુ વધુમાં આયતે એવી ચોખવટ કરી છે કે **અલ્લાહની જ્યાં સુધી મરજી ન હોય ત્યાં સુધી આપણે એવી ઈચ્છા પણ ધરાવી શકતા નથી.** તેથી સિરાતે મુસ્તકીમ સુધી પહોંચવા

માટે **આપણે અલ્લાહ (સુ.વ.ત.)ની ખુશનૂદીને મેળવવાની જરૂર છે** અને માત્ર ત્યારે જ આપણે સીધા રસ્તા સુધી પહોંચી શકીશું અને ત્યારે જ શયતાનથી સલામત રહીશું.

કુરઆન અલ્લાહ (સુ.વ.ત.)નો અંતિમ આદેશ છે અને હું માનું છું કે જો આપણે જુદી જુદી આયતો ઉપર વિચાર કરીશું તો અલ્લાહની ખુશનૂદી અને મરજી મેળવવાનો ચોકકસ રસ્તો શોધી કાઢીશું. ચાલો આપણે એ દિશામાં જઈએ અને આના માટે સૂરએ ફાતેહામાંથી નીચેની આયતને સમજીએ.

● ''અમને સીધો રસ્તો બતાવ **એ લોકોનો રસ્તો કે જેમના ઉપર તેં ઈનામ (અતા) ફરમાવ્યાં છે.**''

(સૂરએ ફાતેહા, આયત–૬–૭)

ઉપરની આયતમાં અલ્લાહ (સુ.વ.ત.)એ મુસ્લિમ ઉમ્મતને તેની આગળ દુઆ માગીને **પસંદ થયેલા લોકોએ અપનાવેલા સિરાતે મુસ્તકીમને બતાવવાનું** કહ્યું છે કે જેમના ઉપર અલ્લાહે પોતાની નેઅમતો નાઝિલ કરી છે. અહીં, ચાલો આપણે પાછા અગાઉની સૂરએ ઈન્સાન (આયત–૨૯)ની આયત તરફ પાછા જઈએ કે જ્યાં અલ્લાહ (સુ.વ.ત.)એ **આપણને તેના તરફનો માર્ગ મેળવવાની ઈચ્છા ધરાવવાની યાદ અપાવી છે.** જ્યારે ઉપરની આયતમાં <u>તેણે આપણને તેના સુધી પહોંચવાનું ખાસ દિશાસૂચન કર્યું છે. તેના પસંદ કરેલા બંદાઓએ અપનાવેલો રસ્તો એ રસ્તો છે કે જેને આપણે અપનાવીએ તેવી ઈચ્છા તે રાખે છે.</u> આ રસ્તો આપણને તેની તરફ દોરી જશે અને <u>**તેથી જ તો આ રસ્તો અપનાવીને આપણને ખાત્રી થઈ જશે કે આપણે તેની ખુશનૂદીને અને તેની મરજીને જીતી જઈશું.**</u>

આગળ પડતા ઈસ્લામી સંશોધકો જેવા કે સ'લાબી અને બીજાઓએ અબૂ હુરૈરાના હવાલાથી એવી રિવાયત કરી છે કે જેના પ્રમાણે <u>**'સિરાતે મુસ્તકીમ'**</u> કે જેનો ઉપરની આયતમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે તે એ જ રસ્તો છે કે જેને <u>**પયગમ્બરે પાક (સ.) અને તેમની પવિત્ર આલ (અ.)એ**</u> અપનાવેલા છે. (સંદર્ભ : સ'લાબી તેમની તફસીરમાં, વાકી ઈબ્ને જરારાએ તેમની તફસીરમાં)

આ આયતની ચર્ચાને આપણે આગળ વધારીએ તે પહેલાં ચાલો આપણે સૂરએ અંબિયાની એક બીજી આયત ઉપર વિચાર કરીએ :

● ''તો અગર તમે લોકો નથી જાણતા તો <u>**અહલેઝિક્રને પૂછી જુઓ.**</u>''

(સૂરએ અંબિયા, આયત–૭)

ઉપરની આયતની રોશનીમાં આપણે એવું કહી શકીએ કે કેટલાક પસંદ થયેલા હાદીઓ છે કે જેમની પયરવી કરવાની આપણને જરૂર છે. આ હાદીઓ અલ્લાહ (સુ.વ.ત.) તરફના પ્રતિનિધિઓ છે અને આપણા ઉપર દલીલો છે અને <u>**તેથી જ તો આપણે સિરાતે મુસ્તકીમ**</u>

**સુધી પહોંચવા માટે તેમની હિદાયત મેળવવી જોઈએ.** આ આયતે તેમને અહલેઝિક્ર કહ્યા છે. સ'હાબી જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અન્સારીના હવાલાથી પોતાની તફસીરમાં લખે છે કે **આ આયત નાઝિલ થઈ ત્યારે મૌલા અલી (અ.)એ ફરમાવ્યું, "અમે જ અહલે ઝિક્ર છીએ."**

તેથી જ તો કુરઆન મુજબ **પયગમ્બરે પાક (સ.)ના પવિત્ર વંશમાંથી ઉતરી આવેલા ઈમામો અહલે ઝિક્ર અને આપણા હાદીઓ છે.** ચાલો હવે આપણે એ જોઈએ કે આપણા વહાલા પયગમ્બર (સ.)એ પોતાની પવિત્ર અહલેબૈત વિષે શું ફરમાવ્યું છે :

● "**તેમની આગળ ન નીકળી જતા** રખેને તમે હલાક થઈ જાઓ, ન તો તેમના પાછળ રહી જતા રખેને તમે હલાક પણ થઈ જાઓ અને તેમને કોઈ બાબત શિખવવાનો પ્રયત્ન ના કરતા કેમકે **તેઓ તમારા કરતાં વધારે જાણે છે.**"

(સંદર્ભ : તબરાની, હદીસે સકલૈનના એક ભાગ તરીકે, ઈબ્ને હજર સવાએકે મોહર્રકા, જિલ્દ–૨૪, પ્રકરણ–૩૭)

વળી સૈયદા ફાતેમા (સલા.)એ ફરમાવ્યું: "બેશક અલ્લાહે અમારી (અહલેબૈતની) ફરમાબરદારી ઉમ્મત માટે ફરજ કરી છે અને અમારી (અહલેબૈતની) રાહબરી – કુસંપ સામે સલામત રક્ષણ છે. (સંદર્ભ : અલ એહતિયાજ, જિલ્દ–૧, પેજ–૯૭, બિહારૂલ અન્વાર, જિલ્દ–૨૯, પેજ–૨૨૩)

→ કુરઆન ઉપર કરવામાં આવેલા ઉપરોકત ચિંતનમનનથી એ બાબત તો સ્પષ્ટ છે કે **પયગમ્બરે પાક (સ.) અને તેમની પાક આલ (અ.) અહલે ઝિક્ર, જમીન ઉપરના અલ્લાહ (સુ.વ.ત.)ના કાયદેસરના હકદાર રાહબરો** અને પ્રતિનિધિઓ છે. તેમની પાસેથી હિદાયત મેળવવી તે અલ્લાહ (સુ.વ.ત.)ના પોતાના તરફથી હિદાયત મેળવ્યા બરોબર છે અને તેમના પગલે પગલે ચાલવું તે અલ્લાહ (સુ.વ.ત.) સુધી પહોંચવાનો સિધ્ધાંત છે **અને તેથી જ તો તે નજાતનો પરવાનો છે.**

આપણે જે તારણ કાઢ્યું તે મુજબ તો પયગમ્બરે પાક (સ.) અને આપની આલ (અ.) અહલે ઝિક્ર છે. પરંતુ અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને અહલે ઝિક્ર તરીકે શા માટે પસંદ કર્યા? શું તેનું કોઇ કારણ છે ખરું ? ચાલો આપણે આ દિશામાં મથન કરીએ અને આપણા પ્રશ્નોના જવાબો શોધીએ.

અલ્લાહ (સુ.વ.ત.)ની દિશામાં મથન કરવું તે આપણા ઈમાનનું અને દીનનું સૌથી અગત્યનું પાસુ છે અને એ કારણે જ તો અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરે પાક (સ.)ને મુસ્લિમ ઉમ્મતને તેમનો અંતિમ પયગામ આવી રીતે પહોંચાડવાની આજ્ઞા ફરમાવી છે :

● "અય રસૂલ (સ.) ! એ લોકોને તમે કહી દો કે હું આ તબ્લીગે રિસાલતની તમારી પાસેથી કોઇ મજદૂરી માગતો નથી પરંતુ (માગું છું) એ

કે **જે (કોઈ) ઈચ્છે તે પોતાના પરવરદિગાર સુધી પહોંચવાનો માર્ગ પકડી લે.**''

(સૂરએ ફુર્કાન, આયત–૫૭)

**'દરેક જણ કે જે ઈચ્છે, તે તેના પરવરદિગાર સુધી જતો સીધો રસ્તો પકડી લે'** –આ છે બદલો કે જે અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરે પાક (સ.)ને પોતાની મુસ્લિમ ઉમ્મત પાસેથી પોતાની રિસાલતની મજદૂરી માટે માગવાનો હુકમ કર્યો છે. ચાલો આપણે એક બીજી આયત સૂરએ બકરામાંથી જોઈએ અને ત્યાર પછી બન્ને આયતો ઉપર ચિંતનમનન કરીએ:

● **''અને ખુદા જેને ઈચ્છે છે, સન્માર્ગની હિદાયત કરે છે.''** (સૂરએ બકરા, આયત–૨૧૩)

આ આયત ફરમાવે છે કે **અલ્લાહ (સુ.વ.ત.) જેને ઈચ્છે છે તેને જ સાચા રસ્તાની હિદાયત કરે છે.** જ્યારે સૂરએ ફુર્કાનમાંની અગાઉની આયતમાં પયગમ્બરે પાક (સ.)એ પોતાની ઉમ્મતને જણાવેલો અંતિમ પયગામ છે **એવા સીધા રસ્તાની દિશામાં મથન કરવું કે જે અલ્લાહ સુધી પહોંચતો હોય.** પરંતુ આપણે એવું તારણ કાઢ્યું છે કે **અલ્લાહ તરફનો સીધો માર્ગ તો એ છે કે જે આપણા પ્યારા પયગમ્બરે પાક (સ.)ની પવિત્ર આલે પકડેલો છે.** તેથી જ તો અલ્લાહ (સુ.વ.ત.)એ ફરીથી પયગમ્બરે પાક (સ.)ને તેમના અંતિમ પયગામની ચોખવટ કરતાં આ રીતે ફરમાવ્યું :

● ''અય રસૂલ (સ.) ! તમે કહી દો કે હું મારી તબ્લીગે રિસાલતનો **મારા કરાબતદારોની મોહબ્બત** સિવાય તમારી પાસેથી કોઈ બદલો માગતો નથી.'' (સૂરએ શુરા, આયત–૨૩)

જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે પયગમ્બરે પાક (સ.)ને પૂછવામાં આવ્યું હતું કે તેઓ કોણ છે કે જેમની મોહબ્બત અમારા ઉપર વાજિબ કરવામાં આવી છે ? તો તેના જવાબમાં પયગમ્બર (સ.)એ ફરમાવ્યું કે તેઓ છે, **અલી (અ.), ફાતેમા (સલા.), તેમના ફરઝંદો હસન (અ.) અને હુસૈન (અ.)**.

(સંદર્ભ : તફસીરે કિશાફ, અલ્લામા ઝમખશરી, જિલ્દ–૩, પેજ–૬૭)

આવી જ એક હદીસ સ'લાબી, ઝમખશરી, સુયુતિ અને બૈઝાવીએ નોંધી છે કે જેમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઉપરની આયત **મુસ્લિમ જગત ઉપર મૌલા અલી (અ.)ના ઘરવાળાઓ સાથેની મોહબ્બતને વાજિબ કરવા** નાઝિલ કરવામાં આવી હતી. આગળ પડતા ઈસ્લામી લેખકો જેવા કે બુખારી, મુસ્લિમ, અહમદ ઈબ્ને હમ્બલ અને અન્ય લોકોએ પણ ઈબ્ને અબ્બાસને ટાંકીને આ જ મતલબની હદીસોની નોંધ કરી છે. **તેથી જ તો અલ્લાહ સુધી પહોંચતા સીધા રસ્તાને પકડવા માટે અહલેબૈત સાથે મોહબ્બત કરવી અને તેમની હિદાયત પર ચાલવાનો પ્રયત્ન કરવો.**

સૂરએ બકરામાંથી આયત નં. ૨૧૩ તરફ પાછા જતાં કે જેની ઉપર ચર્ચા થઈ ગઈ છે કે

જે એવું ફરમાવે છે, **અલ્લાહ (સુ.વ.ત.) એમની જ હિદાયત કરે છે કે જેમને તે આ રસ્તા પર ચલાવવા રાજી હોય.** અહીં **સાચો રસ્તો છે અહલેબૈતની મોહબ્બત.** તેનો અર્થ એ થાય છે કે **<u>અલ્લાહ (સુ.વ.ત.) જે લોકોની હિદાયત કરવાની ઈચ્છા કરે છે તેમના દિલોમાં અહલેબૈત પ્રત્યેની મોહબ્બતને ભરી દે છે</u>** અને આપણા આ તારણને કુરઆન દ્વારા નીચેની આયતમાં નીચે પ્રમાણે ચકાસવામાં આવેલ છે :

● "ખુદા **<u>પોતાના નૂરની તરફ જેને ચાહે છે, હિદાયત કરે છે.</u>**" (સૂરએ નૂર, આયત–૩૫)

ઉપરની આયત જણાવે છે કે **અલ્લાહ જેને ઈચ્છે છે, પોતાના નૂર તરફ હિદાયત કરે છે,** પરંતુ અલ્લાહ તો દેખાતો જ ન હોવાથી કયા નૂર તરફ આપણી હિદાયત કરવામાં આવશે?

ચાલો આપણે ઉપરની આયત નાઝિલ થવા વિષેના કેટલાક સંદર્ભો જોઈએ કે જે આપણા અનુમાનને વધુ મજબૂત બનાવશે :

● *રિવાયત કરી છે અલી ઈબ્ને મોહંમદ અને મોહંમદ ઈબ્નુલ હસાને સહ્લ ઈબ્ને ઝિયાદથી, તેમણે મોહંમદ ઈબ્ને અલ હસાન ઈબ્ને શમ્મુનથી, તેમણે અબ્દલ્લાહ ઈબ્ને અલ કાસિમથી, તેમણે સાલિહ ઈબ્ને સહ્લ અલ હમદાનીથી કે જેણે ઈમામ જાફર સાદિક (અ.) ના હવાલાથી આ હદીસની રિવાયત કરી છે અને તે અનુસાર ઈમામ (અ.)એ ફરમાવ્યું છે કે ઉપરની આયતમાં :*

**'અલ્લાહ પોતાના નૂર તરફ એની જ હિદાયત કરે છે કે જેમને તે ઈચ્છે'**નો અર્થ એ છે કે અલ્લાહ જેને ઈચ્છે છે તેને ઈમામો દ્વારા હિદાયત કરે છે.

(સંદર્ભ : અલ કાફી, જિલ્દ–૧, H. ૫૧૩)

● હસન અલ બસરી, અબ્દુલ હસન મગાઝિલ અને શાફઈએ એવો ઉલ્લેખ કર્યો છે કે **'અલ્લાહ પોતાના નૂર તરફ એની હિદાયત કરે છે કે જેને તે ઈચ્છે છે'**નો અર્થ એ છે કે અલ્લાહ જેને ઈચ્છે છે તેના દિલમાં **<u>મૌલા અલી (અ.) અને બીબી ફાતેમા (સલા.)ના વંશજો માટેની મોહબ્બત</u>** ભરી દે છે.

→ આનાથી એ બાબત સ્પષ્ટ થાય છે કે અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને અહલે ઝિક્ર તરીકે શા માટે પસંદ કર્યા. પયગમ્બરે પાક (સ.) અને આપની પાક આલ (અ.)માંથી ઉતરી આવેલા ઈમામો અહલે ઝિક્ર છે કેમકે **<u>તેઓ અલ્લાહ (સુ.વ.ત.) નું નૂર છે કે જેમને આપણી હિદાયત માટે પેદા કરેલ છે. અલ્લાહ (સુ.વ.ત.) પોતે આપણી આંખોથી ઓઝલ છે અને તેણે આ નૂરને માનવ સ્વરૂપમાં પેદા કર્યું જેથી આપણે સમજી શકીએ કે ઈલાહી પયગામ શું છે અને સિરાતે મુસ્તકીમ ઉપર આપણે સાબિતકદમ રહી શકીએ.</u>** જો આપણે તેમને નજરમાંથી ગુમાવી દઈએ તો આપણે શયતાનનો સામનો કરવાનું જોખમ વહોરવું પડે અને આપણે કદાચ ગુમરાહ થઈ જઈએ પરંતુ આપણે જો તેમની દિશામાં મથન કરીએ તો આપણને હિદાયત અને નજાત મળવાની ચોકકસ ખાત્રી છે. **આપણા પ્યારા**

**પયગમ્બર (સ.)એ પોતાની આખી જિંદગી સુધી જુદા જુદા પ્રસંગોએ અહલેબૈત (અ.) ની મોહબ્બતનું આપણા જીવનમાં શું મહત્વ છે તેનો પયગામ પહોંચાડ્યો છે અને હદીસોના સ્વરૂપમાં આપણને દસ્તાવેજી પુરાવા પણ આપ્યા છે** કે જેમનો ઉલ્લેખ મુસ્લિમ ઉમ્મતના જુદા જુદા ફિરકાઓની પ્રમાણભૂત કિતાબોમાં જોવા મળે છે.

અને તેઓ આપણા હાદીઓ છે તે કારણે તેમણે પોતાના જીવનકાળ દરમિયાન જે સદ્ગુણો બતાવ્યા છે, તેમને આપણે આપણી શકિત મુજબ જીવનમાં ઉતારવાની જરૂર છે. તેમની બરોબરી કરવી તો આપણા માટે અશકય છે પરંતુ જો આપણે તેમના જીવનમાંથી કંઇક પ્રેરણા મેળવીએ તો આપણને પુષ્કળ ફાયદો થઇ શકશે. અમુક સદ્ગુણોના તો તેઓ સાકાર સ્વરૂપ બની ગયા છે કે જેમને આપણે નીચેની આયતની રોશનીમાં જોઇશું :

● "અને અમે તો કોઇ શખ્સને **તેની શકિત કરતાં વધારે તકલીફ આપતા જ નથી.**"

(સૂરએ મોમિનીન, આયત–૬૨)

ઉપરની આયત કહે છે કે અલ્લાહ (સુ.વ.ત.) કોઇ પણને તેના ગજા ઉપરાંતનો ભાર આપતો નથી. **એનો અર્થ એ થયો કે જેમ જેમ કોઇ વ્યકિત દ્વારા વધારે પ્રમાણમાં મુસીબતોનો સામનો થાય તેમ તેમ તેની સહન કરવાની શકિત વધતી જાય છે.** પયગમ્બરોના જીવન તરફ જોતાં કે જેઓ આ ધરતી ઉપર ઉતરી આવ્યા અને જુદા જુદા પ્રકારની મુસીબતોનો સામનો કર્યો તેના ઉપરથી એવું કહી શકાય કે **કરબલામાં ઈમામ હુસૈન (અ.) અને તેમના ઘરવાળાઓએ જેવી મુસીબતો વેઠી હતી એવી મુસીબતો તો કોઇએ વેઠી નથી.** કરબલાના જંગમાં અગણિત અને કઠોર યાતનાઓ માસૂમ બાળકો ઉપર અને આપણા વહાલા ઈમામ હુસૈન (અ.)ના ઘરવાળાઓ ઉપર પડી હતી. આ બાબતને આપણે **ઉપરની આયતની રોશનીમાં** જોઇએ તો તે આયત આપ (અ.)ના **<u>સબ્રની અને ઈમાનની મહત્તાને</u>** પ્રદર્શિત કરે છે.

મારી તાજેતરની ઇરાકની મુલાકાત દરમિયાન મેં એ સ્થળ પણ જોયું હતું કે જ્યાં ઈમામ મૂસા કાઝિમ (અ.)ને લગભગ આખી જિંદગી સુધી કેદમાં રાખવામાં આવ્યા હતા. કેદની કોટડી એટલી બધી નાની હતી અને છત એટલું બધું નીચું હતું કે પવિત્ર ઈમામ (અ.) રુકૂઅની સ્થિતિથી વધારે પ્રમાણમાં પોતાનું માથું ભાગ્યે જ ઊંચું કરી શકે તેમ હતા. જો અલ્લાહ (સુ.વ.ત.)એ ઈમામોને અહલે ઝિક્ર તરીકે પેદા કર્યા હોય તો પછી આપણને નવાઇ લાગે કે આવી બધી યાતનાઓ તેમના ઉપર શા માટે ?

પરંતુ જ્યારે આપણે ઉપરની આયતની રોશનીમાં તેમના જીવન તરફ જોઇએ તો તે સમજાવે છે કે **<u>અલ્લાહ (સુ.વ.ત.)એ આવા ઘોર અત્યાચારની રોશનીમાં માનવજાત સામે તેમની તાકાતને પ્રગટ કરી છે.</u>** તેમણે એ દરેક સદગુણને

કે જેને અલ્લાહ (સુ.વ.ત.)એ કુરઆનમાં આપણને અપનાવવાનું કહ્યું છે તે દરેક સદગુણનું સાકાર સ્વરૂપ છે. તેઓ બધા "કુરઆને નાતિક" છે અને તેમનાં જીવન આપણા માટે હિદાયત છે.

● કુરઆને પાકના કહેવા પ્રમાણે પયગમ્બરે પાક (સ.) સઘળા આલમો માટે રહેમત છે.

(સૂરએ અંબિયા, આયત–૧૦૭)

**<u>આ રીતે આપ (અ.)એ 'રહેમતનું' સાકાર સ્વરૂપ પૂરું પાડ્યું છે.</u>**

● જ્યારે મુસ્લિમ લશ્કર 'ખૈબરનો કિલ્લો' જીતી શકતું નહોતું અને જંગ હારી રહ્યા હતા ત્યારે પયગમ્બરે પાક (સ.)એ તેમની દુઆમાં અલ્લાહ આગળ મૌલા અલી (અ.)ની મદદ માટેનો પોકાર "નાદે અલી" પઢીને કર્યો. મૌલા અલી (અ.) મદદ માટે આવી પહોંચ્યા, કિલ્લો જીતી લીધો અને તોતીંગ દરવાજો મોઅજિઝાથી પોતાના હાથમાં ઊંચકી લીધો. સૂરએ હદીદ દ્વારા આયત નં ૨૫ ઝુલ્ફિકાર નાઝિલ થવાના પ્રસંગનો ઉલ્લેખ કરે છે. ઓહદના જંગમાં જિબ્રઈલ (અ.) **ઝુલ્ફિકાર** લઈને નાઝિલ થયા અને આવું કહીને મૌલા અલી (અ.)ને અર્પણ કરી :

**"લાફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલ્ફિકાર."** (ઝુલ્ફિકાર જ એક માત્ર અસરકારક તલવાર છે અને અલી (અ.) જ અજોડ જવાંમર્દ છે.)

(સંદર્ભ : હબીબુસ સિયાર, રૌઝતુલ અહબાબ) **<u>આ રીતે મૌલા અલી (અ.) 'તાકાત' અને 'ઈલાહી મદદ'નું સાકાર સ્વરૂપ બન્યા.</u>**

● સૂરએ અહઝાબની આયત નં.૩૩ (આયતે તત્હીર)એ **<u>સૈયદા ફાતેમા (સલા.)ને 'પાકીઝગી'ના સાકાર સ્વરૂપ હોવાનું સમર્થન કર્યું છે.</u>**

● નિર્દોષ મુસ્લિમોની કતલને અટકાવવા માટે આપણા વહાલા ઈમામ હસન (અ.) એ સમયના લુચ્ચા ખલીફાની સાથે સુલેહનામુ કરવા જોડાયા અને તેની લુચ્ચી હિલચાલોને અંકુશમાં રાખી લીધી અને બિનજરૂરી લોહી રેડાતું અટકાવ્યું. **<u>આ રીતે આપ (અ.) 'હિકમત'નું સાકાર સ્વરૂપ બન્યા.</u>**

● કરબલાના મેદાનમાં ઈમામ હુસૈન (અ.)એ પોતાનાં માસૂમ અહલેહરમની કુરબાની ઈસ્લામ ખાતર આપી દીધી અને **<u>આ રીતે આપ (અ.) 'સબ્ર' અને 'ઈમાન'નું સાકાર સ્વરૂપ બન્યા.</u>**

● ઈમામ હુસૈન (અ.)ની શહાદત પછી કરબલાના મેદાનમાં સૈયદા ઝયનબ (સલા.)એ આપ (અ.)ના ઘરવાળાઓની કાળજી લીધી. એ સમયની યાતનાઓ દરમિયાનનો આપનો ગૌરવપૂર્ણ વ્યવહાર ઉમ્મતની સ્ત્રીઓ માટે એક પ્રેરણારૂપ બાબત છે અને **<u>આપ 'આત્મગૌરવ'ના સાકાર સ્વરૂપે ખડાં થાય છે.</u>**

● અબ્બાસ અલમદાર (અ.)ની માત્ર હાજરી જ કે જે કરબલામાં દુશ્મનોના માનસને કંપાવી નાખે છે તે બાબત ઈમામ હુસૈન (અ.) અને તેમના ઘરવાળાઓ માટે રાહતરૂપ હતી.

આપની વફાદારી અને ઈમામ હુસૈન (અ.) પ્રત્યેની મોહબ્બત એવી હતી કે તેમણે કાયર દુશ્મનો દ્વારા પોતાના બન્ને હાથ કપાવી દીધા પરંતુ ઈમામ હુસૈન (અ.)ની ઈચ્છા ખાતર તેમના સામે શસ્ત્રો ઉગામ્યાં નહીં. તેમણે ફુરાત ઉપર કબજો જમાવી દીધો પરંતુ ઈમામ હુસૈન (અ.) નાં બાળકો તરસ્યાં હતાં તે ખાતર પોતે પાણી ન પીધું. આપે ઈમામ હુસૈન (અ.) અને આપનાં બાળકો ખાતર પોતાની કુરબાની આપી દીધી. આપ ભાઈચારા માટેનો પ્રેરણાસ્ત્રોત છે. **આ રીતે તેઓ 'બહાદુરી' અને 'વફાદારી'નું સાકાર સ્વરૂપ બની ગયા.**

મારા દ્રષ્ટિકોણને સમજાવવા માટે મેં ઘણાં બધાં ઉદાહરણોમાંથી માત્ર થોડાંક જ ઉદાહરણો ઉપર ટાંક્યાં છે. તેઓ **અલ્લાહની નિશાનીઓ અને તેની ઓળખ** છે. અલ્લાહ (સુ.વ.ત.)ને અને તેના પયગામને સમજવા માટે આપણે તેમના તરફ અને તેમના જીવન તરફ જોવાનું છે. ઈમામ ઝયનુલ આબેદીન (અ.) ના હવાલાથી પયગમ્બરે પાક (સ.)એ આપેલો ખુત્બો આપણા ઉપરના દાવાને સમર્થન આપે છે :

● ઈમામ અલી ઈબ્નુલ હુસૈન (અ.)એ ફરમાવ્યું, "મારા પિતાએ મને રિવાયત કરી છે કે તેમના પિતાએ રિવાયત કરી છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું :

જ્યારે આદમ (અ.)એ અમારી રૂહને જોઈ તો તેમણે ફરમાવ્યું, **યા અલ્લાહ ! આ રૂહો શું છે ?** અલ્લાહ તબારક વ તઆલાએ ફરમાવ્યું, **"અય આદમ ! આ રૂહો મારી મહાનતમ ખિલ્કતો અને બંદાઓ છે –**

**– આ મોહંમદ છે** અને **હું અલ મહમૂદ અલ હમીદ (સૌથી વધારે આભાર માનવામાં આવેલો) છું, મારાં કાર્યો માટે.** મેં તેનું આ નામ મારા નામ ઉપરથી પાડ્યું છે.

**– આ અલી છે** અને **હું અલ અલીય્યુલ અઝીમ (સૌથી ઉચ્ચ અને મહાનતમ) છું.** મેં તેનું આ નામ મારા નામ પરથી પાડ્યું છે.

**– આ ફાતેમા છે** અને **હું ફાતિર (આકાશો અને જમીનોને પેદા કરનારો) છું.** કે જે કયામતના દિવસે પોતાના દુશ્મનોને પોતાની રહેમતથી વંચિત રાખશે અને મારા વલીઓને જે કાંઈ નુકસાન થયેલ હોય, તેનાથી બચાવશે, તેથી મેં તેણીનું નામ મારા નામ ઉપરથી પાડ્યું છે.

**– આ અલ હસન અને અલ હુસૈન છે** અને **હું અલ મોહસિન અલ મોજમિલ (સૌથી વધારે દાનશીલ અને સૌથી વધારે ઉદાર) છું.** મેં તેમનાં નામ મારા નામ ઉપરથી પાડ્યાં છે.

**આ બધા મારા સૌથી વધારે સર્વગુણસંપન્ન સર્જનો છે અને મારા સૌથી વધારે ગૌરવવંતા બંદાઓ છે. તેમના લીધે હું આપું છું, તેમના લીધે હું સજા કરું છું, તેમના લીધે હું બદલો આપું છું.** તેથી **તેમના દ્વારા આજીજી કરો. અય આદમ ! અને જો તમારે કોઈ હાડમારીનો સામનો કરવો પડે તો તેમને તમારા મધ્યસ્થી**

**બનાવો** કેમકે મેં કસમ ખાધી છે કે **ખરેખર હું એવા કોઈને પણ નિરાશ નહીં કરું કે જે તેમના દ્વારા રહેમતની આશા રાખતો હોય અને એવા કોઈને પણ કદી ના નહીં પાડું કે જે તેમના દ્વારા વિનંતી કરતો હોય.**

(સંદર્ભ : બિહારૂલ અન્વાર, પેજ–૩૨૭, જિલ્દ–૧૫૦, જિલ્દ–૧૧, તફસીરે ઈમામ હસન અસ્કરી (અ.), પેજ–૨૧૯, તફસીરે સાફી, જિલ્દ–૧, પેજ–૧૧૫, યનાબેઉલ મોવદ્દત, જિલ્દ–૧, પેજ–૨૮૮)

પયગમ્બરે પાક (સ.) અને આપની આલ (અ.) **અલ્લાહ (સુ.વ.ત.)નું નૂર** છે કે જેમનું સર્જન આપણા હાદીઓ તરીકે કરવામાં આવ્યું છે અને તેઓ આપણી **પ્રેરણા માટેના અવિરત સ્ત્રોત** છે. તેઓ કુરઆનમાં જેમનો ઉલ્લેખ થયેલો છે તેવા પયરવી કરવા માટેના **"સિરાતે મુસ્તકીમ"** છે. તેઓ **"અલ્લાહની નિશાનીઓ"** છે કે જેમની સાથે મોહબ્બત કરવાની જરૂર છે. તેમનો ઝિક્ર, અલ્લાહનો ઝિક્ર છે અને **તેથી જ તો તેઓ "અહલે ઝિક્ર" છે.** અલ્લાહ (સુ.વ.ત.) તેમની **મોહબ્બતને એવા લોકોના દિલોમાં જન્માવે છે કે જેમના માટે તે ઈચ્છા કરે છે.** તેથી ચાલો આપણે અલ્લાહ (સુ.વ.ત.)નો શુક્ર અદા કરીએ કે તેણે આપણા દિલોમાં અહલેબૈત (અ.)ની મોહબ્બત પેદા કરીને આપણને પસંદ કર્યા છે અને આપણે તેની આગળ એવી દુઆ માગીએ કે તે આપણને હિદાયતપ્રાપ્ત રાખે અને આના માટે બન્ને જગતમાં આપણને સવાબ આપે. છેલ્લે આપણે આ બાબત વિષેની મૌલા અલી (અ.)ની આજ્ઞાઓનો ઉલ્લેખ કરીને આ લેખનું સમાપન કરીએ :

→ "પયગમ્બરના ઘરના લોકો તરફ નજર કરો. **તેમના હુકમોને વળગી રહો. તેમનાં પદચિહ્નોની પયરવી કરો કારણ કે તેઓ કદી પણ તમને હિદાયતથી દૂર નહીં રાખે અને કદી પણ હલાકતમાં નહીં નાખે.** જો તેઓ બેસી જાય તો તમે બેસી જાઓ. અને જો તેઓ ઊભા થાય તો તમે ઊભા થાઓ. **તેમનાથી આગળ નીકળી ન જતા એવું કરવાથી તો તમે ગુમરાહ થઈ જશો, અને તેમનાથી પાછળ રહી ન જતા એવું કરવાને કારણે તમે હલાક થઈ જશો.**"

(સંદર્ભ : ખુત્બા નં.૯૬, નહજુલ બલાગા)


**ફોન : ૨૫૬૨૦૧૮૦**
**મો. ૯૪૨૬૩૨૮૫૭૦**
**મો. ૯૮૯૮૬૬૭૭૪૧**

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**

# ચમત્કારિક નિશાનીઓ

લેખન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

يٰۤاَهۡلَ الۡكِتٰبِ قَدۡ جَآءَكُمۡ رَسُوۡلُنَا يُبَيِّنُ لَـكُمۡ كَثِيۡرًا مِّمَّا كُنۡتُمۡ تُخۡفُوۡنَ مِنَ الۡكِتٰبِ وَ يَعۡفُوۡا عَنۡ كَثِيۡرٍ ؕ قَدۡ جَآءَكُمۡ مِّنَ اللّٰهِ نُوۡرٌ وَّكِتٰبٌ مُّبِيۡنٌ ۙ‏ ﴿١٥﴾

(હે અહલે કિતાબ ! ખરેખર અમારા પયગમ્બર તમારી તરફ આવી પહોંચ્યા છે, જે તમારી કિતાબમાં નાઝિલ થયેલી ઘણી હકીકતો કે જે તમે છુપાવતા હતા તેની સ્પષ્ટતા કરે છે. ખરેખર અલ્લાહ તરફથી તમારી તરફ એક નૂર આવ્યું છે અને એક સ્પષ્ટ કિતાબ આવી છે.)

(સૂરએ માએદા, આયત–૧૫)

આજથી લગભગ ૧૪૮૭ વર્ષ પહેલાં રસૂલલ્લાહ (સ.)ની વિલાદત મક્કામાં થઈ હતી. આ બાબતની કુરઆન ગવાહી આપે છે કે –

وَمَاۤ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ‏ ﴿١٠٧﴾

(રસૂલલ્લાહ (સ.)ને રહમતુલ્લીલ આલમીન તરીકે મોકલવામાં આવ્યા હતા.)

(સૂરએ અંબિયા, આયત–૧૦૭)

રસૂલલ્લાહ (સ.)ના વિલાદતના દિવસને ઈદ તરીકે ગણવામાં આવે છે કારણકે હદીસે કુદસીમાં આવ્યું છે –

''અલ્લાહે સૌથી પહેલાં મારા નૂરની ખિલ્કત કરી.''

ઈતિહાસ આ બાબતની સાક્ષી આપે છે કે જ્યારે નબીએ કરીમ (સ.)ની વિલાદત થઈ ત્યારે મક્કાના આકાશમાં ઝગમગતું નૂર દેખાયું અને કાફિરોએ કા'બામાં સ્થાપિત કરેલા બુતો ઊંધા માથે આપમેળે જ પટકાઈ પડયા. આમ અલ્લાહે આખરી નબીના જન્મની આગાહી આપી દીધી.

આ એક તર્કસંગત બાબત છે કે અલ્લાહે પસંદ કરેલા ખાસ બંદાઓના જન્મ સમયે અલ્લાહ તરફથી નિશાનીઓ જોવા મળે. આ બાબતને કારણે જ તેમનો આ ધરતી પર જન્મ સામાન્ય લોકોના જન્મથી અલગ તરી આવે છે. આ અદભુત ઘટનાઓની બીજી ઉમ્મતોના લોકો પણ સાક્ષી આપે છે. તે લોકો ઈબ્રાહીમ નબીના જન્મની અગાઉથી જ પ્રતિક્ષા કરી રહ્યા હતા. તેમના જન્મની ખુશખબરી આપતા સંકેતો તેમને પહેલાંથી જ મળી ચૂકયા હતા. આ જ પ્રમાણે મૂસા નબીના

જન્મની ખુશખબરી મળી ચૂકી હતી. ઈસા નબીના જન્મ સમયે દેખાયેલી ચમત્કારિક નિશાનીઓની હકીકત પણ સાબિત થયેલી છે. ઈસા (અ.)એ પારણામાંથી જ શંકાશીલ યહૂદીઓને જવાબ આપ્યો હતો :

قَالَ اِنِّيْ عَبْدُ اللّٰهِ ۗ اٰتٰنِيَ الْكِتٰبَ وَ

جَعَلَنِيْ نَبِيًّا ﴿۳۰﴾

(ખરેખર હું અલ્લાહનો બંદો છું : તેણે મને કિતાબ આપેલી છે અને મને પયગમ્બર બનાવ્યો છે.) (સૂરએ મરયમ, આયત–૩૦)

જે કોઈ પણ ઉપરોકત અદભુત ઘટનાઓને નકારી કાઢશે તે ખરેખર કાફિર જ ગણાશે કારણ કે ઈસ્લામના બધા જ ફિરકાઓ તે બાબતોને સ્વીકારે છે.

આજ રીતે સમગ્ર માનવજાતમાં સૌથી ઉચ્ચ, સૌથી સંપૂર્ણ, મેઅરાજ હાંસિલ કરનાર અને અલ્લાહની સૌથી વધારે નજીક પહોંચનાર રસૂલ (સ.)ની વિલાદતના સમયે કોઈ પણ અદભુત ઘટના ન બની હોય તે કેવી રીતે માની શકાય ? અને આવી મહાન હસ્તીની વિલાદતના દિવસની ઉજવણી હરામ અથવા બિદ્અત કેવી રીતે હોઈ શકે ? આવી માન્યતા ધરાવનારના અકીદા ઉપર અફસોસ છે અને તે તેમની કમનસીબીની નિશાની છે. તેવો અકીદો ધરાવનાર લોકો પાસે સ્થાપિત હિતો અને કાવાદાવાથી બની બેઠેલા શાસકોએ નિમેલા ઈમામો પાસેથી મેળવેલ ઈસ્લામ હોય છે. તેવા લોકો અલ્લાહ તરફથી નિમાયેલા પાક અહલેબૈતના ઈમામોની અવગણના કરે છે પરિણામે ગુમરાહીમાં ભટકી જાય છે.

અલ્લાહે ઈસ્લામની તબ્લીગ માટે રસૂલ (સ.) પછી ફકત અને ફકત અહલેબૈતમાંના પાક ઈમામોની જ નિમણૂક કરી અને તેની જાહેરાત કરવાનો રસૂલ (સ.)ને હુકમ કર્યો, જેથી ઈસ્લામનો સંદેશ પ્રદુષિત થાય નહીં અને કયામત સુધી પવિત્રતા અને સચ્ચાઈ જળવાઈ રહે. ❂




**વેટરનરી ડોક્ટર**

**ડો. નજરઅલી હૈદરઅલી માંકણોજીયા**

(B.V.Sc. & A.H.)

- Graduate in 2005
- ૭ વર્ષનો Field Practice નો અનુભવ
- દરેક પશુઓને લગતા દરેક પ્રકારના રોગોની સારવાર માટે સંપર્ક કરો.

**મો. ૯૯૭૮૭૬૯૬૫૧**

ગામ : કાકોશી, તા. સિધ્ધપુર, જિ. પાટણ

## ફુરઆને મજીદના સૂરાઓનો પરિચય

### સૂરા નં.૭૮ સૂરએ નબઅ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : શું અમોએ જમીનને પાથરણું નથી બનાવી ? (૬)

અને પહાડોને (જમીનના) ખૂંટા (નથી બનાવ્યા ?) (૭)

અને તેમને જોડાબંદ પેદા નથી કર્યા ? (૮)

અને તમારી નિદ્રાને પરિશ્રમ દૂર કરનારી નથી બનાવી ? (૯)

અને અમોએ રાતને પડદો (નથી) બનાવ્યો? (૧૦)

અને અમોએ દિવસને આજીવિકા મેળવવા માટે (નથી) બનાવ્યો ? (૧૧)

અને અમોએ તમારા પર સાત મજબૂત (આસમાન) બનાવી દીધાં છે. (૧૨)

અને (તેમાં) અમોએ એક પ્રકાશિત દીવો કાયમ કર્યો છે. (૧૩)

ખુદા પોતાની નેઅમતો વિષે ફરમાવે છે કે શું અમોએ જમીનને તમારા માટે બિછાનું નથી બનાવ્યું કે તેના ઉપર બેસો અને હરોફરો અને પહાડોને જમીનના મજબૂત ખીલા બનાવ્યા નથી કે જેથી જમીન હલવા પામે નહીં ?

શું અમોએ સ્ત્રી–પુરૂષનાં જોડાં બનાવ્યાં નથી કે આપસમાં એકબીજા પ્રત્યે મોહબ્બત કરે અને તમારા વંશ વધે અથવા જોડાનો અર્થ એ કે શું અમોએ તમારો વંશ વધે અથવા જોડાનો અર્થ એ કે શું અમોએ તમને પ્રકાર પ્રકારના પેદા કર્યા નથી ? અને અમોએ તમારા માટે ઊંઘને દૂર કરનારી નથી બનાવી કે જેથી તમને આરામ મળે ?

અમોએ રાત્રીને પડદો નથી બનાવ્યો કે અંધકારમાં દરેક ચીજ છુપાઈ જાય, કેટલાક કહે છે કે તેનો અર્થ એ છે કે રાત્રીના સમયની તમારા માટે વસ્ત્ર તરીકે બનાવ્યું છે.

અમોએ દિવસ કામધંધા માટે બનાવ્યો છે, તેમાં તમારી રોજી મેળવવા માટે પ્રયત્નો કરો.

અમોએ તમારા ઉપર સાત મજબૂત આસમાન બનાવ્યાં છે એમાં કોઈ પણ જાતની ખરાબી નથી અને અમોએ તે આસમાનમાં એક પ્રકાશિત દીવો કાયમ કર્યો છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : અને અમે વાદળોમાંથી મુશળધાર પાણી વરસાવીએ છીએ. (૧૪)

કે જેથી અમે તે વડે અનાજ તથા વનસ્પતિને ઉત્પન્ન કરીએ. (૧૫)

અને ગીચોગીચ (ઝાડોથી) ભરેલા બગીચા પણ. (૧૬)

અને અમો આસમાનોમાંથી મુશળધાર પાણી વરસાવીએ છીએ. તે વડે અમે અનાજ તથા વનસ્પતિ ઉત્પન્ન કરીએ છીએ કે તમારા અને હેવાનના કામમાં આવે.

તે વડે અમો ગીચોગીચ મેવાઓથી ભરપૂર ઝાડ ઉગાડીએ છીએ. મતલબ કે તેમાં એટલો

બધો મેવો હોય છે કે ઉપરા ઉપરી વીંટાઈ જાય છે. એ નેઅમતો એટલા માટે ઉત્પન્ન કરી કે તેના માલિકનો શુક્ર કરો અને તેને ઓળખો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : બેશક ફેંસલાનો દિવસ એક ઠરાવેલો દિવસ છે. (૧૭)

જે દિવસે સૂર ફૂંકવામાં આવશે ત્યારે તમે ટોળેટોળાં (કબરોમાંથી) નીકળી આવશો. (૧૮)

અને આસમાનોને ઊઘાડી નાખવામાં આવશે ત્યારે તેમાં (ઠેક ઠેકાણે) દરવાજા થઈ જશે. (૧૯)

અને પહાડોને (તેમના સ્થાનેથી) હલાવી નાખીને ચલાવવામાં આવશે, પછી તે ઝાંઝવા થઈ જશે. (૧૯)

કયામતનો દિવસ લોકોના હિસાબ માટે નિર્માણ કરવામાં આવેલો છે, તે દિવસે દુનિયાનો નાશ થયેલો હશે.

તે દિવસે સૂર ફૂંકવામાં આવશે અને કબરોમાંથી ટોળેટોળાં નીકળી આવશે, મઆઝ બિન જબલે એક દિવસ અબૂ ઐયુબ અન્સારીના ઘરમાં હઝરત (સ.)ને આ આયતના અર્થ પૂછ્યા તો ફરમાવ્યું કે અય મઆઝ ! તેં બહુ મોટી વાત પૂછી. પછી આંખમાં આંસુ લાવીને આપે ફરમાવ્યું કે મારી ઉમ્મતના દસ પ્રકારના માણસોને કયામતના મેદાનમાં હાજર કરશે અને મોમિનોને તેમનાથી અલગ કરી નાખશે. એ લોકોમાં કેટલાક વાંદરાના રૂપમાં હશે, કેટલાક સુવ્વરના જેવા, તો કેટલાક ઊંધા માથે ચાલશે, કેટલાક આંધળા હશે તો કેટલાક મૂંગા હશે અને કેટલાક બહેરા હશે, કેટલાક જીભોને ચાવતા હશે અને તે જીભો છાતી ઉપર પડેલી દુર્ગંધ મારતી હશે, કેટલાકના હાથ પગ કપાયેલા હશે, કેટલાક અગ્નિની શૂળી ઉપર લટકતા હશે, કેટલાકે કતેરાન (એક જાતના તેલ)ના ઝભ્ભા પહેર્યા હશે અને તે ઝભ્ભા તેમની ચામડી સાથે ચોંટી ગયા હશે. પછી હઝરતે ફરમાવ્યું કે જેઓ વાંદરા છે તેઓ ચાડી ખાનાર છે. સુવ્વર છે એ હરામ ખાનાર છે, ઊંધે માથે ચાલનાર વ્યાજ ખાનારા હશે, આંધળા જુલમનો હુકમ કરનારા, મૂંગા અને બહેરા પોતાના આમાલ ઉપર મોટાઈ કરનાર હશે, જીભો ચાવનાર કાઝી (ન્યાયાધિશ) અને આલિમો હશે તેમની કહેણી તેમની વિરૂધ્ધ હશે, લોકોને નેક કામનું કહેતા હતા પણ પોતે કરતા ન હતા, હાથ–પગ કપાયેલા એ લોકો છે કે જેઓ પડોશીઓને દુ:ખ આપતા હશે અને જે અગ્નિની શૂળી ઉપર લટકનારા છે તે, લોકોના એબ શોધનારા અને બાદશાહની રૂબરૂ લોકોની ચાડી ખાતા હશે. જે લોકોમાંથી મડદાના જેવી દુર્ગંધ આવતી હશે તે લોકો પોતાના નફસોની ઈચ્છાઓને ચાહનારા હશે અને પોતાના માલમાંથી ખુદાનો હક આપવાની મનાઈ કરનારા હશે અને તે દિવસે ફરિશ્તાઓને ઉતરવા માટે આસમાનો ખોલી નાખવામાં આવશે અને તેમાં દરવાજાઓ થઈ જશે અને પહાડોને તેમની જગ્યાએથી હલાવી નાખવામાં આવશે પછી તે ઝાંઝવા જેવા થઈ જશે. (ક્રમશ:)

# નબવી અદાલત

**કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજતેહાદી**

**ચુકાદો નંબર-૩ ૧**

**કાતિલ અને મીરાસ**

અબૂ મોહંમદ કહે છે કે જ્યારે રસૂલે કરીમ (સ.)એ કાતિલને મક્તૂલ (જેને કતલ કરવામાં આવેલ હોય તે)ની મીરાસથી વંચિત કરી દીધો તો મરીઝના માટે પોતાની તલાકશુદા ઝૌજાને મીરાસથી વંચિત કરી દેવાની મનાઈ થઈ ગઈ જ્યાં સુધી કે તેની ઈદ્દતથી કંઈક બાકી રહે.

અમ્ર બિન શોએબે પોતાના વાલિદથી, તેમણે પોતાના દાદાથી રિવાયત કરી છે કે રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

"કાતિલના માટે મીરાસમાંથી કંઈ (મળવાપાત્ર) નથી."

અને ઈમામ માલિકનો કોલ છે કે અગર ગલ્તીથી કતલ કરેલ હોય તો તે માલનો વારિસ બનશે પરંતુ ખૂંબહાનો વારિસ નહીં બને અને જો જાણીબૂઝીને કતલ કરેલ હોય તો ન તો માલનો વારિસ બનશે કે ન તો ખૂંબહાનો વારિસ બનશે.

**ચુકાદો નંબર-૩ ૨**

**કૂતરાઓ વિષે**

કિતાબ અહકામમાં છે કે ઈબ્ને ઝિયાદ કાઝીના તરફ કેટલાક કાઝીઓએ પત્ર લખ્યો હતો કે જેમાં તેમને કૂતરાઓ વિષે સવાલ કરવામાં આવ્યો હતો અને ઈચ્છા કરી હતી કે આપ એ કૂતરાઓની બાબતમાં સ્પષ્ટતા લેખિતમાં કરો કે જે કૂતરા વસ્તીમાં જોવા મળે છે કેમકે એમાં એવા કૂતરાઓ મોટા ભાગે હોય છે કે જે તકલીફ પહોંચાડે છે, કરડે છે અને બાળકોને જખમી કરે છે અને ઘણા બધા લોકોએ આ બાબતમાં શિકાયત કરી છે અને શિકાયત કરવાવાળાઓની સંખ્યા રોજ બ રોજ વધતી જાય છે.

તેનો જવાબ કાઝી ઈબ્ને ઝિયાદે એવો આપ્યો કે એ કૂતરાઓને મારી નાખવામાં આવે પરંતુ જે કૂતરા શિકાર કરવા માટે અથવા તો ખેતીની દેખરેખ રાખવા માટે અથવા ઘેટાં બકરાંના ટોળાની હિફાઝત માટે હોય તેમને કતલ કરવામાં નહીં આવે, કેમકે રસૂલે કરીમ (સ.)નો ઈરશાદ છે કે,

"જે શિકારી કૂતરા, ખેતી અથવા ઘેટાં બકરાંના ટોળાનું રક્ષણ કરનાર કૂતરા સિવાયના કોઈ કૂતરાને પાળે તો અલ્લાહ તેના સવાબ અને અજ્રમાંથી એક કીરાત (એટલે કે દિરહમના બારમા ભાગ જેટલો) ઘટાડી દે છે."

વળી એક રિવાયતમાં છે કે એક વખત રસૂલે કરીમ (સ.)એ કૂતરાઓને મારવાનો હુકમ આપ્યો તો એ આદમી કે જેને હુકમ આપ્યો હતો તે એક આંધળી વૃધ્ધ સ્ત્રીના ઘેર ગયો અને તેના કૂતરાને મારી નાખવાની ઈચ્છા કરી. તે સ્ત્રીએ હસ્તક્ષેપ કર્યો અને કહ્યું,

"જેમકે તું મને જોઈ રહ્યો છે કે હું આંધળી

છું અને આ કૂતરો મારાથી ફાડી ખાનાર પશુઓથી દૂર રાખે છે અને અઝાનની માહિતી આપે છે તેથી તેને મારતો નહીં.''

આ સાંભળીને તે માણસ રસૂલે કરીમ (સ.)ની પાસે ગયો અને વિગત કહી સંભળાવી. આપ (સ.)એ તેમ છતાં પણ તેને કતલ કરવાનો હુકમ આપ્યો અને તે ઓરતે જે બહાનું બતાવ્યું તેના તરફ ધ્યાન ન આપ્યું.

**ચુકાદો નંબર-૩૩**

**નફો કમાનાર વકીલ**

વાઝેહામાં છે કે રસૂલે કરીમ (સ.)એ હકીમ બિન હિઝામને એક દીનાર આપીને મોકલ્યો જેથી તે આપ (સ.)ના માટે તેમાંથી કુરબાનીનું એક જાનવર ખરીદી લે. તો તેમણે કુરબાનીનું જાનવર એક દીનારમાં ખરીદીને તેને બે દીનારમાં વેચી દીધું અને આપ (સ.)ના માટે કુરબાનીનું એક બીજું જાનવર એક દીનારમાં ખરીદી લીધું અને તે કુરબાનીના જાનવરને અને તે દીનારને રસૂલે કરીમ (સ.)ની પાસે લાવ્યો. તો રસૂલે કરીમ (સ.)એ તે દીનારને રાહે ખુદામાં આપી દીધો અને તેમને તિજારતમાં બરકતની દુઆ આપી. પછી તો તેમની હાલત એવી થઈ ગઈ કે જો તેઓ માટી પણ ખરીદતા હતા તો તેમાં પણ ફાયદો થતો હતો.

**ચુકાદો નંબર-૩૪**

**છૂપી રીતે જોવું**

એક માણસે હુઝૂર રસૂલે કરીમ (સ.)ના ઓરડામાં છૂપી રીતે નજર કરી અને એ વખતે રસૂલે કરીમ (સ.)ના હાથમાં દુસા પથ્થર હતો કે જેનાથી આપ (સ.) પોતાનું માથું ખંજવાળી રહ્યા હતા. જ્યારે રસૂલે કરીમ (સ.)ની નજર તેના ઉપર પડી તો આપ (સ.)એ ફરમાવ્યું,

''અગર મને જો માલૂમ હોત કે તમે મને જોઈ રહ્યા છો તો હું તમારી બન્ને આંખોને ફોડી નાખત (અને તમને શું માલૂમ નથી) કેમકે નજર કરવા પહેલાં રજા લેવાને મુકર્રર કરી દેવામાં આવેલ છે.


વળી રસૂલે કરીમ (સ.)એ ફરમાવ્યું,

''અગર કોઈ માણસ તમારા ઉપર રજા વગર નજર ફેંકે પછી તમે તેની તરફ કાંકરીઓ ફેંકો અને તેની આંખ ફોડી નાખો તો કંઈ વાંધો નથી.''

('નબવી અદાલત' વિભાગ સમાપ્ત)


**રક્ષણ ફેબ્રીકેશન ગૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

સંપર્ક

મહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજીદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭

૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**

# કુરઆન શરીફના ફઝાએલ

(ગતાંકનું ચાલું)

## કુરઆનના ફઝાએલ જનાબે ફાતેમા ઝહરા (સલા.)ના શબ્દોમાં

આ કુરઆન તમારી વચ્ચે હકનો નિરીક્ષક છે. અલ્લાહનો તે અહદ છે કે જે તમારા માટે રજૂ કરવામાં આવેલ છે. તે જાનશીન છે કે જેને તમારા માટે પાછળ છોડી દેવામાં આવ્યું છે. અલ્લાહની નાતિક કિતાબ અને સાચું કુરઆન છે. ચમકતું નૂર, રોશન ચિરાગ છે. તેની દિલની દ્રષ્ટિઓ સ્પષ્ટ, તેનાં રહસ્યો પ્રગટ, તેમાં દેખાતી બીજી કોઈ ચીજ સ્પષ્ટ, તેને અનુસરનારા ઈર્ષા થાય તેવા છે. તેનું આજ્ઞાપાલન કરવાવાળાઓને હકની તરફ માર્ગદર્શન કરવાવાળુ, તેને સાંભળવાવાળાઓને નજાત સુધી પહોંચાડવાવાળુ, તેનાથી અલ્લાહની નૂરાની દલીલો અને તેના અમલ માટે વાજિબ કરેલા અહકામ, તેની તિરસ્કારપાત્ર હરામ બાબતો, સ્પષ્ટ દલીલો, સંપૂર્ણ દલીલો, ઈષ્ટ ફઝાએલ, પરવાનગીપાત્ર આમાલ અને વાજિબુલ અમલ શરીઅત સુધી પહોંચ શક્ય છે.

## કુરઆન શરીફના ફઝાએલ નહજુલ બલાગામાં..

નહજુલ બલાગામાં કુરઆને મજીદના ફઝાએલ અને તેની કદ્ર અને માઅરેફતની બાબતમાં અણમોલ ખજાના મોજૂદ છે.

**કુરઆનમાં અલ્લાહની તજલ્લી :**

• ...અલ્લાહ તઆલાએ લોકોના માટે પોતાની કિતાબ (કુરઆન)માં જલ્વો ફરમાવ્યો તો લોકોએ તેને જોયું નહીં, પરંતુ કુદરતની આ નિશાની દ્વારા જે તેણે પોતાની કિતાબમાં બતાવ્યા... (નહજુલ બલાગા, ખુત્બા નં.૧૪૫, સફા–૩૮૭)

**આગામી ભવિષ્યની વિદ્યાઓ :**

• ...આ (કુરઆન)માં આગામી (ભવિષ્યની) જાણકારીઓ, ભૂતકાળના પ્રસંગો* તમારી બીમારીઓના ઉપાયો અને તમારા પરસ્પરના સંબંધોનો પ્રબંધ છે. (હવાલા સાબિક ખુત્બો–૧૫૬, સફા–૪૧૫)

**જિંદગીના નિયમોનો સંગ્રહ :**

• જાણી લો કે કોઈને કુરઆન પછી કોઈ બીજા અમલ કરવા માટેના કાર્યક્રમની જરૂર બાકી રહેતી નથી અને ન તો કુરઆન વગર કોઈની જરૂરિયાત પૂરી થઈ શકે છે. (હવાલા સાબિક ખુત્બો–૧૭૪, સફા–૪૬૧)

**કુરઆનની તાલીમ :**

• કુરઆનનું ઈલ્મ પ્રાપ્ત કરો કેમકે તે

* અત્યંત ધ્યાન આપવા લાયક બાબત એ છે કે ભવિષ્યના માટે 'ઈલ્મ' શબ્દનો પ્રયોગ કર્યો છે અને ભૂતકાળના માટે 'વાકિઆત' શબ્દ વાપર્યો છે.

બહેતરીન કલામ છે અને તેમાં ચિંતનમનન કરો, આ દિલોની બહાર (વસંતઋતુ) છે અને તેના નૂરથી શિફા હાંસિલ કરો કેમકે તે છાતીઓમાં છુપાયેલી બીમારીઓ માટે શિફા છે અને તેની બહેતરીન તિલાવત કરો – તેના પ્રસંગો બધા પ્રસંગોથી વધારે ફાયદાકારક છે. (હવાલા સાબિક ખુત્બો–૧૦૮, સફા–૩૮૯)

**શફાઅત :**

- જાણી લો કે કુરઆન સંપૂર્ણ શફાઅત અને સાચા હોવાનું સમર્થન કરનાર કલામ છે. કયામતના દિવસે કુરઆન જેની શફાઅત કરશે તે તેના હકમાં માની લેવામાં આવશે. (હવાલા સાબિક, સફા–૪૬૪)

**આખેરતનું ભાથુ :**

- કયામતના દિવસે એક નિદા આપનારો કહેશે : જુઓ, દરેક વાવણી કરનારો પોતાની ખેતી અને પોતાના આમાલના નતીજામાં વ્યસ્ત છે, સિવાય કુરઆનની ખેતી વાવનારાઓના. તેથી તમે કુરઆનની ખેતી વાવનારા અને તેનું અનુસરણ કરનારા બનો. (હવાલા સાબિક, સફા–૪૬૨)

**અજોડ નસીહત :**

- અલ્લાહ સુબ્હાનાએ કોઈને એવી નસીહત નથી ફરમાવી કે જે આ કુરઆનના જેવી હોય કેમકે આ અલ્લાહની મજબૂત રસ્સી અને મુત્મઈન (સંતોષી) વસીલો છે અને તેમાં દિલોની બહાર (વસંતઋતુ) અને ઈલ્મનાં ઝરણાં છે અને માત્ર તેનાથી જ દિલમાં સફાઈ થાય છે. (હવાલા સાબિક, સફા–૪૬૪)

**કુરઆનના અહદો પૈમાન (વચન અને વાયદો):**

- તમે કુરઆનના અહદો પૈમાનના પાબંદ કદાપિ નહીં રહી શકો જ્યાં સુધી તેના તોડવાવાળાને ન જાણી લો. જે હિદાયતવાળા છે તેમનાથી હિદાયત તલબ કરો. (હવાલા સાબિક, ખુત્બા–૧૪૫, સફા–૩૯૮)

**કુરઆન પર અમલ કરવામાં પારકા લોકોની પહેલ :**

- કુરઆનની બાબતમાં અલ્લાહથી ડરતા રહો, ક્યાંક બીજા લોકો તેના ઉપર અમલ કરવામાં તમારાથી પહેલા ન થઈ જાય. (હવાલા સાબિક, વસિયત–૪૭, સફા–૭૩૮)

**નજાતનો ઝરીઓ :**

- તમે કિતાબે ખુદા પર અમલ કરો, તે એક મજબૂત રસ્સી, રોશન નૂર નફાકારક શિફા, પ્યાસ બુઝાવનાર સયરાબી છે, તેને અપનાવવાવાળા માટે હિફાઝતનો સામાન અને તેની સાથે સંકળાયેલા રહેવાવાળા માટે નજાત છે. (હવાલા સાબિક ખુત્બો–૧૫૪, સફા–૪૦૯)

**કુરઆન અને કુરઆનવાળાઓ સાથે વ્યવહાર :**

- લોકો ઉપર એક એવો સમય આવનાર છે કે જ્યારે તેમનામાં કુરઆનની માત્ર રેખાઓ જ બાકી રહી જશે.

એ જમાનાના લોકોની નજીક કુરઆનથી વધારે કોઈ બેકિંમત (કિંમત વગર)ની ચીજ નહીં

હોય, જ્યારે કે તેને આવી રીતે રજૂ કરવામાં આવશે કે જેવો રજૂ કરવાનો હક છે અને તે કુરઆનથી વધારે કિંમતી ચીજ નહીં હશે જ્યારે કે તેની આયતોનું સ્વરૂપ બદલી દેવામાં આવે. કુરઆન અને કુરઆનવાળા એ વખતે બહિષ્કૃત હશે, એક જ રસ્તામાં એકબીજાની સાથે હશે. તેમને કોઈ પનાહ આપનારો નહીં હોય. તેઓ બઝાહિર (જાહેર થયેલા) લોકોમાં હશે પરંતુ તેમનાથી અલગથલગ, તેમની સાથે હશે, પરંતુ સંબંધ વગર. તેથી ગુમરાહી હિદાયતથી મુબારક નથી થઈ શકતી અગર તે બન્ને એક જગ્યાએ હોય (તો પણ). લોકોએ ફાટફૂટ પેદા કરવા એકતા સાધી છે અને જમાઅતથી કપાઈ ગયા છે જાણે કે તેઓ કુરઆનના પેશવા હોય અને કુરઆન તેમનો પેશવા ન હોય. ✪


પાલનપુર ખાતે હાઈવે રોડ ઉપર સીટી એરીયામાં હોટેલ / બેન્કવેટ તેમજ ગેસ્ટ હાઉસ (૨૨ રૂમ)ને લાયક બિલ્ડીંગ જે હાલ તૈયાર છે પાર્કિંગ તથા કંપાઉન્ડની સગવડ સાથે યોગ્ય ભાડા કરારથી ફર્નિચર સાથે / વગર આપવાની છે.

**કોન્ટેક્ટ : ઝાકિરહુસૈન દાંત્રોલિયા**

**મો. ૭૮૭૪૫૫૫૫૪૪**





**મીકદાદઅલી**
**MO 99257 47592**
**(જેઠીપુરાવાળા)**

**મંઝર ચશ્માઘર**

Manzar Optical

**નંબરના ચશ્મા, ફેન્સી ગોગલ્સ તથા સનગ્લાસના ચશ્મા બનાવી આપવામાં આવશે.**

**L-5, આકાશગંગા કોમ્પલેક્ષ, નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.**

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી
દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

(૩) જનાબે ઈમામ હુસૈન (અ.)ને સિનાન બિન અનસ નખઈએ કતલ કર્યા છે. કેટલાક એવું કહે છે કે બની મદહજના એક આદમીએ, કેટલાક કહે છે કે શિમ્ર બિન ઝિલજૌશને કતલ કર્યા છે, અને ખૂલી બિન યઝીદ અલ અસબહી આપનું સર મુબારક નેઝા ઉપર ચઢાવીને ઈબ્ને ઝિયાદની પાસે લાવ્યો હતો.

(૪) આપ (અ.)ની ઉંમરની બાબતમાં મતભેદ છે કેટલાક કહે છે કે શહાદતના વખતે ૫૭ વર્ષના હતા. કેટલાક ૫૮ વરસનું વર્ણન કરે છે.

(૫) હિલાલ બિન નાફેઅ કહે છે કે હું ઉમર બિન સઅદની પાસે ઊભો રહીને વાતો કરી રહ્યો હતો એવામાં એક જણ ચીસો પાડતો મારી પાસે આવ્યો, અય અમીર ! બશારત થાય, હુસૈન (અ.) માર્યા ગયા. હિલાલ કહે છે કે ખુદાની કસમ છે કે મેં કોઈ પણ કતીલને ખૂનમાં આળોટતા તેમની માફક નથી જોયા અને તેમના ચહેરાનું નૂર અને જમાલ હોવા છતાં આસમાનની તરફ જઈ રહ્યું હતું. ત્યાર પછી મેં તેમના પવિત્ર શરીર ઉપરના ઝખમોની ગણતરી કરી કે જે તલવારોથી અને નેજાઓથી અને તીરોના લાગેલા હતા. કુલ ૧૨૦ ઝખમ હતા.

(૬) ઈમામ હુસૈન (અ.)ની શહાદત ૬૧ હિજરીની શરૂઆતમાં જુમ્આના દિવસે થઈ છે અને કેટલાક કહે છે કે શનિવારના દિવસે થઈ છે. દસમી મોહર્રમના દિવસે કરબલાના મેદાનમાં કે જે મુલ્કે ઈરાકમાં આવેલ છે.

(૭) હબીબ બિન સાબિત કહે છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.) શહીદ થઈ ગયા ત્યારે ઝૈદ બિન અરકમે મસ્જિદના દરવાજામાં બયાન કર્યું, હાય, તમે આવું શું કાર્ય કર્યું છે. હું ગવાહી આપું છું કે મેં આં હઝરત (સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે અય પરવરદિગાર ! હું એ બન્નેને અને સાલેહ અલ મોમિનીનને તને સોંપું છે. જ્યારે આ બાબત ઈબ્ને ઝિયાદને કહેવામાં આવી ત્યારે ઝૈદ બિન અરકમ વિષે એવું કહેવા લાગ્યો વુધ્ધાવસ્થાના કારણે કે તેની અકકલ જતી રહી છે. ❂

# જો મૈંને પૂછા અલીકા રૂત્બા

**વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી બાવા સાહેબ (મદ્દે.)**

جو میں نے پوچھا علیؑ کا رتبہ نبیؐ پکارے مجھی سے پوچھو
وہ نور میرا میں نور اس کا یہ بات سچ ہے اسی سے پوچھو

**જો મૈંને પૂછા અલીકા રૂત્બા, નબી પુકારે મુજ્હી સે પૂછો,**
**વો નૂર મેરા મૈં નૂર ઉસકા, યે બાત સચ હૈ ઉસીસે પૂછો.**

علیؑ کے در کا ہے سگ بھی کیسا ذرا قلندر سخی سے پوچھو
نگر نگر اور گلی گلی میں ہیں نعرے کس کے گلی سے پوچھو

**અલીકે દરકા હૈ સગ ભી કૈસા ઝરા કલંદર સખીસે પૂછો,**
**નગર નગર ઔર ગલી ગલીમેં, હૈ નાઅરે કિસ્કે ગલીસે પૂછો.**

گلوں میں اب بھی ہے خوشبو کس کی یہ بات گل کی کلی سے پوچھو
ہوئی کہاں ہے ولادت ان کی کبھی خدائے علیؑ سے پوچھو

**ગુલોંમેં અબ ભી હૈ ખુશ્બૂ કિસ્કી, યે બાત ગુલકી કલીસે પૂછો,**
**હુઈ કહાં હૈ વિલાદત ઉનકી, કભી ખુદાએ અલીસે પૂછો.**


**લગ્ન વિષયક** નીચેની વિગત ધરાવનાર યુવતી માટે જીવન સાથી જોઈએ છે.

❖ વ્યવસાય : ડોક્ટર
❖ અભ્યાસ : BDS (ડેન્ટલ)
❖ ઉંમર : ૨૮ વર્ષ
❖ લગ્ન વિષયક સ્થિતિ : અપરણિત
❖ સંપર્ક : મો.૯૯૭૪૨૫૧૩૦૩

ઉપરની લાયકાત ધરાવનાર યુવતી માટે શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના અપરણિત યુવકના માતા–પિતાએ આપેલ મોબાઈલ પર સંપર્ક કરવો.

હલ્કા ઇર્ફાને અહલેબૈત, મક્તબા જાફરીયા

# મજલિસ : પારિવારિક જીવન વિષે

પ્રસ્તુતકર્તા : મોલ્વી મો.શબ્બીરઅલી અલજીભાઇ રામસડા (ઇમાનપુરા)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِيۡنَ وَالصَّلَاةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيۡنَ

મોમિનીન અને મોમિનાત ! આપણે એ જોઈએ કે પરિવારને સુખમય બનાવવા માટે શું જરૂરી છે.

ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું કે, "ભલાઈ કરવી એ તમારી ફરજ છે કારણ કે તે ઉત્તમ ખેતી છે અને સૌથી નફાકારક વસ્તુ છે. (ગુર્રૂલ હિકમ, પેજ-૬૧૧૨)

આ હદીસ મુબારકથી આપણે જાણી શકીએ છીએ કે ભલાઈથી હંમેશાં ફાયદો થાય છે, તો આપણે જો બીજાઓ સાથે ભલાઈ કરવાનું વિચારીએ એ પહેલાં પોતાના ઘર તરફ નજર કરી લઈએ એટલે કે એની શરૂઆત ઘરથી કરીએ. કહેવાય છે કે દાન ઘેરથી શરૂ થાય છે, માટે આપણું સૌથી સારું દાન એ છે કે જે આપણે સમયના સ્વરૂપમાં કરીએ, બીજાઓને મદદના માટે આપીએ, માટે આખી દુનિયાને સુધારવા જતાં પહેલાં થંભી જઈએ, વિચારીએ અને ઘરમાં થોડોક સમય વધારે વિતાવીએ.

પરિવાર સમાજનો એક એકમ અથવા ઈંટ છે. જો એક ઉપર એક મૂકેલી ઈંટોની દીવાલ હોય અને તમે નીચેવાળી ઈંટને નુકસાન પહોંચાડી દો તો આખી દીવાલ પડી જશે. આવી જ રીતે જો તમે સમાજમાં પરિવારને જ નુકસાન પહોંચાડવા લાગી જાઓ તો તમારી આજુબાજુના આખા સમાજને અસ્તવ્યસ્ત થઇ જતાં વધારે વાર નહીં લાગે. બીજા લોકોના ઘરની સારી હાલત જોઈને આપણા ઘરને તુચ્છ ન સમજવું કારણ કે જેવું બીજા લોકોનું ઘર છે તેના કરતાં પણ વધારે સારું ઘર આપણું બની શકે છે એટલે કે આપણે ઘરમાં એકબીજાથી હળીમળીને રહીએ તો મોહબ્બત પેદા થશે અને જેના ઘરમાં મોહબ્બત હશે તેના ઘર માટે બીજાની મિસાલ લેવાની જરૂર નથી.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી મન્કૂલ છે કે ત્રણ બાબતો મોહબ્બત પેદા કરે છે :

(૧) દીનદારી, (૨) નમ્રતા અને (૩) ઉદારતા. (તૌફુલ ઉકુલ)

આ હદીસના શબ્દો પ્રમાણે આપણે દીનદારી, નમ્રતા અને ઉદારતા ધારણ કરીને આપણા

પરિવારમાં મોહબ્બત જારી રાખી શકીએ છીએ અને તેના કારણે આપણો પરિવાર એક જન્નત જેવો બનાવી શકીએ છીએ.

મૌલા અલી (અ.)એ ફરમાવ્યું છે કે, "જે ઘરમાં સંપ અને મોહબ્બત હોય છે તે ઘર જન્નતનો એક ટુકડો બની જાય છે." ચાર દીવાલો અને ઉપર છત હોય તેને ઘર ન કહેવાય, પરંતુ ઘર તો એને કહેવાય કે જ્યાં રહેનારા લોકો સંપ અને સુલેહથી રહે અને એકબીજાથી મોહબ્બત રાખે તો તેવા ઘરમાં સુખ અને શાંતિની અનુભૂતિ થાય છે અને તેવા ઘરો ઉપર અલ્લાહની રહેમત વર્ષે છે. તેવા ઘરોને વાસ્તવિક રીતે ઘર કહેવાય છે અને એવા જ ઘરોમાં જન્નત જેવી ખુશી મળે છે.

પોતાના ઘરના સભ્યો સાથે સારો વર્તાવ કરો અને તેમની સાથે સલાહસૂચન કરો કે જેથી બધા હળીમળીને રહી શકે. તેના માટે પહેલાં માબાપે સારી રીતભાત અપનાવી પડશે અને તેની અસર બાળકો ઉપર થશે કારણ કે હઝરત અલી (અ.) ફરમાવે છે કે, "જે નાના બાળકો છે એમનામાં હંમેશાં નેક વાતો આવે કે નેક સંસ્કારો પેદા થાય તેવું વર્તન તેમની સાથે કરવું જોઈએ."

હઝરત અલી (અ.)એ ફરમાવ્યું, "માબાપ તરફથી મળતા વારસામાં શ્રેષ્ઠ બાબત સારી રીતભાત છે. ઈસ્લામ સંતાનોના ઉછેરની બાબતને ખૂબ જ મહત્વ આપે છે અને આ બાબતમાં માતાપિતાને કાનૂની દ્રષ્ટિએ જવાબદાર ઠરાવે છે.

રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે, "માતાપિતા પોતાના સંતાનોની બાબતમાં એવી રીતે જવાબદાર છે કે જેવી રીતે તેઓ (પોતાના) માતાપિતાની બાબતમાં જવાબદાર છે.

હઝરત અલી (અ.) ફરમાવે છે, "જેને અમલ પાછળ ધકેલી દે તેને ખાનદાની આગળ નથી વધારી શકતી અથવા (બીજી રિવાયતમાં) જેના હાથમાંથી પોતાનું ચારિત્ર્ય નીકળી જાય તેને બાપદાદાઓનાં કારનામાં કામ નથી આવતાં. (નહ્જુલ બલાગા, પેજ-૪૬૨)

આપણે સુખી પારિવારિક જીવન જીવવાની રીત સમજીએ તે પહેલાં આપણે પરિવારના કેટલાક ફાયદા સમજી લઈએ. પરિવાર બાળકોના ઉછેર માટે એક સ્થાયી માહોલ આપે છે. બાળપણમાં તેને જેવા સંસ્કાર મળ્યા હશે તેવા તે પોતાના જીવનમાં અપનાવશે. પરિવાર બાળકને જીવનની શરૂઆતના વર્ષોમાં જ શીખવાડી દે છે કે કેવું વર્તન કરવું અને ખરા અને ખોટાનો ફેર કેવી રીતે સમજવો. બાળકો ઝાડની લીલી ડાળની સોટી જેવા હોય છે. લીલી ડાળની સોટીને જેમ વાળો તેમ વળે છે, પરંતુ સૂકાઈ ગયા પછી તે સોટીને વાળવા જઈએ તો તે તૂટી જાય છે. એવી જ રીતે નાના બાળકોમાં સારા સંસ્કાર રેડીએ અને બચપણમાં જેવી આદતો પાડીએ તેવી પડે છે. મોટા થયા પછી સૂકાયેલી સોટી જેવું થશે, માટે બાળકોમાં સારા સંસ્કારનું જતન કરો કે જેથી ફૂલની જેમ મહેંકી ઊઠે. બાળકો સારા બનીને, સંસ્કારવાળા બનીને, માબાપના નામને રોશન કરે.

પરિવાર પતિ અને પત્નીને એકબીજાનો સાથ આપવાનો મોકો આપે છે કે જેથી બન્ને એકબીજા ઉપર આધાર રાખે અને વિશ્વાસ રાખે. એકબીજાનો વિશ્વાસ જીતી લીધા પછી જ ઘરને સારો શણગાર આપી શકાય છે. પરિવારના બધા સભ્યો એકબીજા ઉપર વિશ્વાસ રાખી શકે છે અને એક લક્ષ્ય તરફ એક સાથે આગળ વધી શકે છે. જો ઘરના બધા સભ્યો એકબીજાથી સલાહ મશવેરો લેતા થઈ જશે તો ગમે ત્યારે કોઈ મુસીબત કે કોઈ આફત આવી જશે તો જલ્દી રાહત થઈ જશે.

યાદ રાખો, એક સમજદાર અને સંતુલિત પારિવારિક વ્યવસ્થા એ સુખી જીવનનો પાયો છે.

આ બધું આપણી રહેમદિલી પર આધારિત છે. આ શબ્દ બોલવો ઘણો સહેલો છે, પરંતુ તેનો અર્થ ઘણો જ ઊંડો છે. રહેમદિલી અને અદબ વડે લગભગ એ બધી જ વસ્તુઓ કે જે દુઃખને નોંતરે છે, તેમનાથી દૂર રહી શકાય છે. એક ક્ષણ માટે વિચારી લો, આપણા જ પરિવારમાં આપણે શા માટે દુઃખી થઈએ છીએ ? આપણે એટલા માટે દુઃખી થઈએ છીએ કે આપણને એમ છે કે કોઈ આપણી લાગણીઓને સમજતું નથી અથવા તો એટલા માટે દુઃખી થઈએ છીએ કે આપણી ઈચ્છા છે કે બધા લોકો આપણી વાત ઉપર ધ્યાન આપે. હવે આપણને સમજાયું કે જો આપણે આપણા ભાઈઓની, બહેનોની અને માબાપની વાત ઉપર ધ્યાન આપીશું તો પછી તે લોકો આપણા કારણે ક્યારેય પણ દુઃખી નહીં થાય. એ વાત સાચી છે કે કોઈ પણ સંબંધમાં અરસપરસ આપલે હોવી જોઈએ. જો એકબાજુથી કોઈ આપતું જ રહે અને બીજી બાજુથી કોઈ લેતું જ રહે તો એવો સંબંધ વધારે ટકી શકે નહીં.

એ વાત પણ મહત્વની છે કે આપણે વાતચીત કરી શકીએ. મોટાભાગની પારિવારિક સમસ્યાઓ એટલા માટે પેદા થાય છે કે લોકોને મનદુઃખ થાય છે, પરંતુ તેઓ વ્યક્ત કરતા નથી, પછી તે મનમાંને મનમાં જ વધતું જાય છે અને એક દિવસ વિસ્ફોટ થઈ જાય છે. એક જ સાથે બધું બહાર આવી જાય છે અને પરિવાર તૂટી જાય છે. જે ગુસ્સો અને નિરાશા અચાનક મોઢેથી નીકળી પડે છે તે વર્ષોથી સાચવેલા સંબંધને તોડી નાખે છે, માટે જરૂરી છે કે આપણે આપણા પરિવારજનો સાથે આપણી સમસ્યાઓની ચર્ચા કરતા રહીએ. સમસ્યાઓને ઓળખીને અને તેમને દૂર કરીને જ આગળ વધી શકીશું.

દોલત પરિવારને સુખી નથી કરતી કે ન શોહરત કરે છે કે ન કિસ્મત કરે છે કે ન કપડાં કરે છે કે ન ગાડી કરે છે. પરિવારને મોહબ્બત સુખી કરે છે. જે પરિવારમાં મોહબ્બતની આપ લે થશે તો તે મોહબ્બત પરિવારને જોડાયેલો રાખવાનો ગુંદર બની જશે. સુખી પરિવાર એ છે કે જેમાં દરેક ભાઈ-બહેન જાણે છે કે આખો પરિવાર તેમની પાછળ છે અને જરૂર પડશે ત્યારે તેમની

મદદ કરશે. નહજુલ બલાગામાં મૌલા અલી (અ.) ફરમાવે છે, "મેળ, મોહબ્બત પેદા કરવી અકલનો અડધો ભાગ છે."

બીજા લોકો સાથે એવું વર્તન કરીએ કે જેવું વર્તન આપણે ઈચ્છીએ છીએ કે તમારી સાથે થાય.

અંતમાં દુઆ માગીએ :

• અય અલ્લાહ ! અમારા પરિવારને મોહબ્બતથી આબાદ રાખજે.

• અમને સુખમય જીવન જીવવાની નેક તોફીક અતા કરજે.

• અને મોહબ્બતમાં સૌથી અગ્રેસરમાં મોહંમદ વ આલે મોહંમદની મોહબ્બત અતા કરજે. ❂


ભોરણીયા સાદિકઅલી આર.
મો.૯૯૨૪૪૧૮૨૪૩
બાલીસણા ઝાકિરહુસૈન જી.
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેકટ્રીક**

**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં **LED** મુવીંગ ડીસપ્લે, **LED** ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક **& LED** બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે **LED** સીરીઝ, **LED** પટ્ટા, **LED** બોર્ડ તેમજ **LED**ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીગલ શોપીંગ સેન્ટર, વડનગર.**



આબિદઅલી મુખી ૯૯૭૯૦૮૮૦૧૮ | દુકાન ૯૦૩૩૧૨૭૪૪૦ | શબ્બીરભાઈ ૯૪૨૬૪૩૪૩૯૭

**યાદગાર હોજીયરી**

**એન્ડ કટલરી સ્ટોર્સ**

**અમદાવાદ (વાઘરોલવાળા)**

અમારે ત્યાં નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, હાથ રૂમાલ, પગ મોજા, બનિયાન, અંડરવેર, ટુવાલ, પીળાલફ, ગમછા, લુંગી, નેપકીન, સોલાપુરી ચાદર તમામ વેરાયટી અને 12W, 24W, DC પંખા, કાર ફેન, પકકડ, પાના સેટ (રીંગ+ફિક્સ) હોલસેલ ભાવથી મળશે.

અમારો હેતુ સમાજના હિતમાં છે અને રહેશે.

ભાવ બાબતે અમારી સાથે મુકતપણે વાતચીત કરી શકો છો.

આપની પાસેથી સાથ–સહકારની અપેક્ષા રાખીએ છીએ.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**

હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૭

**સો અસમા નામ થા એક ઓરત કેરા,**
**વે ઉમેસ કેરી બેટી, સુનીઓ સવેરા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે તમે સાંભળો કે ઉમેસનાં બેટી અસમા નામનાં એક ઓરત અસમા બિન્તે ઉમૈસ હતાં.)

**વે વિસાલકે દન, બીબી પાસ થે ગએ,**
**સો બીબી સાહબ કે, પાસ જા રહે.**

(હઝરત બીબી ફાતેમા (અ.)ના વિસાલના દિવસે આ ઓરત અસ્મા બિન્તે ઉમેસ તેમની પાસે હાજર થયાં હતાં.)

**તબ બીબીને અનુસુ, કીતી રે બાતી,**
**સો ખબર લખેસુ, હે એસી રે સુણાતી.**

(એ વખતે હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.)એ એમની સાથે આવી વાત કરી હતી. આવી ખબર લખવામાં આવી છે તેવું મેં સાંભળ્યું છે.)

**કે ઓરત કે ઉપર, હે કપડા ડલાતે,**
**સો મરદકી રીતે, હે જનાઝા બનાતે.**

(બીબી ફાતેમા (અ.)એ અસ્મા બિન્તે ઉમૈશને ફરમાવ્યું કે જ્યારે કોઇ ઓરતનો જનાઝો બનાવવામાં આવે છે ત્યારે મરદની મૈયતની માફક ઓરતની મૈયત ઉપર પણ કપડું નાખવામાં આવે છે.)

**એસા જનાઝા મુજકું, નહીં ખુશ રે આતા,**
**નહીં ઓરતુ ને મરદુ, માંહે ફરક દેખાતા.**

(બીબી ફાતેમા (અ.)એ ફરમાવ્યું કે ઓરતોના મરદોના જનાઝામાં મને કોઇ ફરક દેખાતો નથી. જનાઝાની આવી રીત મને પસંદ નથી.)

**એસી બીબી સાહેબને, કહી રે બાતી,**
**સો સુનતી થી અસમા, ઓરતકી જાતી.**

(ઉપર મુજબ બીબી ફાતેમા (અ.)એ જે વાત કરી તે વાત અસ્મા બિન્તે ઉમૈશ સાંભળતાં હતાં.)

**તબ બીબી સાહેબકુ ઉને અરજ પોચાઇ,**
**સો હબસ* મુલકકી, ખબર બતાઇ.**

(ત્યારે અસ્મા બિન્તે ઉમૈશે બીબી સાહેબની ખિદમતમાં એવી અરજ પહોંચાડી કે હું આપને હબશના મુલકમાં જનાઝાની જે રીત

*હબશીઓના દેશને હબશ કહેવાય છે. હબશ જૂનું નામ છે. આ દેશનું આધુનિક નામ અબિસિનિયા છે.

છે તે બતાવું.)

**હે એક ઓર રીત, બીબી તમુકુ દેખાઇ,**
**જે હબસમાં દેખા હે વે રીત રે લાઉં.**

(અસ્માએ કહ્યું કે અય બીબી સાહેબ ! મેં હબશના મુલકમાં ઓરતના જનાઝાની જે બીજી રીત જોઇ છે તે આપને બતાવું.)

**તબ ઓરત વે જાકર, લીલી કાંબ રે લાએ,**
**અને જનાઝેકે પાઇએ, ઉસ કાંબસુ બંધાએ.**

(ત્યાર પછી અસ્મા બિન્તે ઉમૈશ ગયાં અને લીલા વાંસની પાતળી પટ્ટીઓ લઇ આવ્યાં અને તે પટ્ટીઓને ગોળ વાળીને જનાઝાના પાયાઓ સાથે બાંધી દીધી.)

**તબ કબર હો જેસા જનાઝા કીયા,**
**તબ બીબી સાહેબને વે દેખ રે લીયા.**

(ત્યાર પછી અસ્માએ જનાઝાનો આકાર કબરના જેવો બનાવી દીધો અને બીબી ફાતેમા ઝેહરા (અ.)એ તે જનાઝાને જોઇ પણ લીધો.)

**દેખ બીબી સાહબને ખુબ કરને આખા,**
**એ ખુબ હે લાગતા, યું બીબીને દાખા.**

(જ્યારે બીબી ફાતેમા (અ.)એ કબરના આકારનો જનાઝો જોયો તો કહ્યું કે ખૂબ સરસ. આવો જનાઝો મને ખૂબ સરસ લાગે છે.)

**એસી ઓરતું કે જનાઝેકી, હુઇ તબકી રીતા,**
**એ સુન મોમિનો ચંત એતના દીતા.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે ત્યારથી લઇને અત્યાર સુધી ઓરતોના જનાઝા આવી રીતે બનાવવામાં આવે છે. અય મોમિનો ! તમે આ બાબત સાંભળો અને અલ્લાહને યાદ કરવાની ચિંતા કરો.)

**–: રે તુંહી :–**

**મરના હે ભાઇ દીન કે,**
**સુન એ લીજીઓ બયાન રે, સુન એ લીજીયો બયાન;**
**જ્યું મુરદે કેરી શાહેદી,**
**દેખતે હે આપ નેન રે, દેખતે હે આપ નેન.**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે અય દીનના ભાઇઓ ! એક દિવસ મરવાનું છે એવી આ સ્પષ્ટ બાબતને તમે સાંભળી લો. જેવી રીતે કે તમે કોઇ મડદાને તમે તમારી આંખોથી સાક્ષાત્ જુઓ છો.) ❂


*Nature's Low of Cure*

**શિફા હોમિયોપેથ કિલનીક**

**ડો.અહેમદઅબ્બાસ ધરખડ**

*(હોમિયોપેથીક કન્સલ્ટન્ટ)*

(હઠીલા રોગો માટે આશાનું કિરણ)

સ્ત્રી રોગો, ચામડીના રોગો, ગેસ, એસીડીટી, કબજીયાત, હરસ, મસા, વા, ગાંઠીયો વા, સાયટીકા, ખરતા વાળ, થાઇરોઇડ, માનસિક રોગો માટે હોમિયોપેથિક સારવાર.

**સમય : સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી**

**બહારના દર્દીઓએ ફોન કરીને આવવું.**

સ્પાન કોમ્પલેક્ષ, પૃથ્વી રેસ્ટોરન્ટની સામે, પોલીટિકનીક રોડ, વડનગર. જિ. મહેસાણા.

**મો.૯૭૨૩૩૮૯૬૧૩**

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

‘ગુલિસ્તાન’માંથી પસંદ કરેલ પંક્તિઓ

## VAIN EFFORT (મિથ્યા પ્રયત્ન)

آهنی را کــه موریانــه بـخـورد
نتوان بـرد از او بـه صیقل زنگ
با سیه دل چـه سود گُفتنِ وعظ ؟
نــرود مـیـخ آهــنـیـن در سَـنـگ

**આહની રાકા મુરયાના બખૂરદ**
**નતવાન બરદ અઝ અવ બે સૈકલ ઝંગ**
**બાસિયા દિલ ચે સૂદ ગુફ્તને વઅઝ?**
**નરવદ મૈખ આહનીન દર સંગ.**

(જે લોખંડને કાટ લાગી ગયો હોય તેના ઉપર પોલિશ કરવા છતાંય તેને ચળકાટવાળું બનાવી શકાતું નથી. જેના દિલમાં અંધારું હોય તેને હિદાયત કરવાથી શું ફાયદો ? લોખંડની ખીલી પથ્થરની આરપાર જઇ શકતી નથી.)

## VIOLENCE (બળપ્રયોગ)

چـو دسـت از همه حیلتی در گسـسـت
حلال است بُردن بـه شـمـشـیـر دسـت

**ચૂ દસ્ત અઝ હમા હૈલતી દર ગુસસ્ત**
**હલાલ અસ્ત બુર્દન બે શમશીર દસ્ત**

(જ્યારે કોઇ બાબતનો સમાધાનપૂર્વક નિવેડો લાવવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા હોય છે ત્યારે છેલ્લા આશરા તરીકે કાયદેસર રીતે તલવાર ખેંચવી પડે છે.)

## VIRTUE (સદ્‌ગુણ)

چند گویی که بداندیش و حسود
عیب جویان مـــن مسکینـنـد
نیک باشی و بـدت گوید خلـق
بِـه که بد باشی و نـیـکت بینند

**ચંદ ગવી કે બદઅંદીશ વ હસૂદ**
**ઐબ જવબાન મન મસ્કીનનદ**
**નેક બાશી વ બદત ગવીદ ખલક**
**બે કે બદ બાશી વ નીકત બીનનદ**

(કેટલા લાંબા સમય સુધી તમે ફરિયાદ કરતા રહેશો અને કહેશો કે મારા ઈર્ષાળુ બુરું ઈચ્છનારાઓ ! મારા જેવા ગરીબના દોષો શોધતા રહેશો ? ખરાબ હોવું અને સારા કહેવડાવવું એના કરતાં તો સારા હોવું અને ખરાબ કહેવડાવવું વધારે સારું છે.)

گـرت خـــوی مـــن آمـــد نـاسـزاوار
تو خوی نیک خویش از دست مگذار

**ગર્ત ખવી મન આમદ ના સઝાવાર**
**તૂ ખવી નેક ખવીશ અઝ દસ્ત મગઝાર**

(જો મારો સ્વભાવ તમારી ધારણાને અનુરૂપ ન હોય તો તમારી પોતાની સારી વર્તણૂકને છોડી દો નહીં.)

تـو نیـکـو رَوِش بـاشْ تـا بـد سـگال
بـه نـقـص تـوَ گـفـتن نـیـابـد مـجال
چـو آهـنـگ بربـط بـود مستقـیـــم
کی از دستِ مُطرب خورد گوشمال ؟

**તૂ નેક રવેશ બાશ તા બદ સગાલ**
**બે નક્સ તૂ ગુફ્તન નયાબદ મજાલ**
**ચૂ આહંગ બર્બત બૂદ મુસ્તકીમ**
**કી અઝ દસ્તે મુતરબ ખુર્દ ગોશુમાલ?**

(તમારી વર્તણૂકને સારી બનવા દો જેથી કરીને તમારી નિંદા કરનારો તમારું બૂરું બોલવાની હિંમત કરી શકશે નહીં. જ્યારે તંબુરો સારી રીતે વાગતો હોય તો તેને સુધારવા માટે કોઈ સંગીતકારને શા માટે આપવો જોઈએ.)

خـاتـون خـوب صـورت پـاکـیزه روی را
نقش و نگار و خاتم پیروزه، گو مباش
درویـش نیـک سیـرت پاکیـزه خـوی را
نـانِ ربـاط و لقـمهٔ دریـوزه، گـو مـبـاش

**ખાતૂન ખૂબસૂરત પાકીઝારવી રા**
**નક્શો નિગાર વ હાતિમ પરવેઝ ગૂ મુબાશ**
**દરવેશ નેક સીરત પાકીઝા ખવી રા**
**નાન રબાત વ લુકમા દરીયૌઝા ગો મુબાશ**

(સુંદર અને સોહામણી સ્ત્રી માટે સૌંદર્ય પ્રસાધનો, મેક અપ અને ફિરોઝાની વીંટીઓ અતિરેક કહેવાય. ગુણવાન અને સત્યવક્તા દુરવેશ માટે સદાવ્રતમાંથી ભીખ માગીને લાવેલી રોટલી અને ખાનપાનની વસ્તુઓ નિરર્થક છે.)

آن را که سیرتی خوش و سرّی است با خدای
بی نـان وقـف و لقـمهٔ دریـوزه، زاهـد اسـت
وانگُشت خـوبـروی و بـنـا گـوش دلـفریب
بی گـوشـوار و خاتـم پیـروزه، شاهد است

**આં રા કે સીરતી ખુશ વ સર્રી અસ્ત બા ખુદાઇ**
**બી નાન વકફ વ લુકમા દરીવઝા, ઝાહિદ અસ્ત**
**વાંગુશ્તે ખૂબરવી વ બિના ગોશ દિલ ફરેબ**
**બી ગોશવાર વ ખાતિમ પીરોઝા શાહિદ અસ્ત**

(સાચે સાચો ધાર્મિક માણસ તો એ છે કે જેનો સ્વભાવ પ્રમાણિક હોય કે જે અલ્લાહનો ઝાહિદ હોય, ધાર્મિક હેતુથી સમર્પિત થયેલી રોટલીથી પોતાનું પેટ ભરતો ન હોય. અને ભીખનો આશરો ન લેતો હોય. સુંદર સ્ત્રીની આંગળીઓ અને તેના કાનની મનોહર બુટીઓ તેના કાનમાં પહેરેલાં એરીંગ અને વીંટીઓમાં પહેરેલા ફિરોજાના નંગ વગર પણ સુંદર લાગતી હોય છે.)

### VISION (દ્રષ્ટિ)

در چشـم مـن آمـد آن سَهـی سـرو بُـلـنـد
بـربـود دلـم ز دسـت و در پای فـکَـنـد
این دیـدهٔ شـوخ می کشـد دل بـهٔ کـمـنـد
خواهی که به کس دل ندهی، دیده ببـنـد

**દર ચશ્મ મન આમદ આન સહી સર વ બુલંદ**
**બરબૂદ દિલમ ઝ દસ્તો દર પાઇ ફગુનદ**
**ઇં દીદએ શૂખ મી કુશદ દિલ બે કમનદ**
**ખ્વાહી કે બે કસ દિલ નદહી, દીદા ચનદ**

(મારા મનમાં સરુના પ્રભાવશાળી વૃક્ષનું દ્રષ્ય હતું. તેણે મારું મન મોહી લીધું અને તેને પગ તળે ફેંકી દીધું. મારી નિર્લજ્જ આંખોએ મારા દિલને કોઈને આપી દેવાની ઇચ્છા ન હોય તો તમે આંખો જ મીંચી દો.) ✪

# મીર અનીસના મરસિયા

**મરસિયા–૧** (ગતાંકનું ચાલુ) **مرثیہ-۱**

**શહાદત જનાબે અમીરુલ મોમિનીન અલી ઇબ્ને અબીતાલિબ (અ.)**

**شہادت جناب امیرالمومنین علی ابنِ ابی طالبؑ**

| | |
|---|---|
| **સલમાં સે યે ફરમાતે થે સુલ્તાને રિસાલત,** | سلماں سے یہ فرماتے تھے سلطانِ رسالتؐ |
| **કયા તુઝસે કહું મર્તબએ શાહે વિલાયત** | کیا تجھ سے کہوں مرتبۂ شاہ ولایت |
| **હૈ ઝાતે અલી રોશનીએ શમ્એ હિદાયત** | ہے ذاتِ علیؑ روشنٔی شمعِ ہدایت |
| **અલ્લાહને ખોલા હૈ યે દરવાઝાએ જન્નત** | اللہ نے کھولا ہے یہ دروازۂ جنّت |
| **ઈસ દરમેં જો હૈ ખુલ્દમેં ઉસ શખ્સકા ઘર હૈ** | اس در میں جو ہے خلد میں اس شخص کا گھر ہے |
| **બાહર હૈ જો ઈસસે ન ઈધર હૈ ન ઉધર હૈ.** | باہر ہے جو اس سے نہ اِدھر ہے نہ اُدھر ہے |

(સુલતાને રિસાલત હરત મોહંમદ મુસ્તફા (સ.) હઝરત સલમાન ફારસી (રઝી.અ.)ને ફરમાવતા હતા કે તમને હું શાહે વિલાયત અલી મુર્તઝા (અ.)ના મર્તબાની વાત શું કહું ? મૌલા અલી (અ.)ની ઝાત તો હિદાયતના ચિરાગની રોશની છે. અલ્લાહ તઆલાએ જન્નતનો એ દરવાજો ખોલી નાખ્યો છે. જે (મૌલા અલી(અ.)ના દરવાજાની અંદર હોય તે માણસનું ઘર જન્નતમાં છે અને દરવાજાની બહાર છે તેનું ઠેકાણું આ બાજુ ય નથી કે પેલી બાજુ ય નથી.)

| | |
|---|---|
| **અય મોમિનો ! કુછ તુમને સુને રૂત્બએ હૈદર** | اے مومنو ! کچھ تم نے سنے رتبۂ حیدرؑ |
| **યે લુત્ફે ખુદા જિસ પે યે અલ્તાફે પયમ્બર** | یہ لطفِ خدا جس پہ یہ الطافِ پیمبرؐ |
| **કયા બાઅદે નબી ઝુલ્મો સિતમ હો ગયે ઉસ પર** | کیا بعدِ نبیؐ ظلم و ستم ہو گئے اس پر |
| **પુર્સા ભી કિસીને ન નબીકા દિયા આકર** | پُرسا بھی کسی نے نہ نبیؐ کا دیا آکر |
| **બાતિલ કિયા હક ઝુલ્મસે એહમદકે વસીકા** | باطل کیا حق ظلم سے احمدؐ کے وصی کا |
| **આયે ભી તો દરવાઝા જલાનેકો અલીકા.** | آئے بھی تو دروازہ جلانے کو علیؑ کا |

(અય મોમિનો ! તમે બધાએ મૌલા અલી (અ.)ના થોડાક રૂત્બા સાંભળ્યા. જેના ઉપર પયગમ્બર (સ.)ની મહેરબાનીઓ થાય તેના ઉપર અલ્લાહ તઆલાની કૃપાઓ થાય. નબી (સ.)ની વફાત પછી મૌલા અલી (અ.) ઉપર કેટલા બધા ઝુલ્મો સિતમ થઈ ગયા ? કોઈએ મૌલા અલી (અ.)ને નબી (સ.)ની વફાતનો પુરસો પણ ન આપ્યો. એહમદ (સ.)ના વસીનો જે હક હતો તે હકને પણ રદ કરી નાખ્યો. મૌલા અલી (અ.)ના ઘેર આવ્યા તો ખરા, પરંતુ મૌલા અલી (અ.)નો દરવાજો સળગાવવા માટે આવ્યા.)

**ગુમરાહ હુએ વલ્લાહ વો રાસ્તકો છોડા,** گمـره ہو ئے واللّـہ وہ راست کو چھوڑا

**માઈલ બ ઝલાલત હુએ મુંહ દીનસે મોડા** مائل بـہ ضـلالت ہوئے منـہ دین سے موڑا

**જિસ જા બાઅદબ કુદસિયાંને હાથોંકો જોડા** جس جا بـہ ادب قدسیوں نے ہاتھوں کو جوڑا

**અફસોસ કે વો દર લકદે ઝુલ્મસે તોડા** افسوس کہ وہ در لکدِ ظلم سے توٹا

**ઈસ દરકે તલે દબ ગઈ બેટી જો નબીકી** اس در کے تلے دب گئ بیٹی جو نبیؐ کی

**ચિલ્લાઈ દુહાઈ હૈ રસૂલે અરબીકી** چلآئ دہائ ہے رسولِؐ عربی کی

(અલ્લાહની કસમ, તેઓ ગુમરાહ થઈ ગયા અને સત્યને છોડી દીધું. ગુનાહ તરફ ઢળી પડ્યા અને દીનથી મોઢું ફેરવી લીધું. જે જગ્યાએ ફરિશ્તાઓએ અદબપૂર્વક પોતાના હાથ જોડ્યા હતા, અફસોસ તે દરવાજાને ઝુલ્મની લાતોએ તોડી નાખ્યો. તે દરવાજાની નીચે નબી (સ.)ની (લાડકવાયી) બેટી દબાઈ ગઈ અને રસૂલે અરબી (સ.)ની દુહાઈની ચીસો પાડવા લાગી.)

**થી હમલ સે મોહસિનકે જો ખાતૂને કયામત** تھی حمل سے محسن کے جو خاتونِ قیامتؑ

**પહેલૂએ મુબારક પે લગી ચોટ બશિદ્દત** پہلوئے مبارک پہ لگی چوٹ بشدّت

**ગશ આને લગે ઔર ન રહી રોનેકી તાકત** غش آنے لگے اور نہ رہی رونے کی طاقت

**બચ્ચેકી ભી ઝહરાકે શિકમમેં હુઈ રહ્લત** بچے کی بھی زہراؑ کے شکم میں ہوئ رحلت

**વો સૈયદા જિસ વકત તડપતી થી ઝમીં પર** وہ سیّدہ جس وقت تڑپتی تھی زمیں پر

**સર પીટતા થા રૂહે અમીં અર્શે બરીં પર** سر پٹتا ھتا روحِ امیں عرشِ بریں پر

(ખાતૂને કયામત જનાબે ફાતેમા ઝહરા (અ.) એ વખતે જનાબે મોહસિન (અ.)ના હમલથી હતાં. એમના મુબારક પડખામાં જોરદાર ચોટ લાગી. આપ (અ.)ને બેહોશી આવવા લાગી અને રડવાની તાકાત પણ બાકી ન રહી. જનાબે ફાતેમા ઝહરા (અ.)ના બાળકની એમના પેટમાં જ વફાત થઈ ગઈ. એ સૈયદા

ફાતેમા (અ.) જે વખતે જમીન ઉપર તરફડતાં હતાં એ વખતે અર્શે બરીં ઉપર રૂહુલ અમીન જિબ્રઈલ (અ.) પોતાનું માથું કૂટી રહ્યા હતા.)

| | |
|---|---|
| **હૈહાત ન ઉસ ઝુલ્મપે ભી હાથ ઉઠાયા** | ہیہات نہ اس ظلم پہ بھی ہاتھ اٹھایا |
| **કોડા બસિતમ બાઝૂએ ઝહરા પે લગાયા** | کوڑا بہ ستم بازوئے زہراؑ پہ لگایا |
| **મઝલૂમાને એક આહ કી ઐસી કે ગશ આયા** | مظلومہ نے اک آہ کی ایسی کہ غش آیا |
| **આરામ લહદમેં ભી મોહંમદને ન પાયા** | آرام لحد میں بھی محمدؐ نے نہ پایا |
| **રસ્સી તો ઉધર બંધી થી ગર્દનમેં અલીકી** | رسی تو ادھر بندھتی تھی گردن میں علیؑ کی |
| **મર્કદમેં ઈધર રૂહ તડપતી થી નબીકી** | مرقد میں اِدھر رُوح تڑپتی تھی نبیؐ کی |

(હાય, હાય, આવા જુલ્મ ઉપર પણ આપ (અ.)એ પોતાનો હાથ ન ઉગામ્યો. બીબી ફાતેમા ઝહરા (અ.) ના હાથ મુબારક ઉપર સિતમનો કોરડો ફટકાર્યો. મઝલૂમા ફાતેમા (અ.)એ આહનો એક એવો નાઅરો માર્યો કે આપ (અ.) બેભાન થઈ ગયાં. કબરની અંદર પણ હઝરત મોહંમદ (સ.)એ આરામ ન મેળવ્યો. આ બાજુ મૌલા અલી (અ.)ની ગરદનમાં રસ્સી બાંધવામાં આવી હતી તો આ બાજુ કબરમાં નબી સાહેબની રૂહ તડપતી હતી.)

(ક્રમશઃ)


Order Taken from ALL OVER GUJARAT

યામ લેસર

Acrylic & LED Sign Board

NAJARMOHAMMAD VIJAPURA
(JETHIPURA)
99 98 98 67 77

Making Sign Board of **HOTEL & SHOP** as per order.




- LED Single Color Sign Board
- Programming Led Sign Board
- Open LED Sign Board
- Clear Acrylic Sign Board
- Mirror Acrylic Sign Board
- Box Letter Sign Board

To view our portfolio kindly visit to our website.

Shop No.6, 1st Floor, Nr. L.I.C. Office, Samruddhi Complex, Nyay Mandir, Himatnagar, Gujarat.
Website : www.yamlasertech.com Email : yamlasertech@gmail.com

| Blog બ્લોગ | : લેખન : |
| --- | --- |
| Ref : Wayfaring (My search for Truth) | હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) |

- **Cure of Depression** (ગમગીનીનો ઈલાજ)

  If you're depressed, fondle a child. Its innocence will cure you of depression.

  જો તમે ગમગીન થઈ ગયા હો તો બાળકને બહેલાવો. તેની નિર્દોષતા (માસૂમિયત) તમારી ગમગીનીનો ઈલાજ કરી દેશે.

- **Nobody** (કોઈ પણ નહીં)

  If you think that nobody is by your side, worship that nobody because that nobody has its own existence. It's the cause of all existences. It's God Himself.

  જો તમને એવું લાગે કે તમારા પક્ષે કોઈ નથી તો તે 'કોઈ નહીં'ની ઈબાદત કરો કારણ કે તે 'કોઈ નહીં'ની પોતાની હયાતી હોય જ છે. તે બધી જ હયાતીઓનું કારણ છે. તે અલ્લાહ પોતે જ છે.

- **Happening** (બનાવો/ઘટનાઓ)

  What has happened, was bound to happen. What should have happened, was bound to not happen.

  જે કંઈ બની ગયું છે તે બનવા માટે નિર્મિત થયેલું જ હતું. જે કંઈ બનવું જોઈતું હતું તે નિર્મિત થયેલું જ નહોતું કે તે બને.

- **Hope and Dejection** (આશા અને નિરાશા (હતાશા))

  Persist with hope and avoid dejection and your most impossible wish will come true.

  આશાની સાથે દ્રઢપણે વળગી રહો અને નિરાશાથી વેગળા રહો અને, તમારી સૌથી અશક્ય ઈચ્છા સાકાર બનશે.

- **Regress** (પીછેહઠ)

  When you see people around you working hard, and when you somehow come to believe that you have a right to take rest and demand respect, be ready to fall behind and lose respect.

  જ્યારે તમે તમારી આજુબાજુના લોકોને સખત કામ કરતા જુઓ અને જ્યારે તમે કોઈ પણ રીતે એવું માનવા લાગો કે તમને આરામ કરવાનો હક છે અને માન માગો તો પાછળ પડી જવા માટે અને માન ગુમાવવા માટે તૈયાર રહેજો.

- **Man and God** (માણસ અને અલ્લાહ)

  Man, with his impatience, works at his pace, faltering at every step. God, with His Omniscience, works at His pace, undoing man's every mistake.

  માણસ, પોતાની અધિરાઈથી ડગલે ને પગલે ભૂલો કરીને, પોતાની ઝડપે કામ કરે છે. અલ્લાહ, પોતાની સર્વજ્ઞતાથી, માણસની પ્રત્યેક ભૂલને રદ કરી દઈને પોતાની ઝડપે કાર્ય કરે છે.

- **Wisdom** (સમજદારી)

  Wisdom comes from studying ground realities. Indeed, a walk from your village to the neighbouring village will make you more wise than a flight from New Delhi to New York.

  નક્કર વાસ્તવિકતાઓનો અભ્યાસ કરવાથી સમજદારી આવે છે. ન્યુ દિલ્હીથી ન્યૂયોર્ક સુધીની મુસાફરી કરવા કરતાં તો તમારા ગામથી પડોશના ગામ સુધી ચાલવાની ક્રિયા તમને વધારે સમજદાર બનાવશે.

- **Law** (કાયદો/નિયમ)

  Laws can be bypassed, love can't be ignored. Strengthen love, make law more human.

  કાયદાને બીજે માર્ગે વાળી શકાય છે જ્યારે મોહબ્બતની ઉપેક્ષા કરી શકાય નહીં. મોહબ્બતને મજબૂત બનાવો જ્યારે કાયદાને વધારે માનવીય બનાવો.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

**મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ**

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

### બની નઝીરના વિરૂધ્ધ જંગી અથડામણ

જ્યારે પયગમ્બરે ઈસ્લામ (સ.)એ બની નઝીરના વિરૂધ્ધ સંગ્રામ શરૂ કર્યો તો આં હઝરત (સ.)નો ઈરાદો એવો હતો કે તેમનો ઘેરો ઘાલવામાં આવે. આપ (અ.)એ દૂર આવેલા દર્યાએ ખત્માના દામનમાં (કે જે સૂકાઈ ગયેલો હતો) ખેમા ઊભા કરવાનો હુકમ આપ્યો. જ્યારે રાતનો અંધકાર ફેલાઈ ચૂકયો તો બની નઝીરનો એક માણસ નીકળ્યો અને આં હઝરત (સ.)ના તરફ તીર ચલાવ્યું જેના કારણે ખેમાનો એક ભાગ નીચે પડી ગયો. એ જ વખતે પયગમ્બરે ખુદા (સ.)એ હુકમ આપ્યો કે તેમનો ખૈમો મેદાનમાંથી ખસેડીને પહાડની નીચે ઊભો કરી દેવામાં આવે. આપ (સ.) ની આજુબાજુ મુહાજિરીન અને અન્સારોએ ઘેરો ઘાલ્યો. રાતના અંધારામાં કંઈક એવી ચિંતા ભરેલી કેફિયત પેદા થઈ કે મુસલમાનોને અમીરુલ મોમિનીન (અ.)નો પત્તો ન મળવા પામ્યો. લોકોએ આવીને કહેવાનું શરૂ કરી દીધું,

“અય અલ્લાહના રસૂલ (સ.) ! અમને અલી (અ.) જોવા મળતા નથી.”

તેનો જવાબ આં હઝરત (સ.)એ આવો આપ્યો,

“હું તેમને જોઈ રહ્યો છું કે તેઓ એક સંઘર્ષમાં રોકાયેલા છે કે જે તમારા માટે નફાકારક બની ગયો છે.”

હજુ તો વાર પણ થઈ નહોતી કે (હઝરત અલી (અ.))પાછા આવી ગયા. આપના હાથમાં યહૂદીનું માથું હતું. આ એ જ યહૂદી હતો કે જેણે પયગમ્બરે ઈસ્લામ (સ.)ના ખૈમા તરફ તીર ચલાવ્યું હતું. તેનું નામ ગઝૂર હતું. આપ (અ.)એ તેના માથાને પયગમ્બર (સ.)ના કદમોમાં મૂકી દીધું. આં હઝરત (સ.)એ પૂછ્યું, “અય અબૂલ હસન ! તમે આ બધું કેવી રીતે કર્યું ?”

આપ (અ.)એ જવાબ આપ્યો,

“મેં જોયું કે આ ખબીસ માણસ અડકાઈથી આવી રહ્યો છે. હું તેની વાટ જોતો રહ્યો અને મારા દિલમાં કહેવા લાગ્યો કે આની આટલી બધી હિંમત કે અડધી રાતે બહાર નીકળી આવ્યો છે. કદાચ એ એવું જોવા માટે આવ્યો હોય કે અમે બધા બેખબર થઈ ગયા હોઈશું. તે પોતાની તલવાર લઈને આગળ વધતો રહ્યો અને તેની સાથે બીજા નવ યહૂદી હતા. એ જ વખતે મેં હુમલો કરી દીધો અને તેને કતલ કરી નાખ્યો. તેના સાથીદારો નાસી ગયા પરંતુ એ લોકો નજીકમાં જ કયાંક છુપાયેલા છે. મારી સાથે થોડાક મુસલમાનોને મોકલો કે જેથી

તેમની તલાશ કરીને કાબૂમાં કરી લઉં.''

પયગમ્બરે ઈસ્લામ (સ.)એ દસ માણસોને આપની સાથે કરી દીધા તેમાં અબૂ દજાના, સમાક બિન ખરશા અને સોહેલ બિન હનીફ શામેલ હતા. તે લોકોએ તેમને કિલ્લાની નજીક ઘેરી લીધા અને તેમને કતલ કરી નાખ્યા. તે મુસલમાનો પાછા આવ્યા અને તેમના હાથોમાં યહૂદીઓનાં માથાં હતાં. પયગમ્બર (સ.)એ હુકમ કર્યો કે એ માથાંને બની ખત્માના કૂવાઓમાં ફેંકી દેવામાં આવે. આ કારણથી બની નઝીરના કિલ્લાઓને ફતેહ કરી લેવામાં આવ્યા હતા. એ જ રાત્રે કઅબ બિન અશરફને પણ કતલ કરવામાં આવ્યો હતો.

પયગમ્બરે ખુદા (સ.)એ જે માલે ગનીમત બની નઝીર પાસેથી પ્રાપ્ત કર્યો હતો તેની વહેંચણી મુસલમાનોમાં કરી દીધી. પહેલી વખત મુસલમાનોને માલે ગનીમતમાં ખજૂરોનો એક બાગ મળ્યો હતો. આ બાગની વહેંચણી પયગમ્બરે ખુદા (સ.)એ એવા લોકોમાં કરી દીધી કે જેઓ મુસલમાન થવામાં અવ્વલ હતા. આં હઝરત (સ.)એ અલી (અ.)ને હુકમ આપ્યો કે તેઓ આ હિસ્સાને પોતાના હસ્તક લઈ લે કે જે પયગમ્બર (સ.)ના ભાગમાં આવ્યો હતો. જ્યાં સુધી આં હઝરત (સ.) જીવતા રહ્યા ત્યાં સુધી આ બાગ તેમના કબજામાં રહ્યો. ત્યાર પછી તે બાગ અમીરુલ મોમિનીન (અ.)ના કબજામાં ચાલ્યો ગયો. હજુ પણ તે બાગ ઉપર ફાતેમા (અ.)ની ઓલાદનો જ કબજો છે.

આ સંઘર્ષમાં અમીરુલ મોમિનીન (અ.)એ જે મુખ્ય ભૂમિકા ભજવી હતી અને આપના હાથે યહૂદીઓની કતલ થઈ હતી અને નવ યહૂદીઓનાં માથાંને પયગમ્બર (સ.)ની પાસે લાવવામાં આવ્યાં હતાં તે પ્રસંગને હિસાન બિન સાબિતે નઝમબધ્ધ કર્યો છે : (સારાંશ)

- *અલ્લાહ તે મુશ્કેલીઓથી વાકેફ હતો કે જે તમારા ઉપર બની કુરીઝાએ નાખી હતી અને તે લોકો છીદ્રો શોધી રહ્યા હતા.*
- *આપ (અ.)એ તેમના સરદારોને હલાક કરી દીધા અને દસ કાપેલાં માથાં લઈને પાછા આવ્યા. થોડી થોડી વારે આપ હુમલો કરતા હતા અને દુશ્મનોને ભગાડી દેતા હતા.* *


મંજુરઅલી (વડુવાળા) સબ્દરભાઈ
ઓ.૭૬૦૦૭૨૭૪૪૦ ઓ.૯૮૭૯૫૮૪૪૨૯
મો.૯૬૩૮૭૩૯૨૯૭ મો.૯૮૭૯૭૯૫૪૨૯

**નવયુગ ઇલેક્ટ્રોનિક્સ**

**સેલ્સ એન્ડ સર્વિસ**

અમારે ત્યાંથી બધી જ કંપનીના
- ❖ ૨૧ ઈંચના ટીવી મળશે.
- ❖ LCD અને LED મળશે.
- ❖ દરેક કંપનીના વોશીંગ મશીન મળશે.
- ❖ દરેક કંપનીના એ.સી. મળશે.
- ❖ દરેક કંપનીના રીસિવર (વાટકા) મળશે.
- ❖ ટાટા સ્કાય, ડીશ ટીવી, એરટેલ, વિડીઓકોન
- ❖ દરેક કંપનીના રીસિવર રીચાર્જ કરી આપવામાં આવશે.
- ❖ દરેક કંપનીની ટી.વી. રીચાર્જ કરી આપીશું.

દુકાન નં. ૧૮૦, દર્શન રેસ્ટોરન્ટની બાજુમાં, વિજય સિનેમા રોડ, તિરૂપતી બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ.

## જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

### વસિયત વિષે

(ગતાંકનું ચાલું)

**મય્યતને પોતાના માલમાંથી (વસિયતનો) કેટલો હક છે ? અને વસિયતને નેકી તરફ પલટાવવા માટે શું આવશ્યક છે ?**

આસમ બિન હમીદે મોહંમદ બિન કૈસથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે. આપ (અ.)એ બયાન ફરમાવ્યું કે અમીરુલ મોમિનીન (અ.)એ એક એવા માણસના સંબંધમાં ફેંસલો ફરમાવ્યો કે જે મરી ગયો હતો અને તેણે બધા માલ અથવા મોટાભાગના માલ માટે વસિયત કરી દીધી તો આપ (અ.)એ ફરમાવ્યું કે વસિયતને મારૂફ (નેકી) અને નેકીની તરફ પલટાવી દેવામાં આવે અને મીરાસવાળાઓને મીરાસ આપી દેવામાં આવે. (૫૪૨૫)

ઈબ્ને અબી ઉમૈરે મરાઝિમથી, તેમણે અમ્મારા સાબાતીથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.) થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું, મરનારનો પોતાના માલ ઉપર સૌથી વધારે હક છે જયાં સુધી કે તેની રૂહ તેનાથી અલગ ન થઇ જાય. આપ (અ.) એ ફરમાવ્યું અને તે વસિયતમાં હદ ઓળંગી દે તો તેના માટે ૧/૩ (ત્રીજા ભાગ)થી વધારે કંઈ નથી. (૫૪૨૬)

હારૂન બિન મુસ્લિમે મસઅદા બિન સદકા રબીઅથી, તેમણે ઈમામ જાફર બિન મોહંમદ (અ.)થી તેમણે પોતાના પિદરે બુઝુર્ગવાર (અ.) થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે અન્સારોમાંથી એક માણસ મરી ગયો. તેની એક નાનકડી બાળકી હતી અને છ ની સંખ્યામાં ગુલામ હતા. મરતી વખતે તેણે તે બધાયને આઝાદ કરી દીધા અને તે ગુલામો સિવાય તેની પાસે બીજો કોઈ માલ ન હતો.રસૂલિલ્લાહ (સ.) તશરીફ લાવ્યા તો આપ (અ.)ને તેની ખબર આપવામાં આવી . આપ (સ.)એ પૂછયું, પછી તેમે લોકોએ તેની સાથે શું કર્યું ? લોકોએ કહ્યું, લોકોએ તેને દફન કરી દીધો. આપ (સ.) એ ફરમાવ્યું , અગર મને માલૂમ હોત તો હું તેને ઈસ્લામવાળાઓની સાથે હરગિઝ દફન ન કરત. તેણે પોતાની ઓલાદને લોકોની આગળ હાથ ફેલાવવા માટે છોડી દીધી. (૫૪૨૭)

મોહંમદ બિન અબી ઉમૈરે મોઆવિયા બિન અમ્મારથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી. આપ (અ.)એ બયાન ફરમાવ્યું, બરાઅ બિન મઅરૂર અન્સારી મદીનામાં પહોંચ્યો અને રસૂલલ્લાહ (સ.) મક્કામાં હતા અને એ વખતે રસૂલલ્લાહ (સ.) બૈતુલ મુકદ્દસની તરફ મોઢું કરીને નમાઝ પઢાવ્યા કરતા હતા બરાઅની વફાતનો સમય આવ્યો તો તેણે વસિયત કરી કે મારું મોઢું નબી

(સ.)ની તરફ કિબ્લાની તરફ ફેરવી દેવામાં આવે અને તેણે પોતાના માલમાંથી ત્રીજા ભાગની વસિયત કરી તો તેનાથી આ સુન્નત ચાલુ થઈ ગઈ. (૫૪૨૮)

અહમદ બિન મોહંમદ બિન ઈસાથી રિવાયત કરી છે કે તેમણે અહમદ બિન ઈસ્હાકથી રિવાયત કરી છે કે તેમણે હઝરત ઈમામ અબુલ હસન અલી (અ.)ને પત્રમાં લખ્યું કે દર્રા બિન્તે મકાતીલની વફાત થઈ અને ફલાણી જગ્યાએ જમીનના કેટલાય ટુકડા છોડી ગયા અને તેમાંથી ૧/૩ (ત્રીજા ભાગ)થી વધારે અમારા સરદાર માટે વસિયત કરવામાં આવી છે. અને અમે લોકો તેમના વસી છીએ. અમારા લોકોનો જીવ તો એવું ઈચ્છે છે કે બધું અમારા સરદારનું થઈ જાય. તેથી જો હુકમ હોય કે અમે લોકો યથાવત્ તેની વસિયત પર અમલ કરીએ તો અમે લોકો તેના પર અમલ કરીશું. અગર તેની વસિયતને છોડી દઈને કોઈ બીજો હુકમ હોય તો લોકો ઈન્શાઅલ્લાહ તેના પર અમલ કરશે. તો આપ (અ.)એ તેના જવાબમાં પોતાના હાથે કાગળ લખ્યો કે તેને પોતાના તર્કા (મરનાર છોડી ગયેલ માલ)માંથી ૧/૩ (ત્રીજા ભાગ) કરતાં વધારે માટે વસિયત કરવાનો કોઈ હક નથી. હાં, અગર તમે લોકો પોતે જ વારિસ હો અને આપવા માગતા હો તો એ તમારા લોકો માટે ઈન્શાઅલ્લાહ તઆલા જાઈઝ છે. (૫૪૨૯)

**ઉલ્ફતકે વાસ્તે હો કે અઝમતકે વાસ્તે,**
**યા એહલે દીં કી ખાસ ઈબાદતકે વાસ્તે,**
**હમ તો યે હી સમઝતે હૈ અય મુર્તઝા અલી !**
**કા'બા બના થા તેરી વિલાદતકે વાસ્તે.**

અને સફ્વાને મરાઝીમ અને તેમણે અમારા કેટલાક અસ્હાબોથી એક એવા માણસની બાબતમાં રિવાયત કરી છે કે જે બીમારીની હાલતમાં કોઈને કોઈક વસ્તુ આપે છે. આપ (અ.)એ ફરમાવ્યું કે અગર તેણે તે વસ્તુને પોતાનાથી અલગ કરી દીધી છે તો જાઈઝ છે અને અગર તેણે તેના માટે વસિયત કરી હોય (પોતાનાથી અલગ ન કરી હોય ) તો તે પણ ૧/૩ (ત્રીજા ભાગમાં ) હશે. (૫૩૩૦)

### વસિયતનામું

અલી ઈબ્ને ઈબ્રાહીમ બિન હાશિમે અલી બિન ઈસ્હાકથી, તેમણે હસન બિન હાઝિમ ક્લબીથી કે જે હિશામ બિન સાલિમની બહેનનો છોકરો છે. તેણે સુલયમાન બિન જાફરથી કે જે જાફરી નથી, તેણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ બયાન ફરમાવ્યું કે રસૂલલ્લાહ (સ.) એ ઈર્શાદ ફરમાવ્યો કે જે માણસ મોતના સમયે સારી વસિયત ન કરે તો તેના શીલ સંકોચ અને અક્કલમાં ખામી છે. અરજ કરવામાં આવી કે યા રસૂલલ્લાહ ! મરનારો કઈ રીતે વસિયત કરે? તો આપ (સ.)એ ફરમાવ્યું કે જ્યારે તેના મોતનો સમય નજીક હોય અને બધા લોકો એકઠા થયેલા હોય તો (આ મુજબ) કહે :

اَللّٰهُمَّ فَاطِرَ السَّمٰاوٰاتِ وَالْاَرْضِ عَالِمَ الْغَيْبِ وَالشَّهَادَةِ الرَّحْمٰنَ الرَّحِيْمَ، اللّٰهُمَّ اَنِّيْ اَعْهَدُ اِلَيْكَ فِيْ دَارِ الدُّنْيَا اِنِّيْ اَشْهَدُ اَنْ لَا اِلٰهَ اِلَّا اَنْتَ وَحْدَكَ لَا شَرِيْكَ لَكَ، وَاَنَّ مُحَمَّداً عَبْدُكَ وَرَسُوْلُكَ، وَاَنَّ الْجَنَّةَ حَقٌّ، وَالنَّارَ حَقٌّ وَاَنَّ الْبَعْثَ حَقٌّ، وَالْحِسَابَ حَقٌّ، وَالصِّرَاطَ حَقٌّ، وَالْقَدْرَ وَالْمِيْزَانَ حَقٌّ، وَاَنَّ الدِّيْنَ كَمَا وَصَفْتَ، وَاَنَّ الْاِسْلَامَ كَمَا شَرَعْتَ، وَاَنَّ الْقَوْلَ كَمَا حَدَّثْتَ، وَاَنَّ الْقُرْآنَ كَمَا اَنْزَلْتَ، وَاَنَّكَ اَنْتَ اللّٰهُ الْحَقُّ الْمُبِيْنُ، جَزَى اللّٰهُ مُحَمَّداً عَنَّا خَيْرَ الْجَزَاءِ وَحَيَّا اللّٰهُ مُحَمَّداً وَآلِ مُحَمَّدٍ بِالسَّلَامِ، اَللّٰهُمَّ يَا عُدَّتِيْ عِنْدَ كُرْبَتِيْ، وَيَا صَاحِبِيْ عِنْدَ شِدَّتِيْ، وَيَا وَلِيَّ نِعْمَتِيْ، اِلٰهِيْ وَاِلٰهَ آبَائِيْ لَا تَكِلْنِيْ اِلٰى نَفْسِيْ طُرْفَةَ عَيْنٍ، فَاِنَّكَ اِنْ تَكِلْنِيْ اِلٰى نَفْسِيْ اَقْرَبُ مِنَ الشَّرِّ وَاَبْعَدُ مِنَ الْخَيْرِ، فَآنِسْ فِي الْقَبْرِ وَحْشَتِيْ، وَاجْعَلْ لِيْ عَهْداً يَوْمَ اَلْقَاكَ مَنْشُوْراً.

(ભાષાંતર : અય અલ્લાહ ! અય આસમાનો અને જમીનોને પેદા કરનારા ! અને જાહેર અને બાતિનને જાણવાવાળા ! અય રહેમાન અને રહીમ ! અય અલ્લાહ! હું તારાથી આ દુનિયાના ઘરમાં અહદ કરું છું કે હું ગવાહી આપું છું કે તારા સિવાય કોઈ અલ્લાહ નથી, તું એકલો છે, તારો કોઈ શરીક (ભાગીદાર) નથી અને મોહંમદ (સ.) તારા બંદા અને તારા રસૂલ છે અને જન્નત હક છે અને જહન્નમ હક છે અને હશ્ર અને નશ્ર હક છે અને હિસાબ હક છે, સિરાત હક છે અને કદ્ર તેમજ મીઝાન હક છે અને દીન એ જ છે જેવો કે તેં બયાન કર્યો અને ઈસ્લામ એ જ છે જેવી કે તેં સ્પષ્ટતા કરી અને બાબત એ જ છે કે જે તેં બતાવી અને કુરઆન એ જ છે કે જેવું તેં નાઝિલ ફરમાવ્યું. બેશક તું જ અલ્લાહ છે કે જે બિલકુલ હક અને સ્પષ્ટ છે. અલ્લાહ તઆલા અમારા લોકો તરફથી મોહંમદ (સ.)ને બહેતરીન જઝા ઈનાયત ફરમાવે અને અલ્લાહ તઆલા મોહંમદ (સ.) અને આલે મોહંમદ (સ.)ને સલામનો તોહફો પહોંચાડે. અય અલ્લાહ ! અય દુ:ખ અને મુસીબતમાં ગિરફતાર થતી વખતે મારા માટેના ખજાના! અય મારી તકલીફમાં અને અતિશયતામાં મારો સાથ આપવાવાળા ! અય અલ્લાહ ! મને તરેહ તરેહની નેઅમતો આપવાવાળા ! અય મારા અલ્લાહ ! અને મારા બાપ–દાદાઓના અલ્લાહ ! તું આંખના પલકારા માટે પણ મને

તારાથી જુદો ન કર એટલા માટે કે અગર તેં મને તારાથી જુદો કરી દીધો તો હું બૂરાઈથી વધારે નજીક અને સારપથી વધારે દૂર થઈ જઈશ. તેથી જ તો તું કબ્રમાં ગભરાટના સમયે મારા જીવને બહેલાવજે અને હું તારી બારગાહમાં જે દિવસે હાજર થાઉં તો એ દિવસે મારા અહદ અને બયાનને ખુલ્લું રાખજે.)

(સંદર્ભ : મલ્લા યહઝુરુહુલ ફકીહ, ભાગ–૪, પેજ–૧૩૪ થી ૧૩૬, ઉર્દૂમાંથી અનુવાદિત)

## નુસ્ખા

### પેશાબ

* આમળાના ચૂર્ણમાં ઘી અને ગોળ મેળવી રોજ લેવાથી પેશાબની બધી તકલીફ મટે છે.
* પેશાબ અટકી અટકીને આવતો હોય તો એલચીનું ચૂર્ણ મધમાં ચાટવાથી પેશાબ સાફ અને છૂટથી થાય છે.
* ૧૦૦ ગ્રામ દૂધમાં ખાવાના સોડા એક ગ્રામ નાખીને દિવસમાં બે વાર પીવાથી પેશાબની છૂટ થશે અને પેશાબની બળતરા દૂર થાય છે.
* એલચી અને સૂંઠ સરખે ભાગે લઈ દહીંના નીતર્યા પાણીમાં સિંધવ મેળવીને પીવાથી પેશાબ તરત છૂટે છે.
* શેરડીનો રસ પીવાથી પેશાબ છૂટથી થાય છે, બળતરા મટે છે અને પેશાબમાં લોહી પડતું હોય તો તે પણ મટે છે. (ક્રમશઃ)

## શબ્દ પરિચય

### ખાક

**ખાક :** (خاک) 'ખાક' ફારસી ભાષાનો શબ્દ છે. ખાકના અર્થ આ મુજબ થાય છે : (૧) ધૂળ, રજ (૨) માટી (૩) રાખ (૪) ભૂમિ, જમીન, ધરતી (૫) થોડુંક જરાક (૬) કંઈક નહીં, બિલકુલ નહીં. ખાક ઉપરથી બનતા શબ્દો આ મુજબ છે. **ખાકઅંગેખ્તા** –પૃથ્વી, **ખાકઅંદાઝ** (૧) કચરા ટોપલી (૨) કિલ્લા કે મકાનનું એ કાણું કે જેના દ્વારા કચરો બહાર ઠલવાય છે. (૩) પાવડો **ખાક આલૂદા** – માટીગ્રસ્ત **ખાકઆમેઝ** જેમાં માટી મેળવેલી હોય તેવું **ખાકકા પુતલા** – માનવ, મનુષ્ય **ખાકઝાદ** – માટીથી ઉત્પન્ન થયેલ (મનુષ્ય અને અન્ય પ્રાણીઓ) **ખાકદાન** (૧) કચરા પેટી (૨) સંસાર, જગત **ખાકનશીની** (૧) વિનમ્રતા (૨) લાચારી **ખાકનશીન** (૧) જમીન પર બેસનાર (૨) વિનમ્ર (૩) દીન, લાચાર **ખાકબસર** – માથા પર ધૂળ નાખનાર (શોકથી રડીને) **ખાકરોબ** –ધૂળ ઝાપટનાર, સફાઈ કામદાર **ખાકસાર** – વિનમ્ર, અત્યંત નમ્ર **ખાકે જિગરગીર** – મનમોહક સ્થળ **ખાકે પા** – ચરણરજ **ખાકે ફરામોશાં** – કબ્રસ્તાન **ખાકે મુર્દા** – ઉજ્જડ / વેરાન જમીન **ખાક શિફા** – રોગમુક્ત કરનારી માટી **ખાકે સિયાહ** – કાળી માટી


# આપણા ઘરની વાતો

**● અભિનંદન :**




શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત, દમણના પ્રમુખ તથા દમણ મુસ્લિમ એશોસીએશન કે જે દમણ વિસ્તારની કુલ ૨૧ જમાઅતની બનેલી છે તેના ઉપપ્રમુખ **જનાબ હાજી રમઝાનઅલી અબ્દુલરહેમાન મોમિન**ની મુંબઈ હજ કમિટીના સૌજન્યથી દમણ–દીવ યુનિયન ટેરેટરી ગવર્નમેન્ટ હજ કમિટીની સિલેક્શન કમિટીની બોડીના સાત સભ્યોમાંથી દમણ–દીવ ખાતે મેમ્બર તરીકે ત્રણ વર્ષ માટે નિમણુંક કરેલ છે જે દમણ જમાઅતનું ગૌરવ છે. મોમિન રમઝાનઅલીને જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.


કનાઇ નિવાસી **મો.સાકેરાબાનુ મુસ્તાકઅલી દેધરોટીયા (કનાઈ–જુહાપુરા)**એ બી. જે. મેડીકલ કોલેજમાંથી ચાલુ સાલે એમ.બી.બી.એસ.માં ૫૯.૮૫% મેળવી ઉત્તીર્ણ થયેલ છે. સાકેરાબાનુ મર્હૂમ દીપક દાંત્રેલિયાની નવાસી છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.



ગણેશપુરા નિવાસી **મો.વારિસઅલી અકબરઅલી**એ માર્ચ–૨૦૧૩માં એમ.બી.બી.એસ.ની પરીક્ષા પાસ કરેલ છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન. ⟶



⟵વાઘરોલ નિવાસી મો.અબ્બાસઅલી યુસુફભાઈ અસામદીના સુપુત્ર **મો.મોહસિનઅલી**એ નવેમ્બર–૨૦૧૨માં "ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ્ ઓફ ઈન્ડિયા" દ્વારા લેવાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષા પાસ કરીને સી.એ.ની પદવી મેળવી છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.




મેતા નિવાસી **મો.આબિદહુસૈન સુલેમાનભાઈ ચૌધરી**એ બેચલર ઓફ ફાર્મસીની પરીક્ષા પાસ કરેલ છે. જાફરી આવાઝ (માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન. ⟶


**● ઇન્નાલિલ્લાહે..:**



બાદરપુર નિવાસી **મર્હૂમા મો.ઝહરાબેન મીકદાદઅલી ગાંઠીયા** મુ.તા. ૨૯, રબી.આખર–૧૪૩૪, તા.૧૨–૩–૨૦૧૩ને મંગળવારના રોજ આશરે ૪૬ વર્ષની વયે અલ્લાહ તઆલની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે હસમુખા, નિખાલસ, નેકદિલ, ઈમાનદાર તથા અહલેબૈત (અ.)ના ચાહક તથા અઝાદારે હુસૈન (અ.) હતા. તેઓ નમાઝ પઢવાનો શોખ ધરાવતા હતા. ⟶

રસૂલપુર (ખેરાલુ) નિવાસી **મર્હૂમા મો.અમીનાબેન નૂરમહંમદભાઈ આગલોડીયા** મુ.તા. ૧૬, જમા.અવ્વલ–૧૪૩૪, તા.૨૯–૩–૨૦૧૩ને શુક્રવારના રોજ ૭૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. ⟶





⟵રસૂલપુર (ખેરાલુ) નિવાસી **મર્હૂમ મો.મહંમદઅલી દાવૂદભાઈ ભોરણીયા** મુ.તા. ૭, જમા.અવ્વલ–૧૪૩૪, તા.૨૦–૩–૨૦૧૩ને બુધવારના રોજ ૫૪ વર્ષની ઉંમરે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.




ઈલોલ (તલાવ) નિવાસી **મર્હૂમ મો.ગુલામઅલી શરીફભાઈ ડોડીયા** મુ.તા. ૧૯, રબી.આખર–૧૪૩૪, તા.૨–૩–૨૦૧૩ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶

ઈલોલ (તલાવ) નિવાસી **મર્હૂમા મો.નૂરીબેન જલાલભાઈ બાદરપુરા** મુ.તા. ૧૧, જમા.અવ્વલ–૧૪૩૪, તા.૨૪–૩–૨૦૧૩ને રવિવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶





⟵વાઘરોલ નિવાસી મો.રસૂલભાઈ વલીભાઈ કડીવાલાના મહોરદાર **મર્હૂમા મો.અમીનાબેન** મુ.તા.૧૯, જમા.અવ્વલ–૧૪૩૪, તા.૧–૪–૨૦૧૩ને સોમવારના રોજ ટૂંકી માંદગી બાદ આશરે ૬૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે મિલનસાર હતાં. બીમાર ભાઈ–બહેનોની ખબર અંતર રાખતા હતા. પીરો મુરશિદ અને આલે મોહંમદ પ્રત્યે ખૂબ જ વિશ્વાસ ધરાવતાં હતાં.



⟵બાદરપુર નિવાસી **મર્હૂમા મો.કલીબેન ઈબ્રાહીમભાઈ ઢેખાલીયા** મુ.તા. ૧૫, જમા. અવ્વલ–૧૪૩૪, તા.૨૮–૩–૨૦૧૩ને ગુરૂવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.


## નઝીફ દાંતનું દવાખાનું

**ડો. સાજેદા વી. મોમિન** (બાદરપુર)
ડેન્ટલ સર્જન (BDS)
મોબાઈલ : ૯૯૨૪૮ ૪૫૯૧૪



**દાંત તથા દાંતને લગતી તકલીફોનું નિદાન અને તેની તમામ સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે.**

**::::: સમય :::::**
સવારે ૯-૦૦ થી ૧-૦૦
સાંજે ૪-૦૦ થી ૭-૩૦
રવિવારે ૧૦-૦૦ થી ૧-૦૦ (ફોન કરીને આવવું.)

**::::: સ્થળ :::::**
**ડીવાઈન પ્લાઝા કોમ્પલેક્ષ,**
**બસ સ્ટેશનની સામે, કમાલપુર રોડ,**
**વડનગર, જિ.મહેસાણા.**

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.અમીનાબેન નૂરમહંમદભાઈ આગલોડીયા (રસૂલપુર–ખે.)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૦/- મોલ્વી નૂરમહંમદભાઈ નશીરભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ નૂરમહંમદભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.હા. માસૂમઅલી નૂરમહંમદભાઈ આગલોડીયા
રૂા.૫૦/- મો.હા.સુગરાબેન માસૂમઅલી આગલોડીયા
રૂા.૧૦૦/- મો.હાજરાબેન અબ્બાસભાઈ વાઘમાર
રૂા.૧૦૦/- મો.સુગરાબેન કાસમઅલી પટેલ
રૂા.૫૦/- મો.અલજીભાઈ નશીરભાઈ આગલોડીયા
રૂા.૫૦/- મો.ગુલામભાઈ અલજીભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન રહીમભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો.રસૂલભાઈ નૂરાભાઈ પટેલ
રૂા.૫૦/- મો.અહેસાનઅલી માસૂમઅલી આગલોડીયા
રૂા.૫૦/- મો.કનીઝફાતેમા અહેસાનઅલી આગલોડીયા
રૂા.૫૦/- મો.ઈરફાનહૈદર ઈસ્માઈલભાઈ આગલોડીયા
રૂા.૫૦/- મો.સકીનાબેન માસૂમઅલી આગલોડીયા
રૂા.૫૦/- મો.સાદિકઅલી ઈસ્માઈલભાઈ આગલોડીયા
રૂા.૫૦/- મો.મેઅરાજફાતેમા માસૂમઅલી આગલોડીયા
રૂા.૫૦/- મો.રહીમભાઈ સુલેમાનભાઈ રામસડા
રૂા.૫૦/- મો.જીવુબેન રહીમભાઈ બાલીસણા
રૂા.૫૦/- મો.ઝયનબબેન રહીમભાઈ આગલોડીયા
રૂા.૫૦/- મો.સકીનાબેન અબ્દુલભાઈ ઉમતિયા

રૂા.૧૧૧૦/- મો.મર્હૂમ મહંમદઅલી દાવૂદભાઈ ભોરણીયા (રસૂલપુર–ખે.)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ ગુલામઅલી શરીફભાઈ ડોડીયા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૦/- મો.ફાતેમાબેન ગુલામઅલી ડોડીયા
રૂા.૨૫૦/- મો.અબ્બાસઅલી ગુલામઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ શરીફભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.વલીભાઈ જેથરાભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.નજરઅલી મહંમદઅલી લોઢા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન નજરઅલી લોઢા
રૂા.૧૦૦/- મો.મુસ્તાકઅલી નૂરભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.ઉરીબેન નૂરભાઈ ભૂરા
રૂા.૧૦૦/- મો.મર્હૂમ રહીમબેન યૂસુફભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો.ફિજ્જાબેન હબીબભાઈ દેધરોટીયા
રૂા.૧૦૦/- મો.રહમતબેન શબ્બીરભાઈ દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.નૂરબાઈ અબ્બાસભાઈ લોઢા
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન આબિદઅલી હોલ્ડા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન ગુલામઅબ્બાસ ભૂરા
રૂા.૧૦૦/- મો.ફાતમાબેન ઈબ્રાહીમભાઈ ભટ્ટા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન અબ્બાસઅલી મેમાયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન અબ્બાસઅલી ખાણશીયા
રૂા.૧૦૦/- મો.શીરીનબેન કાઝિમઅલી દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.મદીનાબેન યૂસુફઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો.ઈબ્રાહીમભાઈ દાવૂદભાઈ ડોડીયા
રૂા.૫૦/- મો.હુસૈનાબેન ઈબ્રાહીમભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો.મકબૂલફાતમા મહંમદઅલી લોઢા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન અનવરઅલી હોલ્ડા
રૂા.૧૦૦/- મર્હૂમા ઝોહરાબેન શબ્બીરઅલી મતિયા

રૂા.૨૫૦/- મો.મુસ્તાકઅલી ઈસ્માઈલભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી તમની દીકરી એમ.બી.બી.એસ.માં પાસ થઈ

તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- મો.ગુલામહુસૈન દાવૂદભાઈ હોલ્ડા (ઈલોલ) તરફથી તેમની પુત્રવધુ એમ.બી. બી.એસ.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમા નૂરીબેન જલાલભાઈ બાદરપુરા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.યાકુબભાઈ જલાલભાઈ બાદરપુરા
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ જલાલભાઈ બાદરપુરા
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન જલાલભાઈ બાદરપુરા
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી જલાલભાઈ બાદરપુરા
રૂા.૧૦૦/- મો.મરીયમબેન ગુલામહૈદર ડોડીયા
રૂા.૧૦૦/- મો.રૂકૈયાબેન કાસિમઅલી દાંત્રેલિયા
રૂા.૧૦૦/- મો.ઝોહરાબેન અસ્કરઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન આબિદઅલી બાદરપુરા
રૂા.૧૦૦/- મો.આબેદાબેન ઈમદાદઅલી ડોડીયા
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન નજરઅલી ભૂરા
રૂા.૧૦૦/- મો.હબીબાબેન અહેસાનઅલી હાજી

રૂા.૧૦૦/- મો.મરયમબેન શરીફભાઈ ડોડીયા (મહેરપુરા) તરફથી જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબા તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

**રૂા.૫૦૦૦/- મો.અલીભાઈ શરીફભાઈ ખાણશીયા (વકીલ) (કનાઈ) તરફથી "જાફરી આવાઝ' (માસિક)ના નવીન કાર્યાલયના ઉદ્‌ઘાટનની ખુશાલી પ્રસંગે.**

**મર્હૂમા ઝહરાબેન મીકદાદઅલી ગાંઠીયાની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૩૦૨૧/- મો.મીકદાદઅલી જીવાભાઈ ગાંઠીયા તથા તેમના ભાઈઓ તેમજ સગા સંબંધીઓ તરફથી.

રૂા.૨૦૦૦/- મો.મર્હૂમા ઝહરાબેનના ભાઈઓ, મો.ગુલામઅલી કરીમદભાઈ દાદાવાળા, મો.ગુલામહુસૈન કરીમદભાઈ દાદાવાળા, મો.શબ્બીરઅલી કરીમદભાઈ દાદાવાળા, મો.મીકદાદઅલી કરીમદભાઈ દાદાવાળા તરફથી.

રૂા.૨૦૦૦/- મો.મર્હૂમ અલીમદ રાજેભાઈ ચૌધરી (ભાંગરોડીયા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.હાજી યૂસુફભાઈ હાજી નૂરમહંમદ મુખી (વાઘણા–જુહાપુરા) તરફથી તેમને સહપરિવાર ઉમરા–હજ અને માઅસૂમીન (અ.)ની ઝિયારતો નસીબ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.હસનઅબ્બાસ ગુલામઅબ્બાસ મોમિન (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.), જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા તથા જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.હુસૈનમહંમદ ગુલામઅબ્બાસ મોમિન (વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.), જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા તથા જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

**હાજી રૂસેદઅલી ગુલામઅલી (વસો–લંડન)તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા (રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.ગુલામઅલી હાજી રસૂલભાઈની

રૂહના સવાબ અર્થે.
રૂા.૧૦૦/- મો.ગુલામમહંમદ ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.
રૂા.૧૦૦/- મો.મૈસમઅલી ગુલામઅલીની રૂહના સવાબ અર્થે.
રૂા.૧૦૦/- મો.અલ્લારખીબેન ગુલામઅલીની રૂહના સવાબ અર્થે.
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન ફતેહભાઈની રૂહના સવાબ અર્થે.
રૂા.૧૦૦/- મો.શૌકતઅલી ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.
રૂા.૧૦૦/- મો.એઅજાઝઅલી ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.રસૂલભાઈ વલીભાઈ કડીવાલા (વાઘરોલ)તરફથી મર્હૂમા અમીનાબેન રસૂલભાઈ વલીભાઈ કડીવાલાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા કલીબહેન ઈબ્રાહીમભાઈ ઢેખાલીયા (બાદરપુર)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૫૧/- મો.ઈબ્રાહીમભાઈ મૂસાભાઈ ઢેખાલીયા
રૂા.૧૦૧/- મો.વજીરઅલી ઈબ્રાહીમભાઈ ઢેખાલીયા
રૂા.૧૦૧/- મો.શબ્બીરઅલી ઈબ્રાહીમભાઈ ઢેખાલીયા
રૂા.૧૦૧/- મો.અકબરઅલી ઈબ્રાહીમભાઈ ઢેખાલીયા
રૂા.૧૦૧/- મો.મીકદાદઅલી ઈબ્રાહીમભાઈ ઢેખાલીયા
રૂા.૫૧/- મો.ઝયનબબેન વજીરઅલી ઢેખાલીયા
રૂા.૫૧/- મો.શીરીનબેન શબ્બીરઅલી ઢેખાલીયા
રૂા.૫૧/- મો.હસીનાબેન અકબરઅલી ઢેખાલીયા
રૂા.૫૧/- મો.ફાતમાબેન મીકદાદઅલી ઢેખાલીયા
રૂા.૫૧/- મો.જીવાભાઈ અલેફભાઈ ઢેખાલીયા
રૂા.૫૧/- મો.ગુલામમહંમદ જીવાભાઈ ઢેખાલીયા
રૂા.૫૧/- મો.મીકદાદઅલી જીવાભાઈ ઢેખાલીયા
રૂા.૨૫/- મો.આબિદઅલી વજીરભાઈ ઢેખાલીયા
રૂા.૨૫/- મો.સાકેરાબાનુ આબિદઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.મોહસિનઅલી વજીરઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.આબેદાબાનુ વજીરઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.તાહેરઅલી શબ્બીઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.સિરાજએહમદ શબ્બીરઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.અહેસાનઅલી શબ્બીરઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.ઈમદાદહુસૈન અકબરઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.ઈમદાદઅલી મીકદાદઅલી ઢેખાલીયા
રૂા.૨૫/- મો.હસનઅલી મીકદાદઅલી ઢેખાલીયા
રૂા.૫૧/- મો.સકીનાબેન અબ્બાસભાઈ ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.અબ્બાસભાઈ નશીરભાઈ ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.નજરમહંમદ અબ્બાસભાઈ ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.અહેસાનઅલી અબ્બાસભાઈ ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.મોહસિનઅલી અબ્બાસભાઈ ધાન્ધારીયા
રૂા.૨૫/- મો.જીજીબેન નશીરભાઈ ભાણી
રૂા.૨૫/- મો.શબ્બીરઅલી નશીરભાઈ ભાણી
રૂા.૨૫/- મો.ગુલામઅલી નશીરભાઈ ભાણી
રૂા.૨૫/- મો.અમીનાબેન ઈબ્રાહીમભાઈ કોડાલીયા
રૂા.૨૫/- મો.ગુલામહુસૈન ઈબ્રાહીમભાઈ કોડાલીયા
રૂા.૨૫/- મો.ગુલામહૈદર ઈબ્રાહીમભાઈ કોડાલીયા
રૂા.૨૫/- મો.નૂરીબેન હબીબભાઈ શામલાજી
રૂા.૨૫/- મો.ગુલામઅલી કમાલભાઈ શામલાજી
રૂા.૨૫/- મો.શબ્બીરઅલી કમાલભાઈ શામલાજી
રૂા.૨૫/- મો.કાસિમઅલી કમાલભાઈ શામલાજી
રૂા.૨૫/- મો.આબિદઅલી કમાલભાઈ શામલાજી
રૂા.૨૫/- મો.ઝયનબબેન યૂસુફભાઈ સુરતી
રૂા.૨૫/- મો.યૂસુફભાઈ સુલેમાનભાઈ સુરતી
રૂા.૨૫/- મો.ગુલામઅબ્બાસ યૂસુફભાઈ સુરતી
રૂા.૨૫/- મો.કાસિમઅલી યૂસુફભાઈ સુરતી
રૂા.૨૫/- મો.રસૂલભાઈ વલીભાઈ ઢેખાલીયા
રૂા.૨૫/- મો.હબીબભાઈ વલીભાઈ ઢેખાલીયા
રૂા.૨૫/- મો.મોહંમદસમીર ઈસ્માઈલભાઈ ઢેખાલીયા

રૂા.૨૫/- જનાબા સૈયદા પરવીનફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬ માહે મે–૨૦૧૩ થી તા. ૧૫, માહે જૂન–૨૦૧૩<br>મુ.તા. ૫, રજબ–૧૪૩૪ થી મુ.તા. ૫, શાબાન–૧૪૩૪ |
|---|---|---|---|
| મે | રજબ | – | |
| 16 | ૫ | ગુરૂ | **વિલાદત : હઝરત ઈમામ અલી નકી (અ.)** |
| 18 | ૭ | શનિ | **વિલાદત : હઝરત અબ્બાસ અલમદાર (અ.)** |
| 21 | ૧૦ | મંગળ | **વિલાદત : હઝરત ઈમામ મોહંમદ તકી (અ.) ❈ પીર સૈયદ મોહંમદ** |
| 23 | ૧૨ | ગુરૂ | **નોંધ જુઓ. મુશાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)** |
| 24 | ૧૩ | શુક્ર | **વિલાદત : હઝરત ઈમામ અલી મુર્તઝા (અ.)** ❈ વીંછુડો બેસે : ૫–૪૭ |
| 25 | ૧૪ | શનિ | વીંછુડો ❈ ચંદ્રગ્રહણ (ભારતમાં નહીં દેખાય.) |
| 26 | ૧૫ | રવિ | **ખાના એ કા'બા કિબ્લો નક્કી થયો.** ❈ વીંછુડો ઊતરે સાંજે : ૫–૩૨ |
| 27 | ૧૬ | સોમ | વફાત : જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબા |
| 29 | ૧૮ | બુધ | વફાત : ફરઝંદે રસૂલ હઝરત ઈબ્રાહીમ (અ.) |
| 31 | ૨૦ | શુક્ર | **વિલાદત : જનાબે સકીના બિન્તે ઈમામ હુસૈન (અ.)** |
| જૂન-2 | ૨૨ | રવિ | **નજરે સાદિક (અ.) (કૂંડાં ઈદ)** |
| 4 | ૨૪ | મંગળ | **વિલાદત : જનાબે અલી અસગર (અ.) ❈ ખૈબરનો વિજય** |
| 5 | ૨૫ | બુધ | શહાદત : હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.) |
| 6 | ૨૬ | ગુરૂ | વફાત : હઝરત અબૂતાલિબ (અ.) |
| 7 | ૨૭ | શુક્ર | **ઈદે મેઅરાજ** |
| 9 | ૨૯ | રવિ | ઈમામ હુસૈન (અ.)નું કરબલા તરફ પ્રયાણ |
| 11 | શાબાન- ૧ | મંગળ | **વિલાદત : જનાબે ઝયનબ (અ.)** |
| 13 | ૩ | ગુરૂ | **વિલાદત : હઝરત ઈમામ હુસૈન (અ.) ❈ યૌમે નજાત** |
| 15 | ૫ | શનિ | **વિલાદત : જનાબે અલી અકબર (અ.)** |

**નોંધ : તા.૨૩–૫–૨૦૧૩ મુ.તા.૧૨, રજબ–૧૪૩૪**
**વિલાદત : પીર સૈયદ અલી ખાલિદ (રહે.)**
**વિલાદત : પીર સૈયદ મુસ્તફા (રહે.)**
**વિલાદત : પીર સૈયદ નસીરૂદ્દીન મોહંમદ (રહે.)**
વફાત : પીર સૈયદ હાજી મહેમૂદ (રહે.)

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) મૌલા અલી (અ.)એ લડેલ છેલ્લા જંગનું નામ શું છે ? (૨) કયા કારણે કયામતના દિવસે વ્યક્તિ મોહતાજ અને ફકીર થઈ જાય છે ? (૩) વાકય પૂર્ણ કરો : 'અને શયતાનના પગલે પગલે ન ચાલો...' (૪) કયા જંગમાં જિબ્રઈલ (અ.) ઝુલ્ફિકાર લઈને નાઝિલ થયા હતા ? (૫) હલ્કા ઈર્ફાને અહલેબૈત દ્વારા કયો લેખ ચાલુ કરવામાં આવેલ છે ? તેના પ્રસ્તુતકર્તા મોલ્વી સાહેબનું નામ આપો. (૬) કયા ત્રણ પ્રકારના સંજોગોમાં રાતના ઉજાગરા વાજિબી છે ? (૯) "આ મારો ફરઝંદ છે, તાહિર છે, મારા નફસથી છે..." આ વાકય કોણ કોના માટે બોલે છે ? (૧૦) મેળ, મોહબ્બત પેદા કરવી એ શાનો અડધો ભાગ છે?